# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

એકતા કપૂર ત્રાસવાદી હુમલાઓ પર ધી ટેરર રીપોર્ટ ફિલ્મ બનાવશે...!



પેજ-09

શુભમન ગિલ આઈપીએલ ૨૦૨૬ ઓરેન્જ કેપ જીતવા માટે પ્રબળ દાવેદાર....

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 38.00 | 24.00 |
| વડોદરા | 38.00 | 24.00 |
| સુરત | 37.00 | 26.00 |

પેજ 5





શેરબજારમાં જબરદસ્ત તેજી, સેન્સેક્સમાં 1205 અંકનો ઉછાળો


26 MARCH-2026 THURSDAY


ઉત્તર કોરિયા પરમાણુ શસ્ત્રાગાર સુરક્ષા માટે અનિવાર્ય હોવાનો કિમનો હુંકાર



પેજ 10

**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 75273.45 ▲ | 1205.0 |
| નિફ્ટી | 23306.45 ▲ | 394.05 |
| સોનું | 143901.00 ▲ | 4989.0 |
| ચાંદી | 234440.0 ▲ | 10499.0 |


વર્ષ-15 । અંક-133 । વિક્રમ સંવત-2082 । ચૈત્ર સુદ - 08 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### ૨૦૦ નવા હેલીપેડ સાથે ઉડાન યોજનાનો વિસ્તાર : 30,૬૪૦ કરોડના મેગા પ્રોજેક્ટ્સને લીલીઝંડી

# દેશમાં ૧૦૦ નવા એરપોર્ટ બનાવવાની મંજૂરી



- ઈમિગ્રેશન અને વિઝા સિસ્ટમ થશે હાઇ-ટેક
- પેરિસ કરાર હેઠળ NDC નીતિને ઔપચારિક મંજૂરી
- ઉડ્ડયન માળખું અને ઈમિગ્રેશન આધુનિકીકરણ: ભારત સરકારનું ભવિષ્યલક્ષી કદમ

**૧૦૦ નવા એરપોર્ટ અને ૨૦૦ હેલીપેડનું નિર્માણ**

કેબિનેટના સૌથી મહત્વના નિર્ણય મુજબ, 'મોડિફાઈડ ઉડાન યોજના' માટે ૨૮,૮૪૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત ટિયર-૨ અને ટિયર-૩ શહેરોમાં હવાઈ સંપર્ક સુધારવા માટે દેશભરમાં ૧૦૦ નવા એરપોર્ટ અને ૨૦૦ હેલીપેડ વિકસાવવામાં આવશે. આનાથી અંતરિયાળ વિસ્તારોમાં રહેતા લોકો માટે હવાઈ મુસાફરી માત્ર સ્વપ્ન નહીં પણ વાસ્તવિકતા બનશે.

**IVFRT 3.0: ઈમિગ્રેશન સેવાઓ થશે વધુ સુરક્ષિત**

સરકારે 'ઈમિગ્રેશન, વિઝા, ફોરેનર્સ રજીસ્ટ્રેશન એન્ડ ટ્રેકિંગ' (IVFRT 3.0) યોજનાને ૧ એપ્રિલ ૨૦૨૬ થી ૩૧ માર્ચ ૨૦૩૧ સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે. ૧,૮૦૦ કરોડ રૂપિયાના બજેટ સાથે આ સિસ્ટમ હવે સંપૂર્ણપણે ડિજિટલ અને હાઇ-ટેક બનશે. આ આધુનિકીકરણથી વિદેશી મુસાફરો માટે ભારત આવવાની પ્રક્રિયા સરળ થશે.

**પર્યાવરણ સુરક્ષા માટે NDC ને મંજૂરી**

વૈશ્વિક સ્તરે પર્યાવરણના રક્ષણ માટે ભારતે પેરિસ કરાર હેઠળ પોતાના 'નેશનલી ડિટરમાઈન્ડ કોન્ટ્રીબ્યુશન' (NDC) ને ઔપચારિક મંજૂરી આપી દીધી છે. ગ્રીન એનર્જીના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે કાયદેસર રીતે પ્રતિબદ્ધ બન્યું છે. આનાથી ભવિષ્યમાં ભારતીય ઉદ્યોગો અને કોર્પોરેટ જગત માટે ટકાઉ વિકાસની નવી દિશાઓ ખુલશે.

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

ભારત સરકારે દેશના ઉડ્ડયન ક્ષેત્ર, રાષ્ટ્રીય સુરક્ષા અને પર્યાવરણીય પ્રતિબદ્ધતાઓને મજબૂત કરવા માટે ત્રણ ઐતિહાસિક નિર્ણયો લીધા છે. કેન્દ્રીય કેબિનેટે કુલ ૩૦,૬૪૦ કરોડ રૂપિયાના વિવિધ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય સામાન્ય નાગરિકો માટે હવાઈ મુસાફરી સરળ બનાવવી અને ઈમિગ્રેશન પ્રક્રિયાને વધુ સુરક્ષિત તેમજ હાઇ-ટેક બનાવવાનો છે.આ નિર્ણયોથી ૨૦૨૬ ના વર્ષમાં ભારતીય માળખાગત સુવિધાઓમાં મોટો બદલાવ જોવા મળશે. ૧૦૦ નવા એરપોર્ટ બનવાથી રોજગારીની નવી તકો ઉભી થશે અને પ્રવાસન ક્ષેત્રને મોટો ફાયદો થશે. બીજી તરફ, હાઇ-ટેક વિઝા સિસ્ટમથી ભારતની આંતરરાષ્ટ્રીય છબી વધુ સુધરશે. મધ્યમ વર્ગના પરિવારો હવે સસ્તા દરે અને વધુ સ્થળોએથી વિમાન સેવાઓનો લાભ લઈ શકશે.

**પર્યાવરણ પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતા**

કેબિનેટે ૨૦૨૫ થી ૨૦૩૫ સુધીના નવા પર્યાવરણીય લક્ષ્યાંકોને પણ મંજૂરી આપી છે. પ્રદૂષણ ઘટાડવા અને પ્રકૃતિના રક્ષણ માટે નક્કી કરાયેલા આ લક્ષ્યાંકો ભારતને ગ્રીન એનર્જી ક્ષેત્રે વૈશ્વિક સ્તરે અગ્રેસર બનાવશે. ૨૦૨૬ ના આ નિર્ણયોથી દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુરક્ષા માળખામાં ક્રાંતિકારી ફેરફાર આવશે.

**દુર્ગમ વિસ્તારો માટે ૨૦૦ હેલિપેડ**

પર્વતીય પ્રદેશો, ઉત્તર-પૂર્વીય રાજ્યો અને ટાપુઓ જ્યાં રસ્તા બનાવવાનું મુશ્કેલ છે, ત્યાં હેલિકોપ્ટર પરિવહનનું મુખ્ય માધ્યમ બનશે. સરકાર ૩,૬૬૧ કરોડ રૂપિયાના ખર્ચે ૨૦૦ નવા હેલિપેડ તૈયાર કરશે. આ ઉપરાંત, 'મેક ઈન ઈન્ડિયા' ને પ્રોત્સાહન આપવા માટે ભારતીય બનાવટના વિમાનો ખરીદવા માટે ૪૦૦ કરોડ રૂપિયાનું અલગ બજેટ ફાળવવામાં આવ્યું છે.

**ચેલેન્જ મોડમાં બનશે એરપોર્ટ્સ**

આ યોજનાની ખાસિયત એ છે કે નવા ૧૦૦ એરપોર્ટ્સ 'ચેલેન્જ મોડ' માં બનાવવામાં આવશે. આનો અર્થ એ કે જે રાજ્યો કે શહેરો જમીન, સુરક્ષા અને જરૂરી સંસાધનો ઝડપથી પૂરા પાડશે, તેમને એરપોર્ટ નિર્માણમાં પ્રાથમિકતા આપવામાં આવશે. એક એરપોર્ટ બનાવવા પાછળ સરેરાશ ૧૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે, જેના માટે સરકારે ૧૨,૧૫૯ કરોડ રૂપિયાનું પ્રારંભિક બજેટ ફાળવ્યું છે.

## ECએ કહ્યું- બંગાળની મતદાર યાદીમાં ડિસ્પ્લે એરર સુધારાઈ

### ગઈકાલે તમામ મતદારોના નામ ચકાસણી હેઠળ બતાવ્યા હતા; TMCએ કહ્યું હતું- શું દરેક શંકાના દાયરામાં

(એજન્સી) નવી દિલ્હી । તા. 25



ચૂંટણી પંચે બુધવારે પશ્ચિમ બંગાળની મતદાર યાદીમાં ટેકનિકલ ખામી હોવાનું સ્વીકાર્યું. ડિસ્પ્લે એરરને કારણે મતદારોના નામ ચકાસણી હેઠળ દેખાઈ રહ્યા હતા. ચૂંટણી પંચના અધિકારીઓએ જણાવ્યું હતું કે ટેકનિકલ ટીમે લગભગ બે કલાકમાં સમસ્યાનું નિરાકરણ લાવી દીધું છે. કમિશન આ મુદ્દાની તપાસ કરી રહ્યું છે. ખરેખરમાં, મંગળવારે સાંજે જ્યારે બંગાળમાં ઘણા લોકોએ તેમના વોટર સ્ટેટસ (તેમના EPIC નંબરથી) તપાસ્યા, ત્યારે તેમને તેમના નામની બાજુમાં 'તપાસ હેઠળ' લખેલું દેખાયું. આ એવા લોકો સાથે પણ બન્યું જેમના નામ પહેલાથી જ ફાઈનલ મતદાર યાદીમાં સામેલ હતા.શાસક ટીએમસી પાર્ટીએ આ અંગે સાવલ ઉઠાવતા કહ્યું કે એવું લાગે છે કે બધા મતદાતાઓ શંકાના દાયરામાં છે.

**ટીએમસીના સવાલ અને પંચનું સમાધાન**

મંગળવારે સાંજે જ્યારે અનેક મતદારોએ પોતાના EPIC નંબર દ્વારા સ્ટેટસ ચેક કર્યું ત્યારે ફાઈનલ લિસ્ટમાં નામ હોવા છતાં આ ક્ષતિ જોવા મળી હતી. શાસક પક્ષ ટીએમસીએ આ મુદ્દે આકરા સવાલો ઉઠાવતા કહ્યું હતું કે શું તમામ મતદારો હવે શંકાના દાયરામાં છે? જોકે, ચૂંટણી પંચના અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે ટેકનિકલ ટીમે બે કલાકમાં જ આ સમસ્યાનું નિરાકરણ લાવી દીધું છે અને આ માત્ર સોફ્ટવેરની ખામી હતી.

### કોંગ્રેસે સંસદમાં ચર્ચાની માગ કરી

## પશ્ચિમ એશિયાની સ્થિતિ પર રિજિજુએ કહ્યું- વિપક્ષ સરકારની સાથે

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

ઈરાન-ઈઝરાયલ યુદ્ધ વચ્ચે સરકારે બુધવારે તમામ પક્ષોના નેતાઓ સાથે બેઠક કરી. આ બેઠકની અધ્યક્ષતા રક્ષામંત્રી રાજનાથ સિંહે કરી. બેઠકમાં મિડલ ઈસ્ટની પરિસ્થિતિઓ અને દેશમાં ગેસ-ઓઈલની ઉપલબ્ધતા અંગે સરકારે વિપક્ષના સવાલોના જવાબ આપ્યા.બેઠક બાદ કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે વિપક્ષે કહ્યું છે કે તે સરકારની સાથે છે. જ્યારે બેઠકમાંથી બહાર નીકળેલા કોંગ્રેસ નેતા તારિક અનવરે સર્વપક્ષીય બેઠકને અસંતોષકારક ગણાવી છે. તેમણે કહ્યું કે વિપક્ષની મુખ્ય માગ છે કે પશ્ચિમ એશિયાની સ્થિતિ પર લોકસભા અને રાજ્યસભામાં વિસ્તૃત ચર્ચા કરાવવામાં આવે.



**સંકટમાં એકજૂટ રહેવાની સરકારની અપીલ**

કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે આજની સર્વપક્ષીય બેઠકમાં સરકારે તમામ સવાલોના જવાબ આપ્યા છે અને સંપૂર્ણ વિગતવાર માહિતી પૂરી પાડી છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ બેઠક બાદ વિપક્ષ પણ આ સંકટના સમયે એકજૂટ થઈને દેશની સાથે ઉભો રહેશે.

## ઘરની નજીક ગેસની લાઈન હશે તો કનેક્શન લેવું જ પડશે

### કંપની 3 મહિનાની નોટિસ આપશે, જો કનેક્શન નહીં લો તો ગેસ સિલિન્ડર મળવાનું પણ બંધ થશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

જો તમારા ઘરની નજીક ગેસ પાઈપલાઈન આવી ગઈ છે અને તમે PNG કનેક્શન લીધું નથી, તો આગામી 3 મહિનામાં તમારા ઘરે આવતો LPG સિલિન્ડર બંધ કરી દેવામાં આવશે. મિડલ-ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધ અને ગેસની અછતને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે 'નેચરલ ગેસ અને પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ ડિસ્ટ્રિબ્યુશન ઓર્ડર 2026' લાગુ કર્યો છે.

આ અંતર્ગત હવે પાઈપવાળી ગેસ (PNG) નું કનેક્શન લેવું ફરજિયાત રહેશે. જોકે, આ માટે પહેલા નોટિસ આપવામાં આવશે.

### ભાવમાં પણ કોઈ વધારો થયો નથી, ગભરાઈને જરૂરિયાત કરતાં વધુ ખરીદવાનું ટાળો

# સરકારે કહ્યું- દેશમાં પેટ્રોલ-ડીઝલની અછત નથી





**સરકારે કહ્યું- ડિસ્ટ્રીબ્યુટર પાસે LPGની કોઈ અછત નથી**

પેટ્રોલિયમ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ વધુમાં જણાવ્યું હતું કે- છેલ્લા 25 દિવસમાં લગભગ 2.5 લાખ નવા PNG કનેક્શન આપવામાં આવ્યા છે. આ ઉપરાંત, લગભગ 2.20 લાખ ગ્રાહકો LPG માંથી PNGમાં શિફ્ટ થયા છે. તેમજ લગભગ 2.5 લાખ નવી અરજીઓ અથવા રજીસ્ટ્રેશન પણ પ્રાપ્ત થયા છે.

**હોર્મુઝ ફારસની ખાડીથી અરબી સમુદ્રને જોડતો જળમાર્ગ**

સ્ટ્રેટ ઓફ હોર્મુઝ લગભગ 167 કિમી લાંબો જળમાર્ગ છે, જે ફારસની ખાડીને અરબી સમુદ્ર સાથે જોડે છે. ઈરાન યુદ્ધના કારણે આ રૂટ હવે સુરક્ષિત રહ્યો નથી. ખતરાને જોતા કોઈ પણ તેલ ટેન્કર ત્યાંથી પસાર થઈ રહ્યું નથી.દુનિયાના કુલ પેટ્રોલિયમનો 20% હિસ્સો અહીંથી પસાર થાય છે. સાઉદી અરેબિયા, ઈરાક અને કુવૈત જેવા દેશો પણ તેમની નિકાસ માટે આના પર નિર્ભર છે.

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

કેન્દ્ર સરકારે બુધવારે જણાવ્યું હતું કે અમારી પાસે ક્રૂડ ઓઈલનો પૂરતો ભંડાર ઉપલબ્ધ છે. દેશમાં કોઈપણ પેટ્રોલ પંપ પર પેટ્રોલ અને ડીઝલની કોઈ અછત નથી. પેટ્રોલ પંપોને સપ્લાય કરતા ટર્મિનલો પર પણ પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે.

દિલ્હીમાં આંતર-મંત્રાલય બ્રીફિંગ દરમિયાન પેટ્રોલિયમ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ લોકોને ડર અને ગભરાટમાં પેટ્રોલ-ડીઝલની ખરીદી કરવાનું ટાળવા અપીલ કરી હતી. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ વધારો થયો નથી.

સુજાતા શર્માએ કહ્યું- ગભરાટભરી ખરીદીને કારણે છેલ્લા બે દિવસમાં ઘણી જગ્યાએ પેટ્રોલ પંપો અને રિટેલ આઉટલેટ્સની બહાર લાંબી કતારો જોવા મળી છે. અમે જણાવવા માંગીએ છીએ કે દેશમાં ક્રૂડ ઓઈલનો પૂરતો સ્ટોક છે. અમારી પાસે વાર્ષિક આશરે 26 કરોડ ટન ક્રૂડ ઓઈલ રિફાઈન કરવાની ક્ષમતા છે.

ઈરાન સાથે ઈઝરાયલ અને અમેરિકાના યુદ્ધનો આજે 26મો દિવસ છે. યુદ્ધને કારણે સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી તેલ અને ગેસ સપ્લાય પ્રભાવિત છે. ભારત તેની જરૂરિયાતનું 50% ક્રૂડ ઓઈલ અને 54% LNG આ જ માર્ગેથી મંગાવે છે.

### હાઈકોર્ટે કહ્યું- ચાર્જશીટ દાખલ ન થાય ત્યાં સુધી ધરપકડ નહીં;

# શંકરાચાર્યને બાળકોના યૌન શોષણ કેસમાં જામીન

(એજન્સી) પ્રયાગરાજ । તા. 25

શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીની જામીન અરજી બુધવારે અલ્હાબાદ હાઈકોર્ટે મંજૂર કરી લીધી. કોર્ટે કહ્યું કે ચાર્જશીટ દાખલ ન થાય ત્યાં સુધી શંકરાચાર્યની ધરપકડ નહીં થાય. આ નિર્ણય હાઈકોર્ટના જસ્ટિસ જિતેન્દ્ર કુમાર સિંહાની બેન્ચે બપોર પછી 3.45 વાગ્યે સંભળાવ્યો.અલ્હાબાદ હાઈકોર્ટે શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદને જામીન આપતી વખતે ઘણી શરતો પણ મૂકી છે.



અવિમુક્તેશ્વરાનંદને ઈન્ટરવ્યુ આપવાની મનાઈ

**શંકરાચાર્યનો હુંકાર: "સત્ય માટે નાર્કો ટેસ્ટ પણ મંજૂર"**

હાઈકોર્ટના નિર્ણય બાદ સ્વામી અવિમુક્તેશ્વરાનંદે કાશીમાં મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે, 'સત્યને સામે લાવવા માટે નાર્કો ટેસ્ટ સહિતની જે પણ તપાસ કરવી હોય તે માટે હું તૈયાર છું. અમે તમામ પુરાવા કોર્ટ સમક્ષ રજૂ કરીશું.' તેમણે વધુમાં ઉમેર્યું હતું કે જો હાઈકોર્ટનો નિર્ણય પક્ષમાં નહીં આવે તો તેઓ ન્યાય માટે સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવતા પણ ખચકાશે નહીં.

## કર્ણાટકમાં પોલિસી- બાળકોનો સ્ક્રીન ટાઈમ 1 કલાક રહે

### સાંજે 7 વાગ્યા પછી ઈન્ટરનેટ બંધ; 9-12મા ધોરણના વિદ્યાર્થીઓ માટે ડ્રાફ્ટ જાહેર

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

કર્ણાટક સરકારે 9માથી 12મા ધોરણના વિદ્યાર્થીઓના ડિજિટલ ઉપયોગ અંગે મંગળવારે ડ્રાફ્ટ પોલિસી જાહેર કરી છે. તેમાં ભલામણ કરવામાં આવી છે કે અભ્યાસ સિવાય મનોરંજન માટે સ્ક્રીન ટાઈમ દરરોજ 1 કલાક નક્કી કરવામાં આવે. સાંજે 7 વાગ્યા પછી ઈન્ટરનેટ બંધ કરવાની પણ ભલામણ કરવામાં આવી છે.ડ્રાફ્ટમાં કહેવામાં આવ્યું છે કે વિદ્યાર્થીઓને સૂતા પહેલા એક કલાક સ્ક્રીનથી દૂર રાખવામાં આવે. મોબાઈલ માટે 'ચાઈલ્ડ પ્લાન' સૂચવવામાં આવ્યો છે, જેમાં ઓડિયો-ઓન્લી વિકલ્પ અને નિર્ધારિત સમય પછી ઈન્ટરનેટ બંધ કરવાની વ્યવસ્થા હશે.

**ઘણા સંસ્થાઓ સાથે મળીને તૈયાર કરાયેલો ડ્રાફ્ટ**

આ નીતિ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે કર્ણાટક સ્ટેટ મેન્ટલ હેલ્થ ઓથોરિટી, નિમહાંસ અને શિક્ષણ વિભાગે મળીને તૈયાર કરી છે. આ પ્રસ્તાવ મુખ્યમંત્રી સિદ્ધારમૈયા દ્વારા 6 માર્ચે જાહેર કરાયેલા બજેટમાં 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકોના સોશિયલ મીડિયાના ઉપયોગ પર કડકાઈના એલાનથી અલગ છે.25% કિશોરોમાં ઈન્ટરનેટની લત છે, જેના કારણે ઊંઘનો અભાવ, ચિંતા અને ધ્યાન ભટકવા જેવી સમસ્યાઓ થઈ રહી છે.

### 28 માર્ચ સુધીનો સમય; દાવો- પાર્ટી એસ્ટેટ વિભાગ સામે કોર્ટ જશે

## કોંગ્રેસને નોટિસ- અકબર રોડ-રાયસીના હિલની ઓફિસો ખાલી કરો

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

કોંગ્રેસ પાર્ટીએ 24 અકબર રોડ પરની ઓફિસ 28 માર્ચ સુધીમાં ખાલી કરવી પડશે. એસ્ટેટ વિભાગે પાર્ટીને નોટિસ આપી છે. ન્યૂઝ એજન્સી ANIએ કોંગ્રેસના સૂત્રોને ટાંકીને જણાવ્યું છે કે ઓફિસ ખાલી કરવા માટે 3 દિવસનો સમય આપવામાં આવ્યો છે.જોકે, આ ઓફિસ પહેલાથી જ અહીંથી ઈન્દિરા ભવનમાં શિફ્ટ થઈ ગઈ છે. પાર્ટી આ બંગલાનો રહેણાંક હેતુ માટે ઉપયોગ કરી રહી છે. બીજી તરફ, એસ્ટેટ વિભાગ કોંગ્રેસના 5 રાયસીના હિલ્સ રોડ ખાતે ઈન્ડિયન યુથ કોંગ્રેસ (આઈવાયસી)ના કાર્યાલય માટે પણ એક અન્ય નોટિસ જારી કરી છે.





**બર્મા હાઉસ બન્યું કોંગ્રેસનું લકી ચાર્મ**

70ના દાયકામાં કોંગ્રેસની ઓફિસ ડો. રાજેન્દ્ર પ્રસાદ રોડ પર હતી. તેનું સરનામું 3, રાયસીના રોડ હતું. તેની બરાબર સામે 6, રાયસીના રોડ પર અટલ બિહારી વાજપેયી રહેતા હતા.1978માં કોંગ્રેસમાં ભંગાણ પડ્યા પછી, ઓફિસ પાર્ટીના સાંસદ જી. વેંકટસ્વામીને ફાળવવામાં આવેલા બંગલા 24, અકબર રોડમાં ખસેડવામાં આવી હતી. ત્યારથી અત્યાર સુધી આ કોંગ્રેસ મુખ્યાલયનું સરનામું રહ્યું છે.આ ઉપરાંત, તે ઈન્ટેલિજન્સ બ્યુરો (IB) ની પોલિટિકલ સર્વેલન્સ વિંગની ઓફિસ પણ રહી હતી.

## આર્થિક બોજનું કારણ આપીને વળતર છીનવી શકાય નહીં

### આ બંધારણીય અધિકાર, જમીન સંપાદન કેસમાં નેશનલ હાઈવે ઓથોરિટીની અરજી ફગાવી

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

સુપ્રીમ કોર્ટે બુધવારે 2019 પહેલા થયેલા જમીન સંપાદનના કેસોમાં સોલાટિયમ અને વ્યાજ આપવા સંબંધિત તેના નિર્ણય પર નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)ની પુનર્વિચાર અરજી ફગાવી દીધી છે. તેનાથી ખેડૂતો અને જમીન માલિકોને રાહત મળી છે.ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ ઉજ્જલ ભુઈયાંની બેન્ચે જણાવ્યું હતું કે જમીન સંપાદનના કેસોમાં યોગ્ય વળતર મળવું એ બંધારણીય અધિકાર છે.



### જ્યારે આ માટે સજા થવા લાગશે, ત્યારે વિચાર કરીશું; સુપ્રીમ કોર્ટ : અરજી ફગાવી

# જાહેર કાર્યક્રમોમાં વંદેમાતરમ ફરજિયાત નથી

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

સુપ્રીમ કોર્ટે બુધવારે રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ' ગાવા અંગે ગૃહ મંત્રાલયના પરિપત્ર વિરુદ્ધ દાખલ કરાયેલી અરજી ફગાવી દીધી. કોર્ટે કહ્યું કે સાર્વજનિક સ્થળો અને જાહેર કાર્યક્રમો માટે જાહેર કરાયેલ આ નિર્દેશ ફરજિયાત નથી. પરિપત્રને પડકારતી અરજી સમય પહેલા દાખલ કરવામાં આવી છે.આ મામલો CJI જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વિપુલ એમ પંચોલીની બેન્ચ સમક્ષ હતો. બેન્ચે કહ્યું કે ગૃહ મંત્રાલયની એડવાઈઝરીમાં 'વંદે માતરમ' ન ગાવા પર કોઈપણ પ્રકારની સજાની જોગવાઈ નથી.બેન્ચે કહ્યું- આ દિશા નિર્દેશો ફક્ત એક પ્રોટોકોલ છે અને તેનું પાલન કરવું ફરજિયાત નથી. જ્યારે અરજદાર વિરુદ્ધ દંડાત્મક કાર્યવાહી થશે અથવા તેના માટે ગીત ગાવું ફરજિયાત કરવામાં આવશે, ત્યારે અમે આ બધી બાબતો પર ધ્યાન આપીશું.અરજદારનો દાવો- સલાહ આપવાના બહાને સાથે ગાવા મજબૂર કરવામાં આવશે.



## બળાત્કાર પીડિત બાળકીને પોલીસ સ્ટેશને બોલાવવા પર સુપ્રીમ કોર્ટ નારાજ

### ગુરુગ્રામ પોલીસને કહ્યું- આ આઘાતજનક છે, પોલીસ પીડિતાના ઘરે કેમ ન જઈ શકે, રાજા છો?

(એજન્સી) ગુરુગ્રામ । તા. 25

સુપ્રીમ કોર્ટે ત્રણ વર્ષની બાળકી પર બળાત્કારના કેસમાં અસંવેદનશીલ વલણ દાખવવા બદલ હરિયાણા પોલીસ અને બાળ કલ્યાણ સમિતિને સખત ઠપકો આપ્યો. સુપ્રીમ કોર્ટે કહ્યું કે હરિયાણા પોલીસે પીડિતાને મળવાને બદલે તેને પોલીસ સ્ટેશન બોલાવવી શરમજનક છે.કોર્ટે ટિપ્પણી કરતા કહ્યું- પોલીસ અધિકારીઓને જુઓ, તેમની સ્થિતિ જુઓ. પોલીસ સ્ટેશનમાં DCP, ASP હોય છે. જો આ ગુનામાં તમારી આ જ સમજ છે તો પછી કાયદો કોને કહેશો? આ આઘાતજનક છે પોલીસ પીડિતાના ઘરે કેમ ન જઈ શકે? શું તમે રાજા છો?સુપ્રીમ કોર્ટે કેસની તપાસ માટે હરિયાણા કેડરની મહિલા IPS અધિકારીઓ સહિત ત્રણ સભ્યોની સમિતિની રચના કરી છે. સાથે જ હરિયાણા સરકારને વિશેષ તપાસ ટીમ (SIT) ગઠિત કરવાનો નિર્દેશ આપ્યો છે.

## લગ્ન કાયદો રદ કરવો કે સુધારવો? સરકાર પોતાની જ વાતમાં ગૂંચવાઈ ગઈ

# ખેડૂતોને દિવસે વીજળી નથી અને સરકાર સમાન કાયદાની વાત કરે છે : ગોપાલ ઇટાલિયા

અમદાવાદ/જૂનાગઢ/ગુજરાત ગાંધીનગરમાં મીડિયાને સંબોધતા આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાએ જણાવ્યું હતું કે યુસીસી બિલ ઉપર મેં વિધાનસભાના ગૃહમાં મારા વિચારો રજૂ કરતાં કહ્યું કે એક સમય એવો હતો જ્યારે ન તો જમીન જેવી વ્યવસ્થાઓ હતી અને ન તો આજ જેવી સંવિધાનિક પ્રણાલીઓ હતી. તે સમયમાં સમાજ નાના-નાના જૂથોમાં વહેંચાયેલો હતો, જેમ કે કબીલા, અને દરેક કબીલાની પોતાની પરંપરાઓ, પદ્ધતિઓ અને રૂઢિઓ હતી. લોકો પોતાના નિયમો મુજબ લગ્ન, છૂટાછેડા અને પરિવાર વ્યવસ્થા ચલાવતા હતા. સમય જતાં સમાજ વિકાસ પામ્યો અને છેલ્લા હજારો વર્ષોમાં પ્રગતિ કરીને આજના આધુનિક સંવિધાન સુધી પહોંચ્યો

ત્યારબાદ રાજ્ય અને સરકાર દ્વારા કાયદા અને નિયમો બનાવવામાં આવ્યા કે લોકો ક્યાં, કેવી રીતે અને ક્યારે લગ્ન કરશે અને અન્ય સામાજિક બાબતો કેવી રીતે સંચાલિત થશે. મેં વિધાનસભામાં કહ્યું કે જો આપણે સંવિધાનના આર્ટિકલ 44નો હવાલો આપી યુસીસી લાવવા માંગીએ છીએ, તો સાથે સાથે આર્ટિકલ 46નું પણ ધ્યાન રાખવું જોઈએ, જેમાં તમામ બાળકોને સમાન શિક્ષણ અને પછાત વર્ગોના કલ્યાણની વાત કરવામાં આવી છે. પરંતુ સરકારનું ધ્યાન આ મુદ્દાઓ પર ઓછું છે. ગરીબ અને પછાત વર્ગના બાળકો ક્યાં ભણે અને તેમની શિક્ષણ વ્યવસ્થા કેવી રીતે સુધરે તે અંગે પૂરતી ચિંતા દેખાતી નથી.

આ ઉપરાંત, આર્ટિકલ 43માં મજૂરોના કલ્યાણ માટે વ્યવસ્થા કરવાની વાત કરવામાં આવી છે. ગુજરાતમાં મોટા પ્રમાણમાં આદિવાસી અને મજૂર વર્ગના લોકો ખેતી અને ઉદ્યોગમાં કામ કરે છે, પરંતુ તેમના જીવનમાં સમાનતા અને સુધારો લાવવા માટે પૂરતા પગલાં લેવાતા નથી. યુસીસી કાયદામાં પણ કેટલીક ગૂંચવણો છે. કાયદામાં લખ્યું છે કે આદિવાસી સમાજને યુસીસી લાગુ નહીં પડે, પરંતુ જો આદિવાસી વ્યક્તિ નોન-આદિવાસી સાથે લગ્ન કરે તો કયો કાયદો લાગુ પડશે તે સ્પષ્ટ નથી. એક વ્યક્તિ પર કાયદો લાગુ પડે અને બીજા પર નહીં પડે, તો આવી સ્થિતિમાં નિયમો કેવી રીતે લાગુ કરવાના તે અંગે સરકાર સ્પષ્ટતા કરતી નથી.

તે ઉપરાંત, કાયદામાં 60 દિવસમાં લગ્નની નોંધણી ફરજિયાત કરવાની વાત છે. પરંતુ ગુજરાતમાં ઘણા ભટકતા અને વિમુક્ત જાતિના લોકો છે, જેમની પાસે કાયમી સરનામું નથી.

આવા લોકો માટે આ નિયમ કેવી રીતે લાગુ પડશે તે પણ પ્રશ્ન છે. આ ઉપરાંત, સરકારે બહુ પત્ની રાખવા પર પ્રતિબંધ મૂકવાની વાત કરી છે, પરંતુ હાલની મોંઘવારી અને બેરોજગારીની સ્થિતિમાં એક પરિવાર ચલાવવો પણ મુશ્કેલ બની ગયો છે. યુવાનોને નોકરી મળતી નથી, લાખો લોકો નોકરી માટે ફોર્મ ભરે છે. આવી પરિસ્થિતિમાં આવા કાયદાઓ લાવવાની જગ્યાએ રોજગાર અને શિક્ષણ પર વધુ ધ્યાન આપવું જોઈએ.



આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાએ વધુમાં જણાવ્યું હતું કે દેશમાં એવો કોઈ માણસ નહીં હોય જેને મહાભારતની કથા સાંભળેલી ન હોય. મહાભારતમાં કર્ણનું પાત્ર છે. તેનો જન્મ માતા કુંતિના ગર્ભેથી થયો હતો. કુંતિ અને સૂર્યદેવના પુત્ર તરીકે કર્ણને માનવામાં આવ્યો. મહાભારતમાં પાંડવો શાસક સ્થિતિમાં હતા, છતાં કર્ણને તેનું યોગ્ય સ્થાન મળ્યું નહીં. શું કારણ? કારણ કે સમાજે તેને ગેરકાયદેસર જન્મનો ગણાવ્યો અને તેને સ્વીકાર્યો નહીં. હવે ગુજરાતની વિધાનસભામાં ભાજપ સરકાર એક બિલ લઈને આવી છે કે એક છોકરો અને એક છોકરી લગ્ન કર્યા વગર લીવ-ઈન રિલેશનશિપમાં રહી શકે છે અને તેને નોંધણી પણ કરાવી શકે છે. લીવ-ઈન રિલેશનશિપ એટલે કે એવો સંબંધ જેમાં કોઈ જવાબદારી નહીં, કોઈ બંધન નહીં–જ્યાં સુધી ફાવે ત્યાં સુધી રહેવું અને પછી અલગ થઈ.

## પૈસા સરકારના, પોલીસ સરકારની, પણ કંટ્રોલ કંપનીનો : ગોપાલ ઇટાલિયા

અમદાવાદ: ગાંધીનગર વિધાનસભામાં થયેલ પ્રશ્નોતરી મામલે મીડિયાને સંબોધતા આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાએ જણાવ્યું હતું કે આજે વિધાનસભા સત્રના છેલ્લા દિવસે એક અત્યંત ગંભીર માહિતી સામે આવી છે. વિધાનસભાના માધ્યમથી મેં ગુજરાતના ગૃહમંત્રીને પ્રશ્ન પૂછ્યો હતો, જે કાયદો-વ્યવસ્થા અને ગુપ્ત બાબતો સાથે સંકળાયેલો મહત્વનો મુદ્દો છે. પોલીસને 112 નંબર ઉપર આવતા તમામ ફોન અત્યંત મહત્વના હોય છે, જેમાં ક્રાઈમ, સાઈબર ક્રાઈમ, આંતરરાષ્ટ્રીય ધમકીઓ તેમજ સરહદી વિસ્તારો સાથે સંબંધિત માહિતીનો સમાવેશ થાય છે. આવા તમામ સંવેદનશીલ અને રાજ્યની સુરક્ષા સાથે જોડાયેલા કોલ ગુપ્ત રહેવા જરૂરી છે. પરંતુ હાલની પરિસ્થિતિ એવી છે કે સમગ્ર સિસ્ટમ પ્રાઈવેટ કંપનીને સોંપવામાં આવી છે. 112 પર આવતો ફોન પહેલા પ્રાઈવેટ કંપનીના કોલ સેન્ટરમાં જાય છે, ત્યારબાદ કંપનીના કર્મચારીઓ દ્વારા આગળ મોકલવામાં આવે છે અને પછી પોલીસ સુધી પહોંચે છે. તેમણે જણાવ્યું કે આ સ્થિતિ દર્શાવે છે કે પોલીસ પ્રણાલીનું પ્રાઈવેટાઈઝેશન થઈ રહ્યું છે. અગાઉ પણ વિધાનસભામાં જાણકારી મળી હતી કે પોલીસ ભાડે આપવામાં આવે છે અને હવે પોલીસની ગાડીઓ પણ પ્રાઈવેટ કંપનીને સોંપવામાં આવી છે. આ કંપનીને સરકારે 4 કરોડ 63 લાખ 34 હજાર 883 રૂપિયાનું ભાડું ચૂકવ્યું છે. પૈસા સરકારના, પોલીસ સરકારની અને કામગીરી પ્રાઈવેટ કંપની દ્વારા આવી વિસંગતનુ મ ા ળ ખુ ? વધુમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઇટાલીયાએ જણાવ્યું હતું કે 112ની ગાડીઓને ફિક્સ લોકેશન પર રાખવામાં આવે છે અને કાગળ ઉપર એવું દર્શાવવામાં આવે છે કે દસ મિનિટમાં સેવા ઉપલબ્ધ થશે. પરંતુ વાસ્તવમાં પોલીસ સ્ટાફનો સમય બગડે છે અને પોલીસ સ્ટેશનોમાં વાહનોની અછત ઉભી થઈ છે. અત્યાર સુધી 100 નંબર પર કોલ કરતા તે સીધા સરકારી કંટ્રોલ રૂમમાં જતા હતા, જ્યાં સરકારી કર્મચારીઓ દ્વારા જવાબ આપવામાં આવતો હતો. પરંતુ હવે 112 પર કોલ કરતા પ્રાઈવેટ કંપનીના કોલ સેન્ટરમાં જાય છે, જ્યાં નાગરિકોની વ્યક્તિગત અને સંવેદનશીલ માહિતી પ્રથમ પ્રાઈવેટ કંપની પાસે પહોંચે છે અને ત્યારબાદ પોલીસને આપવામાં આવે છે.

## ગરીબોના નામે ખર્ચાનો ખેલ બંધ કરવા જનતાને નિર્ણય લેવાનો સમય : ઇટાલિયા

અમદાવાદ : ગાંધીનગર વિધાનસભામાં થયેલ પ્રશ્નોતરી મામલે મીડિયાને સંબોધતા આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાએ જણાવ્યું હતું કે આજે ગુજરાતની વિધાનસભાના છેલ્લા દિવસે મેં સરકારને પ્રશ્ન પૂછ્યો હતો અને સરકારે મને એનો જવાબ આપ્યો છે. જેમાં બહુ જ ગંભીર ઘટના સામે આવી છે. મેં એવું પૂછ્યું છે કે છેલ્લા ત્રણ વર્ષમાં સસ્તા અનાજની દુકાનેથી રેશન કાર્ડ ધારકોને ઘઉં આપવા માટે કયા ભાવે, કઈ એજન્સી પાસેથી કેટલા ઘઉં સરકારે ખરીદ્યા. આ જે ઘઉં સરકારે ખરીદ્યા, રાજ્ય સરકારે એ ઘઉંને હેરફેર કરવી પડે. માનો કે રાજ્ય કક્ષાએ ખરીદી કરી હોય તો જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ મોકલવા પડે, તો એની હેરફેર એટલે કે ટ્રાન્સપોર્ટેશન કરવા માટે કેટલો ખર્ચ થયો અને એ ઘઉંને તમે તાલુકા-જિલ્લામાં પહોંચાડ્યા પછી ગ્રાહકો એટલે કે ગરીબ જે લોકો અનાજ લેશે એને વિતરણ કરવા માટે કેટલો ખર્ચ થયો ? અત્યંત આશ્ચર્યજનક ગંભીર આંકડાઓ સામે આવ્યા છે. બાર હાથનું ચીભડું અને તેર હાથનું બી, એટલે કે એક ફૂટે બાર ઈંચનો ફરક પડ્યો. ગુજરાત રાજ્યની સરકારે છેલ્લા ત્રણ વર્ષમાં ગરીબોને આપવા માટે જે ઘઉં ખરીદ્યા, એ ખરીદીની કિંમત છે પાંચ કરોડ. પાંચ કરોડ રૂપિયાના ઘઉં ખરીદ્યા. પછી એ ઘઉં અલગ અલગ જિલ્લા અને તાલુકામાં પહોંચાડવા માટે ૧૦૦ કરોડ અને વીસ લાખનો ખર્ચ કર્યો. હવે તાલુકા-જિલ્લામાં જે ઘઉં પહોંચી ગયા, એ ઘઉં ગરીબ ગ્રાહકો સુધી પહોંચાડવા માટે 57 કરોડ 71 લાખનો ખર્ચ કર્યો. વધુમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઇટાલીયાએ જણાવ્યું હતું કે એટલે પાંચ કરોડના ઘઉં લીધા, સો કરોડમાં એ ઘઉં તાલુકા-જિલ્લામાં પહોંચાડ્યા અને સત્તાવન કરોડના ખર્ચે એ ઘઉં ગરીબો સુધી પહોંચાડ્યા. આવું સારું કામ ગુજરાતની ભાજપની સરકારે કર્યું છે.

## ગુજરાતમાં જાન-માલની સલામતી નથી, એટલે જ લોકો હથિયાર માંગે છે: ઇટાલિયા

ગાંધીનગર : આજે વિધાનસભાના અંતિમ દિવસે આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલીયાએ વિધાનસભા ખાતે મીડિયા સમક્ષ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આજે ગુજરાત રાજ્યની કાયદો અને વ્યવસ્થા મુદ્દે ગૃહમંત્રી માટે એક સવાલ હતો. પરંતુ મારો પ્રશ્ન પ્રાથમિકતામાં આવરી લેવામાં આવ્યો નહીં, જેના કારણે ગૃહમાં આ પ્રશ્ન મુદ્દે ચર્ચા થઈ નથી પરંતુ સરકારનો જે જવાબ મળ્યો છે તે જવાબનું વિશ્લેષણ કરીને તેની માહિતી જનતા સુધી પહોંચાડવી જરૂરી છે. સરકાર સલામતીના બમણા ફૂંકતી હોય છે પરંતુ જે આંકડા સામે આવ્યા છે તેનાથી આંખો ફાટી જાય એવી સ્થિતિ છે. મારો સવાલ હતો કે અમદાવાદ અને સુરત જિલ્લામાં કેટલા લોકો પાસે હથિયારના લાયસન્સ છે અને કેટલા લોકોએ નવા લાયસન્સ માંગ્યા. ત્યારબાદ જે જવાબ સામે આવ્યો તેનાથી લાગશે કે આપણે ત્યાં બિહાર જેવો માહોલ છે. સુરતમાં 2,882 લોકો પાસે હથિયારના લાયસન્સ છે અને 185 કરતાં વધુ લોકોએ નવા હથિયારના લાયસન્સ માંગ્યા છે. અમદાવાદમાં 5231 લોકો પાસે હથિયારના લાયસન્સ છે બીજા 325 જેટલા લોકોએ નવા હથિયારના લાયસન્સ માંગ્યા છે. તો અમદાવાદ અને સુરતના મળીને 8,000 લોકો પાસે હથિયારના લાયસન્સ છે અથવા માંગ્યા છે એનો મતલબ એવો થાય છે કે લોકોને સરકાર પર અને કાયદા વ્યવસ્થાની સ્થિતિ પર તથા પોલીસ તંત્ર પર કોઈ ભરોસો નથી. એટલે આ લોકોએ પોતાના સ્વરક્ષણ માટે સરકાર પાસેથી હથિયારના લાયસન્સ માંગ્યા છે.વધુમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઇટાલીયાએ જણાવ્યું હતું કે આટલી મોટી સરકાર, પોલીસ તંત્ર, મોટા ગૃહમંત્રી, એસઆરપી, હોમગાર્ડ, એસઓજી, CID, ક્રાઈમ બ્રાન્ચ છે, એટલે કે અનેક વ્યવસ્થાઓ હોવા છતાં પણ લોકોએ પોતાના રક્ષણ માટે બંદૂકો લઈને જ ફરવાનું, તો સરકારનો મતલબ શું? અને જો સ્વરક્ષણ લોકોએ જાતે જ કરવાનું હોય તો ફક્ત 8000 લોકોને શા માટે? આખા ગુજરાતના લોકોને રિવોલ્વર આપી દો. તો કાયદો અને વ્યવસ્થાની કથળેલી સ્થિતિનો આજે આ પ્રશ્નના જવાબમાં સરકારે જે જવાબ આપ્યો એ જવાબથી એ પણ સાબિત થાય છે કે ગુજરાતમાં લોકો જાનમાલની કે પ્રોપર્ટીની સલામતી નથી અનુભવતા માટે વધુમાં વધુ લોકો હથિયારના લાઈસન્સ માંગી રહ્યા છે.

## નિકોલમાંથી 84 હજારના ડ્રગ્સ સાથે રાજસ્થાના બિષ્નોઇ બંધુ ઝડપાયા

અમદાવાદ | પૂર્વ વિસ્તારમાં યુવાધનને નશાના રવાડે ચઢાવીને બરબાદ કરવાનું કારસ્તાન છેલ્લા કેટલાય સમયથી વ્યવસ્થિત રીતે ચાલી રહ્યું છે. કૃષ્ણનગર પોલીસે ચોક્કસ બાતમી આધારે નિકોલ સિનિયર સિટિઝન ગાર્ડન પાસે છટકું ગોઠવ્યું હતું અને રાજસ્થાનના બિષ્નોઇ બંધુઓને રૂા. ૮૪ હજારના ૨૮ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ સાથે ઝડપી પાડયા હતા. પોલીસ તપાસમાં આરોપીઓ જોધપુર-જેસલમેરના એક ઢાબા પરથી લાવ્યા હતા. આ બનાવ અંગે કૃષ્ણનગર પોલીસે કુલ રૂા.૧.૨૪ લાખનો મુદ્દામાલ કબજે વધુ તપાસ હાથ ધરી છે. કૃષ્ણનગર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ, ડી. આર.પુવારે રાજસ્થાનના રામપાલ બિષ્નોઇ તથા મહેન્દ્ર બિષ્નોઇ સામે કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે તેમની ટીમને બાતમી મળી હતી કે આરોપીઓ બાઇક ઉપર ડ્રગ્સ વેચવા માટે આવવાના છે. જે માહિતીના આધારે પોલીસે રાતના સમયે વોચ ગોઠવી હતી. પોલીસ ટીમ નરોડા-નિકોલ રોડ સિનિયર સીટીઝન ગાર્ડન પાસે બે શંકાસ્પદ હાલતમાં બે યુવકો ઉભેલા હતા.

## અમરેલીમાં AAPનું ભવ્ય શક્તિ પ્રદર્શન: રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા

અમદાવાદ : આજે, આમ આદમી પાર્ટીએ એક ભવ્ય 'વિજય વિશ્વાસ સભા'નું આયોજન કર્યું (વિજય અને અમરેલીમાં આત્મવિશ્વાસ રેલી) યોજાઈ. આ સભામાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ; પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન; ગુજરાત રાજ્યના પ્રભારી ગોપાલ રાય; સહ-પ્રભારી દુર્ગેશ પાઠક અને ગુલાબ સિંહ યાદવ; આપ પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી; વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલિયા; રાજ્ય મહાસચિવ (સંગઠન) મનોજ સોરઠીયા; ધારાસભ્ય સુધીર વાઘાણી; રાષ્ટ્રીય સંયુક્ત સચિવ રાજુભાઈ સોલંકી; રાજ્ય યુવા પાંખના પ્રમુખ બ્રિજરાજ સોલંકી; સૌરાષ્ટ્ર ઝોન પ્રમુખ રાજુભાઈ બોરખટરિયા; વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજા; લોકસભા પ્રભારી કાંતિભાઈ સતાસિયા; અને જિલ્લા પ્રમુખ નિકુંજ સાવલીયા સહિત પદાધિકારીઓ



અને પાર્ટી કાર્યકરો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં અમરેલીના સ્થાનિક ખેડૂતો, મજૂરો, યુવાનો અને મહિલાઓ સહિત તમામ જાતિઓ, ધર્મો અને સામાજિક સ્તરના લોકોની સ્વયંભૂ હાજરી જોવા મળી.

અમરેલીમાં આયોજિત સભાને સંબોધતા, આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે: 'સૌરાષ્ટ્ર સોમનાથ મહાદેવ અને દ્વારકાધીશના મંદિરોનું ઘર હોવાથી, હું આજે સૌરાષ્ટ્રની આ પવિત્ર ભૂમિ પર આશીર્વાદ લેવા આવ્યો છું. હું અહીં આશીર્વાદ લેવા આવ્યો છું કે લોકો ભાજપના કુશાસન અને ભ્રષ્ટાચારથી મુક્ત થાય. સૌરાષ્ટ્રની 48 બેઠકોમાંથી, તમે 40 બેઠકો ભાજપને સોંપી દીધી; પરંતુ બદલામાં તમને શું મળ્યું? તમને ધક્કામુક્કી, શાબ્દિક દુર્વ્યવહાર, અપમાન, પોલીસ લાઠીચાર્જ અને કેદનો સામનો કરવો પડ્યો. છેલ્લા 30 વર્ષમાં ભાજપે તમને ખરેખર શું આપ્યું છે? જ્યારે તેઓ રસ્તા બનાવે છે, ત્યારે તે બે દિવસમાં તૂટી પડે છે; મોરબીનો પુલ તૂટી પડ્યો; વડોદરા નજીક એક પુલ તૂટી પડ્યો; અને ઘણા અન્ય પુલ પણ તૂટી પડ્યા છે. તો, આ પ્રોજેક્ટ્સ માટેના બધા પૈસા ખરેખર ક્યાં જાય છે? આજે, હું કેટલાક ખેડૂતોને મળ્યો જેમણે મને કહ્યું કે તેમના મગફળીના પાકનો નાશ થયો છે; ત્યારબાદ, સરકારે 10,000 કરોડના રાહત પેકેજની જાહેરાત કરી, છતાં મેં સાંભળ્યું છે કે ખેડૂતોને ક્યારેય પૈસા મળ્યા નથી. તો, મારો પ્રશ્ન એ છે કે: તે 10,000 કરોડ ક્યાં ગાયબ થઈ ગયા? શું આ લોકોએ ફક્ત તે 10,000 કરોડની ઉચાપત કરી - અથવા 'ખાઈ ગયા' -?' પછી ભલે તે જાતિ પ્રમાણપત્ર, જન્મ પ્રમાણપત્ર, કે રેશનકાર્ડ મેળવવાની વાત હોય - આ પ્રકારની કોઈપણ વસ્તુ માટે - વ્યક્તિને લાંચ આપવાની ફરજ પાડવામાં આવે છે.

# News Brief

## જમાલપુરમાં પૂરઝડપે સ્કોર્પિયો ફૂટપાથ પર ચઢી ગઈ : જાનહાનિ નહી

અમદાવાદ | અમદાવાદ શહેરમાં રફતારના કહેર વચ્ચે અકસ્માતની બે અલગ-અલગ ઘટનાઓ સામે આવી છે, જેમાં જમાલપુર વિસ્તારમાં વહેલી સવારે એક પૂરઝડપે આવતી સ્કોર્પિયો કારના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા ગાડી સીધી ફૂટપાથ પર ચઢી ગઈ હતી, જેમાં ચાલક સગીર હોવાની આશંકા વચ્ચે પોલીસે તપાસ તેજ કરી છે.
બીજી તરફ, નવરંગપુરા સ્ટેડિયમ રોડ પર બેફામ દોડતા બુલેટ સવારે એક્ટિવાને જોરદાર ટક્કર મારતા સર્જાયેલા અકસ્માતમાં એક યુવક લોહીલુહાણ હાલતમાં બેભાન થઈ જતાં તેને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડાયો છે. ટ્રાફિક પોલીસે બંને મામલે સીસીટીવી ફૂટેજ અને ફરિયાદના આધારે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.
જમાલપુરમાં વહેલી સવારે એક સ્કોર્પિયો ગાડી પૂરઝડપે નાના રસ્તામાં ફૂટપાથ ચઢી ગઈ હતી. કારચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા અકસ્માત થયો હતો. જોકે અકસ્માતમાં કોઈ ઈજા પહોંચી નથી, પરંતુ અકસ્માત કરનાર સગીર વયનો હોવાની ચર્ચા ચાલી રહી છે. આ બનાવ અંગે હજુ સુધી કોઈ ફરિયાદ થઈ નથી, પરંતુ પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. ઈ-ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનના પીઆઈ પાર્થ ચૌધરીએ જણાવ્યું કે, અકસ્માત કરનારને લાયસન્સ સાથે પોલીસ સ્ટેશન બોલાવવામાં આવ્યો છે જે આવ્યા બાદ સગીર છે કે નહીં તે જાણ થશે.
અન્ય અકસ્માતમાં નવરંગપુરા સ્ટેડિયમ રોડ પાસે એક એક્ટિવા પર હોટલમાં કામ કરનાર વિજયસિંહ પરમાર અને શૈલેષ નામનો યુવક જઈ રહ્યા હતા. ત્યારે એક બુલેટ બાઈકના ચાલકે પૂરઝડપે ટક્કર મારતા ત્રણેય નીચે પટકાયા હતા. આ અકસ્માતમાં શૈલેષને સામાન્ય ઈજા પહોંચી હતી, જ્યારે વિજયસિંહને મોઢાના ભાગે ગંભીર ઈજા થતા બેભાન થઈ ગયો હતો. બુલેટ બાઈકના ચાલકને સામાન્ય ઈજા પહોંચી હતી. જેથી ત્રણેયને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

## શુદ્ધ કરવા આપેલી ચાંદીમાંથી 34 લાખની ચાંદી પરત ન આપી કંપનીના ડાયરેક્ટરોએ ઠગાઈ કરી

અમદાવાદ | શિવરંજની ચાર રસ્તા પર આવેલા જાણીતા એ. બી. જ્વેલર્સ સાથે ઠગાઈનો બનાવ બન્યો છે. જ્વેલર્સના સંચાલકોએ રખિયાલની ગુજરાત બુલિયન રિફાયનરી લિ.ને કુલ 81,296 ગ્રામ જૂની ચાંદી શુદ્ધ કરવા આપી હતી. જે બાદ કંપનીના ડિરેક્ટરોએ 71,986 ગ્રામ શુદ્ધ ચાંદી પરત આપવાની જગ્યાએ માત્ર 38,836 ગ્રામ જ ચાંદી પરત આપી હતી.

કંપનીના ડિરેક્ટરોએ 34 લાખની મતાની 33,132 ગ્રામ શુદ્ધ ચાંદી પરત ન આપીને ઠગાઈ આચરી હતી. આરોપીઓએ આપેલા ચેક પણ રિટર્ન થતાં આખરે એ.બી. જ્વેલર્સના શોરૂમ મેનેજરે આ મામલે ત્રણ લોકો સામે ફરિયાદ નોંધાવતા સેટેલાઈટ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ન્યૂ રાણીપમાં રહેતા મયૂરભાઈ બારોટ શિવરંજની ક્રોસ રોડ ખાતેના એ.બી.જ્વેલર્સમાં શોરૂમ મેનેજર તરીકે નોકરી કરે છે. શોરૂમમાં જે ગ્રાહકો જુના ચાંદીના દાગીનાનું વેચાણ કરે તે દાગીના ખરીદવામાં આવે છે અને બાદમાં તેને ઓગાળીને ચાંદીને શુદ્ધ કરાવીને વેચાણ કરવામાં આવે છે.

એ.બી. જ્વેલર્સ દ્વારા રખિયાલની ગુજરાત બુલિયન રિફાયનરી લિ.ને જૂની ચાંદી શુદ્ધ કરવા માટે જથ્થો આપવામાં આવે છે. એ.બી. જ્વેલર્સે આ કંપનીને ગત તા.11 ડિસેમ્બરે 81,296 ગ્રામ જૂની ચાંદી શુદ્ધ કરવા આપી હતી. જે ચાંદી શુદ્ધ કર્યા બાદ 71,986 ગ્રામ ચાંદી પરત લેવાની હતી. કંપનીએ 38,836 ગ્રામ ચાંદી જ પરત આપી હતી. 34 લાખની મતાની 33,132 ગ્રામ શુદ્ધ ચાંદી પરત ન આપી.

## ત્રીજા માળે આગથી ફેલાયેલા ધૂમાડામાં ફસાયેલા 4 વ્યક્તિઓનું હાઇડ્રોલિક સિડીથી ફાયર જવાનોએ રેસ્ક્યુ કર્યું

અમદાવાદ | શહેરના સારંગપુર વિસ્તારમાં સુમેલ-1 કોમ્પલેક્ષના સી બ્લોકમાં ત્રીજા માળે ઈલેક્ટ્રીક ડકમાં શોર્ટ સર્કિટથી આગ લાગી હતી. આગ લાગવાના કારણે ધૂમાડાના ગોટેગોટા કોમ્પલેક્ષમાં ફેલાઈ ગયા હતા. આખા બ્લોકના લોકો દોડીને બહાર આવી ગયા હતા. જોકે ત્રીજા માળે ચાર વ્યક્તિઓ ફસાતા ફાયરબ્રિગ્રેડે દ્વારા હાઈડ્રોલિક સિડીથી રેસ્ક્યુ કરીને સહી સલામત બહાર કાઢ્યા હતા. ફાયરની ટીમે ઈલેક્ટ્રીક સપ્લાય બંધ કરી ડકમાં લાગેલી આગ પર કાબૂ મેળવ્યો હતો.
મળતી માહિતી મુજબ સારંગપુર ન્યૂ ક્લોથ માર્કેટની પાછળ આવેલ સુમેલ-1માં સી બ્લોકમાં ત્રીજા માળે બિલ્ડીંગના ઈલેક્ટ્રીક ડકમાં આવેલા વાયરોમાં આગ ફેલાતા ગ્રાઉન્ડ ફ્લોરથી ત્રીજા માળ સુધી ધૂમાડા પ્રસર્યા હતા. ધૂમાડા બહાર સુધી જોવા મળ્યા હતા જેને પગલે વેપારીઓ બહાર દોડી આવ્યા હતા. જોકે ત્રીજા માળ પર બે વેપારી અને બે મજૂર ધૂમાડામાં ફસાઇ ગયા હતા. ફાયરબ્રિગ્રેડને જાણ કરતા ફાયરની 5 ગાડીઓએ ઘટના સ્થળે પહોચીને ચાર તરફથી પાણીનો મારો ચલાવ્યો હતો.
ફાયર બ્રિગેડની ટીમ દ્વારા ઉપર ફસાયેલા અમીતભાઇ મલાણી, સંદિપભાઇ હસનાણી, લાલાભાઇ અને એક અજાણ્યા વ્યક્તિને હાઈડ્રોલિક સિડીથી રેસ્ક્યુ કરીને સહિસલામત બહાર કાઢ્યા હતા. ફાયર બ્રિગેડની ટીમે આગ પર સંપૂર્ણ કાબૂ લીધો હતો.

# ગુજરાત વિધાનસભામાં 'ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ સુધારા વિધેયક' પાસ

ગાંધીનગર : રાજ્યમાં ચાલતી નકલી ડોક્ટરોની હાટડીઓ બંધ કરાવવા તેમજ તબીબી સેવાની ગુણવત્તા જાળવવાના હેતુથી ગુજરાત વિધાનસભામાં 'ધ ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ (રજિસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) (સુધારા) વિધેયક 2026' સર્વાનુમતે પસાર કરાયું છે. આ બિલ રજૂ કરતા આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું કે, લાયકાત વગર પ્રેક્ટિસ કરતા લેભાગુ તત્ત્વો પર નિયંત્રણ લાવવા માટે આ કાયદો ખૂબ જ જરૂરી હતો. આ નવા સુધારા મુજબ હવે હોસ્પિટલો અને ક્લિનિક્સના રજિસ્ટ્રેશનની પ્રક્રિયા વધુ સરળ અને પારદર્શક બનશે, જેમાં સરકાર જરૂરિયાત મુજબ જાહેરનામા દ્વારા રજિસ્ટ્રેશનની મુદત નક્કી કરી શકશે. અત્યાર સુધી રાજ્યમાં હજારોની સંખ્યામાં પ્રોવિઝનલ અને કાયમી રજિસ્ટ્રેશન થઈ ચૂક્યા છે, પરંતુ વહીવટી સરળતા માટે કાયદાની કલમ-9 અને 18માં ફેરફાર કરાયા છે, જેથી વારંવાર કાયદાકીય સુધારા ન કરવા પડે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ વિધેયક રજૂ કરતા જણાવ્યું હતું કે, વર્ષ 2021માં આ કાયદો લાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય લાયકાત વગરના 'લેભાગુ' તત્ત્વો દ્વારા થતી પ્રેક્ટિસ પર નિયંત્રણ લાવવાનો હતો. અત્યાર સુધીમાં રાજ્યમાં 41,000 જેટલા કામચલાઉ (પ્રોવિઝનલ) રજિસ્ટ્રેશન થયા છે. 2,000 જેટલા કાયમી રજિસ્ટ્રેશન પૂર્ણ થઈ ચૂક્યા છે. વહીવટી સરળતા રહે અને વારંવાર કાયદામાં સુધારા ન કરવા પડે તે માટે કલમ-9 અને કલમ-18માં મહત્ત્વના ફેરફાર કરવામાં આવ્યા છે.

પશ્ચિમ રેલવે
રાજકોટ મંડળ

મોટા PG ક્લેમ્પ્સની વ્યવસ્થા દ્વારા વિશ્વસનીયતા સુધારણા કાર્ય

**ટેન્ડર સૂચના નં.:** DRM/RJT/E-Tender /EL /TRD/25-26/34 તારીખ 24.03.2026
**ટેન્ડર નં.:** DRM-RJT-EL-TRD-25-26-34
**કાર્યનું નામ:** રાજકોટ મંડળમાં ઓએચઈ ના વિવિધ જમ્પર્સમાં મોટા PG ક્લેમ્પ્સની વ્યવસ્થા દ્વારા વિશ્વસનીયતા સુધારણા કાર્ય. **(i) અંદાજિત ખર્ચ:** ₹ 1,34,80,426.26/- માત્ર **(ii) અર્નેસ્ટ મની:** ₹ 2,69,600.00/- **(iii)ઓનલાઈન અરજી માટે તારીખ અને સમય:** 15.04.2026 ના 15.00 કલાક સુધી **કાર્યાલય નું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ /TrD), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360001 વેબસાઈટ વિગતો:"www.ireps.gov.in" RJT 220

અમને લાઈક કરો: facebook.com/WesternRly

## રાજ્ય કક્ષાની યોજાયેલ ઉમંગ ઉત્સવ દરેક કૃતિમાં પ્રથમ સ્થાન મેળવી ભાવનગરનું ગૌરવ વધાર્યું



ગાંધીનગર : કમિશ્નર શ્રી,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી,ગાંધીનગર અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક કચેરી નવસારી આયોજિત માનવ કલ્યાણ ટ્રસ્ટ નવસારીના સહયોગથી તા.૨૫/૦૩/૨૦૨૬ને બુધવારના રોજ નવસારી ખાતે યોજાયેલ રાજ્યકક્ષાની ઉમંગ ઉત્સવ સ્પર્ધામાં શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાના પ્રજ્ઞાચક્ષુ બાળકોએ તમામ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. જેમાં દુહા છંદ - પરમાર સાહિલ, લોક વાર્તા - સાવલિયા કાવ્ય, નિબંધ લેખન - દેથળીયા જીત, ગ્રુપ સોંગ, એકાંકી નાટક તેમજ વકતૃત્વ સ્પર્ધામાં હેતાંશીબા સરવૈયા એ પ્રથમ સ્થાન મેળવી કલાનગરી ભાવેણા અને શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાનું ગૌરવ વધાર્યું છે. વિજેતા સ્પર્ધકોને વિવિધ મહાનુભાવોના વરદ હસ્તે પુરસ્કારો આપવામાં આવ્યા હતા. શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાના જનરલ સેક્રેટરી શ્રી લાભુભાઈ સોનાણીએ વિજેતા થયેલ સ્પર્ધકો, શિક્ષકો અને સહાયક કર્મવીરોને અભિનંદન પાઠવ્યા હતા.

## મંડળ રાજભાષા કાર્યાન્વયન સમિતિની ત્રિમાહી બેઠક આયોજિત



અમદાવાદ : પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં તા.25.03.2026ના રોજ મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશની અધ્યક્ષતામાં મંડળ રાજભાષા કાર્યાન્વયન સમિતિની ત્રિમાહી બેઠકનું આયોજન કરવામાં આવ્યું. બેઠક પહેલાં હિન્દી સાહિત્યકાર મહાદેવી વર્માજી ની જયંતિ શ્રદ્ધા અને સન્માન સાથે ઉજવવામાં આવી. આ પ્રસંગે અધ્યક્ષ મહોદય દ્વારા મહાદેવી વર્માજી ના ચિત્ર પર પુષ્પાંજલિ અર્પણ કરી કાર્યક્રમનો વિધિવત શુભારંભ કરવામાં આવ્યો. રાજભાષા વિભાગ દ્વારા મહાદેવી વર્માજી ના વ્યક્તિત્વ અને સાહિત્યિક યોગદાન પર આધારિત પ્રભાવશાળી અને જ્ઞાનવર્ધક રજૂઆત કરવામાં આવી. ત્યારબાદ હિન્દી પ્રશ્નોત્તરી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું અને સાચા જવાબ આપનાર પ્રતિભાગીઓને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા.આ અવસર પર અમદાવાદ મંડળની હોળી વિશેષાંક ઈ-પત્રિકા 'રાજભાષા આશ્રમ સૌરભ' ના 54મા અંકનું વિમોચન પણ કરવામાં આવ્યું, જે મંડળમાં રાજભાષા હિન્દીના પ્રચાર-પ્રસાર અને સર્જનાત્મક અભિવ્યક્તિને મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ છે.બેઠક દરમિયાન મંડળમાં રાજભાષા ક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્ય કરનાર 02 અધિકારીઓ અને 06 કર્મચારીઓને મંડળ રેલ પ્રબંધકશ્રી ની વિશેષ પુરસ્કાર યોજના 'રાજભાષા રત્ન' હેઠળ પ્રશસ્તિપત્ર અને નકદ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા. બેઠકમાં રાજભાષાના વ્યાપક પ્રચાર-પ્રસાર માટે નવી પહેલરૂપે નિર્ણય લેવામાં આવ્યો કે રેલગાડીઓમાં QR કોડ ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેના માધ્યમથી મુસાફરો હિન્દીની વિવિધ પુસ્તકો વાંચી શકશે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### ડીસીપી મંજીતા વણઝારા અને પોલીસ સ્ટેશનની મોટી કામગીરી, કોયલી ચેકપોસ્ટ દારૂ ઉપર રોલર ફેરવ્યું અને નિકાલ કર્યો

# વડોદરા પોલીસ દારૂ નાશ કાર્યવાહી અને 16 લાખનો જથ્થો ખાખ

(એજન્સી) વડોદરા । તા. 25

ગુજરાત રાજ્યમાં દારૂબંધીના કડક અમલ માટે પોલીસ વિભાગ સતત સક્રિય છે. આ દિશામાં વડોદરા શહેર પોલીસ દ્વારા આજે વહેલી સવારે એક મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. શહેરના કોયલી ચેકપોસ્ટ વિસ્તારમાં વિવિધ પોલીસ સ્ટેશનો દ્વારા જપ્ત કરવામાં આવેલા ગેરકાયદેસર દારૂના જથ્થા પર રોલર ફેરવીને તેનો સત્તાવાર નિકાલ કરવામાં આવ્યો હતો. અંદાજે ૧૬ લાખ રૂપિયાની કિંમતના વિદેશી દારૂની બોટલોને રસ્તા પર પાથરી તેના પર વજનદાર રોલર ફેરવી દેવામાં આવ્યું હતું, જેના કારણે જાણે દારૂની નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. આ કાર્યવાહી કાયદાના રક્ષકો દ્વારા ગુનેગારોને અપાયેલો એક સ્પષ્ટ સંદેશ છે.

આજની આ કામગીરી વડોદરા શહેરના ડીસીપી મંજીતા વણઝારાના સીધા માર્ગદર્શન અને દેખરેખ હેઠળ કરવામાં આવી હતી. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, તેમના તાબા હેઠળ આવતા છ અલગ-અલગ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમય દરમિયાન એસએમસી (SMC) અને લોકલ પોલીસ દ્વારા દરોડા પાડીને આ જથ્થો પકડવામાં આવ્યો હતો. કોર્ટના આદેશ બાદ, નિયમોનુસાર આ માલનો નાશ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉચ્ચ પોલીસ અધિકારીઓ તેમજ એસડીએમ (SDM) ખાસ હાજર રહ્યા હતા જેથી પારદર્શિતા જળવાઈ રહે.

વડોદરા પોલીસની કામગીરીના આંકડા જોઈએ તો ચોંકાવનારી વિગતો સામે આવે છે. અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, વડોદરા પોલીસ દ્વારા છેલ્લા માત્ર ત્રણ મહિનાના ટૂંકા ગાળામાં જ કુલ ત્રણ કરોડ રૂપિયાથી વધુની કિંમતના ગેરકાયદેસર દારૂનો નાશ કરવામાં આવ્યો છે. આ બાબત દર્શાવે છે કે શહેરમાં દારૂના વેપલા સામે પોલીસ કેટલી આક્રમક રીતે કામ કરી રહી છે. પોલીસ કમિશનરના આદેશ અનુસાર, જેવો જથ્થો જપ્ત થાય અને કોર્ટની પ્રક્રિયા પૂર્ણ થાય, તુરંત જ તેના





નિકાલની કાર્યવાહી ઝડપી બનાવવામાં આવી રહી છે.

કેવી રીતે આ કાર્યવાહી કરવામાં આવી. વડોદરા પોલીસ દ્વારા પકડાયેલી હજારો નાની-મોટી દારૂની બોટલો અને ટીનને કોયલી ચેકપોસ્ટ પાસેના ખુલ્લા મેદાનમાં વ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવી હતી. ત્યારબાદ તેના પર સરકારી રોલર ફેરવવામાં આવ્યું હતું. મીડિયા અહેવાલ મુજબ, આ સમયે દારૂની તીવ્ર ગંધ આખા વિસ્તારમાં ફેલાઈ ગઈ હતી અને હજારો લીટર દારૂ જમીન પર વહી ગયો હતો. પંચનામાની પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ આ તમામ કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. ડીસીપી મંજીતા વણઝારાના નેતૃત્વમાં કરવામાં આવેલી આ સતત બીજી-ત્રીજી મોટી કાર્યવાહી બાદ બુટલેગરોમાં ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે. પોલીસે સ્પષ્ટ કર્યું છે કે શહેરમાં કોઈપણ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિ ચલાવી લેવામાં આવશે નહીં. જે પણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ પકડાશે ત્યાં સખત કાયદાકીય કાર્યવાહીની સાથે સાથે મુદ્દામાલના ત્વરિત નિકાલની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. સ્થાનિક રહીશોએ પણ પોલીસની આ કામગીરીને બિરદાવી છે અને આશા વ્યક્ત કરી છે કે આવા પગલાંથી દારૂના દૂષણને ડામવામાં સફળતા મળશે.

પોલીસ દ્વારા પકડાયેલા માલનો નાશ કરવો એ એક લાંબી વહીવટી પ્રક્રિયા છે. સૌ પ્રથમ પકડાયેલા દારૂનું સેમ્પલ લેબોરેટરીમાં મોકલવામાં આવે છે, ત્યારબાદ કોર્ટમાં કેસ ચાલે છે અને ન્યાયાધીશના હુકમ બાદ જ આ રીતે જાહેર નાશ કરી શકાય છે. વડોદરા પોલીસે આ તમામ પ્રક્રિયાઓ ઝડપથી પૂર્ણ કરીને સાબિત કર્યું છે કે તેઓ ન્યાયિક આદેશોનું ચુસ્તપણે પાલન કરે છે.

## જાફરાબાદના કાગવદર ગામ નજીક ફોર વ્હીલર કાર ભડકે બળી: ૨૪ કલાકમાં હાઈવે પર આગની બીજી ઘટના



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી જિલ્લામાં ઉનાળાની શરૂઆત સાથે જ વાહનોમાં આગ લાગવાની ઘટનામાં ચિંતાજનક વધારો થઇ રહ્યો છે. ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર આગ લગાવાની ઘટના બની હતી. અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના કાગવદર- ભટ્ટવદર ગામ નજીક ફોર વ્હીલર કારમાં અચાનક આગ લાગી હતી. એમજી ગોલટર ફોર વ્હીલર કારના એન્જિનમાંથી ધુમાડો નીકળતાં ત્યારબાદ આગ લાગી હતી. આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અને એક તરફ હાઈવેના વાહનોના પૈડા થંભી ગયા હતાં. આગ જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આ ઘટના પગલે રાજુલા નગરપાલિકા ફાયર બ્રિગેડ ટીમ ઘટના સ્થળે પહોંચી આગ પર પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગને કાબુમાં લીધી હતી. આગમાં મોંઘી દાટ ફોર વ્હીલર કાર બળીને ખાખ થઈ ગઈ હતી. આ ઘટનામાં ફોર વ્હીલર કાર ચાલકની સમયસુચકતાથી કાર નીચે ઉતરી જતા આબાદ બચાવ થયો હતો. ભાવનગર - સોમનાથ નેશનલ હાઈવે પર ૨૪ કલાકમાં આગ લાગવાની બીજી ઘટના બની હતી.

## વિશ્વ વન દિવસની ઉજવણી

### રાજુલાના ખાંભલીયા ગામે વનવિભાગ દ્વારા વન્ય પ્રાણીઓ અને પ્રકૃતિના સંરક્ષણ માટે જાગૃતતા કાર્યક્રમ યોજાયો



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ખાંભલીયા ગામે વન્ય વનવિભાગ દ્વારા વિશ્વ વન દિવસની ઉજવણીના ભાગરૂપે જાગૃતતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૧ માર્ચ 'વિશ્વ વન દિવસ નિમિત્તે જાગૃતતા માટે અભિયાનનું આયોજન કરાયું હતું. જેમાં વનવિભાગ દ્વારા લોકોને સિંહ, દીપડા, નીલગાય અને શિયાળ વગેરે જેવા વન્યપ્રાણીઓની અવરજવર સતત રહેતી હોય છે. આ બાબતે લોકોમાં જાગૃતિ લાવવા માટે અને વન્ય પ્રાણીઓના સંરક્ષણ તથા સંવર્ધન નિવારવા માટે સરપંચ જનકભાઈ લાખણોત્રાના નિવાસસ્થાને જાગૃતતા કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ અંતે વનવિભાગના કર્મચારીઓ અને ગ્રામજનો દ્વારા પ્રકૃતિ અને વન્ય પ્રાણીઓના રક્ષણ માટેના શપથ લેવામાં આવ્યા હતાં. આ તકે વનવિભાગ ટીમના એચ.આર. બારૈયા, આર.આર.રાજગોર, વી.જે.રબારી, એસ.આર. દુધરેજીયા, એન.પી. દાફડા તેમજ ક્લાર્ક તથા ટ્રેકર નકાભાઈ રામ સહિત ખાંભાલીયા ગામના ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં



## વડોદરા રેલવે વિભાગ નોન-ફેર રેવન્યુ કમાણીમાં નવો કીર્તિમાન

(એજન્સી) વડોદરા । તા. 25

પશ્ચિમ રેલવેના વડોદરા વિભાગે આર્થિક મોરચે એક મોટી સફળતા હાંસલ કરી છે. ટિકિટના ભાડા સિવાયની આવક એટલે કે નોન-ફેર રેવન્યુ (NFR) ક્ષેત્રમાં વિભાગે પોતાના વાર્ષિક લક્ષ્યાંકને નિર્ધારિત સમય મર્યાદા પહેલા જ પાર કરી લીધો છે. ડી.આર.એમ. રાજુ ભડકેના કુશળ માર્ગદર્શન અને સચોટ વ્યૂહરચનાના પરિણામે વડોદરા વિભાગે રૂ. ૭.૧૨ કરોડની નોંધપાત્ર આવક મેળવીને નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે વડોદરા વિભાગને રૂ. ૭.૦૦ કરોડનું લક્ષ્ય આપવામાં આવ્યું હતું. ૨૪ માર્ચ ૨૦૨૬ સુધીના આંકડાઓ મુજબ, વિભાગે રૂ. ૭.૧૨ કરોડની આવક પ્રાપ્ત કરી લીધી છે. આ આંકડો માત્ર લક્ષ્યાંકથી જ વધુ નથી, પરંતુ ગત વર્ષના સમાન સમયગાળાની રૂ. ૬.૯૨ કરોડની આવકને પણ પાછળ છોડી દેનારો છે. આ સિદ્ધિ રેલવેના આર્થિક માળખાને વધુ મજબૂતી પૂરી પાડશે. વડોદરા વિભાગની આ સફળતા પાછળ વિવિધ સ્ત્રોતોનો ફાળો રહ્યો છે. રેલવે પરિસરોનો વ્યાપારી ઉપયોગ, સ્ટેશન પર આધુનિક જાહેરાતોના હોર્ડિંગ્સ, ફૂડ કોર્ટ્સનું સંચાલન અને મુસાફરોની સુવિધાઓ માટે વિકસાવવામાં આવેલા પેઈડ સર્વિસ મોડેલ્સે આ આવકમાં મોટો ઉછાળો આણ્યો છે. પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારીએ આ સફળતાને ટીમ વર્ક અને આધુનિક મેનેજમેન્ટનું પરિણામ ગણાવ્યું છે.

## સાવરકુંડલા લીલીયા માર્ગ સુવિધા વિકાસ અને 12.25 કરોડ મંજૂર

(એજન્સી) સાવરકુંડલા । તા. 25

ગુજરાત સરકારના "સુવિધાસભર ગામ – સશક્ત ગુજરાત"ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં સાવરકુંડલા-લીલીયા વિધાનસભા વિસ્તારમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન પ્રસ્થાપિત થયું છે. સ્થાનિક ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાના અથાગ અને સતત પ્રયત્નોના ફળસ્વરૂપે, રાજ્યના માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દ્વારા આ પંથકના ગ્રામીણ માર્ગોના નવનિર્માણ અને મજબૂતીકરણ માટે ૧૨.૨૫ કરોડની માતબર રકમ મંજૂર કરવામાં આવી છે. આ ઐતિહાસિક ફાળવણીથી સાવરકુંડલા અને લીલીયા તાલુકાના અનેક ગામોમાં પરિવહન સુવિધા આધુનિક બનશે, જેની સીધી અસર સ્થાનિક ખેડૂતો અને નાના વેપારીઓના જીવનધોરણ પર પડશે.

આ વિકાસલક્ષી પ્રોજેક્ટ હેઠળ સાવરકુંડલા અને લીલીયા તાલુકાના કુલ ૧૫ ગામોને સીધો લાભ મળવા પાત્ર છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, સાવરકુંડલા તાલુકાના અમૃતવેલ, ફાચરીયા, દેતડ, કેરાળા, વીરડી, દોલતી, કાનાતળાવ, વંડા, મેકડા અને ઈંગોરાળાનો સમાવેશ થાય છે. જ્યારે લીલીયા તાલુકાના બવાડી, બવાડા, ઈંગોરાળા, પાંચતલાવડા અને નાના લીલીયા જેવા અંતરિયાળ ગામોમાં રસ્તાઓની કાયાપલટ કરવામાં આવશે. આ ગામોમાં 'આધુનિક સુવિધા પથ' તૈયાર થવાથી વર્ષો જૂની કાચા કે બિસ્માર રસ્તાની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે.

માર્ગો એ કોઈપણ વિસ્તારના આર્થિક વિકાસની ધમની સમાન હોય છે. અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, ચોમાસામાં કે પાક કાપણીના સમયે ખરાબ રસ્તાઓને કારણે ખેડૂતોને પોતાનો માલ માર્કેટ યાર્ડ સુધી પહોંચાડવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. હવે, ૧૨.૨૫ કરોડના ખર્ચે તૈયાર થનારા મજબૂત રસ્તાઓથી પરિવહન ઝડપી અને સસ્તું બનશે. મીડિયા અહેવાલ મુજબ, આ સુધારાથી ગ્રામ્ય સ્તરે રોજગારીની નવી તકો ઊભી થશે અને શિક્ષણ તેમજ આરોગ્ય જેવી સેવાઓ પણ ગામડાના ઉંબરે સરળતાથી પહોંચી શકશે. આ મહત્વપૂર્ણ જાહેરાત બાદ ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, "રસ્તા માત્ર અવરજવર માટેના માર્ગ નથી, પરંતુ તે વિકાસના વાહક છે.

## વડોદરા બેન્ક લોકર દાગીના ચોરી રહસ્ય: 2.62 કરોડના દાગીના ગુમ



વડોદરા | સંસ્કારી નગરી વડોદરામાં કિંમતી ઘરેણાંની સુરક્ષા માટે સૌથી સલામત ગણાતા બેન્ક લોકર્સ હવે શંકાના દાયરામાં આવ્યા છે. છેલ્લા ૭ વર્ષના આંકડાઓ પર નજર કરીએ તો, વડોદરાની વિવિધ બેન્કોના લોકર્સમાંથી અંદાજે ૧.૭૫ કિલો સોનાના દાગીના ગુમ થયાની ૫ મોટી ઘટનાઓ પ્રકાશમાં આવી છે. વર્તમાન બજાર ભાવ મુજબ આ દાગીનાની કિંમત અંદાજે ૨.૬૨ કરોડ રૂપિયા જેટલી થાય છે. આશ્ચર્યની વાત એ છે કે, આટલી મોટી રકમના દાગીના ગાયબ થવા છતાં હજુ સુધી એક પણ કેસમાં નક્કર સત્ય બહાર આવ્યું નથી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ગ્રાહકો જ્યારે દાગીના ગુમ થયાની ફરિયાદ કરે છે, ત્યારે બેન્ક વહીવટી તંત્ર હંમેશા એક જ બચાવ પક્ષ રજૂ કરે છે. બેન્ક અધિકારીઓના મતે, લોકરની બે ચાવીઓ હોય છે–એક ગ્રાહક પાસે અને બીજી બેન્ક પાસે. બંને ચાવીઓ સાથે હોય તો જ લોકર ખુલે છે, તેથી ચોરીની શક્યતા નહિવત્ છે. પોલીસ પણ મોટેભાગે બેન્કની આ 'ડ્યુઅલ કી' થિયરી સ્વીકારીને તપાસ પડતી મૂકે છે અને અરજી ફાઈલ કરી દે છે, જેના પરિણામે ગુનેગારો પકડાતા નથી.

### કપૂરાઈ પોલીસ બંદોબસ્ત અને પડાપડી વડોદરામાં

# વડોદરા હાઈવે પેટ્રોલ પંપ ભીડ અને અછતનો માહોલ



(એજન્સી) વડોદરા । તા. 25

સંસ્કારી નગરી વડોદરાના હાઈવે પર આવેલા એક પેટ્રોલ પંપ પર ગત રોજ જે દ્રશ્યો સર્જાયા તે ઈતિહાસમાં ક્યારેય જોવા મળ્યા નથી. સામાન્ય રીતે જે પેટ્રોલ પંપ પર આખું ટેન્કર ખાલી થતા ચાર થી પાંચ દિવસનો સમય લાગતો હોય છે, ત્યાં અફવા અને અછતના ડરને કારણે માત્ર બે જ કલાકમાં હજારો લીટર પેટ્રોલ વચાઈ ગયું હતું. તરસાલી હાઈવે પાસેના એક પેટ્રોલ પંપ સંચાલકે આપેલી માહિતી મુજબ, લોકોમાં ઈંધણ ખૂટી જવાની એવી તો દહેશત ફેલાઈ હતી કે વાહનચાલકોની લાંબી લાઈનો અને પડાપડીને કારણે આખું ટેન્કર જોતજોતામાં ખાલી થઈ ગયું હતું. સ્થિતિ એટલી હદે વણસી હતી કે અંતે પોલીસ બોલાવવાની ફરજ પડી હતી.

તરસાલી હાઈવે સ્થિત આ પેટ્રોલ પંપના સંચાલકે મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે, તેમના પંપ પર સામાન્ય રીતે ૧૨,૦૦૦ લીટર પેટ્રોલનું એક ટેન્કર આરામથી ૪ થી ૫ દિવસ સુધી ચાલતું હોય છે. પરંતુ ગઈકાલે સવારથી જ લોકોએ પેટ્રોલ ભરાવવા માટે પડાપડી શરૂ કરી દીધી હતી. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, મોટાભાગના વાહનચાલકો પોતાની ગાડીની ટાંકી ફૂલ કરાવવાનો આગ્રહ રાખતા હતા, જેના કારણે વેચાણનો ગ્રાફ એકાએક ઊંચો ગયો હતો. માત્ર ૨ કલાકના ટૂંકા ગાળામાં જ ટેન્કરનું તમામ પેટ્રોલ વેચાઈ ગયું હોવાની જાહેરાત પંપ સંચાલકે કરવી પડી હતી.

પેટ્રોલ ખાલી થઈ ગયાની જાણ કર્યા બાદ પણ લોકો પંપ પરથી ખસવા તૈયાર નહોતા. લોકોમાં એટલો રોષ અને ઉશ્કેરાટ હતો કે પંપના કર્મચારીઓ લાઈટો પણ બંધ કરી શકતા નહોતા. મામલો ઉગ્ર બનતા અને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે પંપ સંચાલકે કપૂરાઈ પોલીસને જાણ કરી હતી. પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ભીડને વિખેરીને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. હાઈવે પર ટ્રાફિક જામની સ્થિતિ નિવારવા માટે પોલીસે લાંબા સમય સુધી પેટ્રોલ પંપ પાસે બંદોબસ્ત જાળવી રાખ્યો હતો. અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા જણાય છે કે સોશિયલ મીડિયા પર ફેલાયેલી કેટલીક અફવાઓ અને સંભવિત હડતાળના ડરને કારણે લોકોમાં ગભરાટ ફેલાયો હતો. મધ્ય-પૂર્વમાં ચાલતા યુદ્ધ અને તેલના ભાવ વધારાની વાતોએ સામાન્ય જનતાને પેટ્રોલ પંપ તરફ દોડતા કર્યા છે. મીડિયા અહેવાલ મુજબ, વડોદરાના અન્ય પંપો પર પણ આવી જ ભીડ જોવા મળી હતી, પરંતુ તરસાલી હાઈવે પરની સ્થિતિ સૌથી વધુ ગંભીર હતી. સંચાલકોએ અપીલ કરી છે કે પૂરતો જથ્થો ઉપલબ્ધ છે, તેથી નાગરિકોએ ખોટી પડાપડી કરવી જોઈએ નહીં. પેટ્રોલ પંપ પર કામ કરતા કર્મચારીઓએ જણાવ્યું હતું કે, ભીડને કારણે તેમને શ્વાસ લેવાનો પણ સમય મળ્યો નહોતો. જ્યારે પેટ્રોલ ખલાસ થયું ત્યારે ઘણા લોકોએ કર્મચારીઓ સાથે દલીલો કરી હતી અને એવો આક્ષેપ કર્યો હતો કે પેટ્રોલ છુપાવવામાં આવી રહ્યું છે. જોકે, સંચાલકોએ સ્ટોક રજિસ્ટર બતાવીને લોકોને શાંત પાડ્યા હતા. પોલીસના હસ્તક્ષેપ બાદ આખરે મોડી રાત્રે મામલો થાળે પડ્યો હતો, પરંતુ હજુ પણ હાઈવે પરના પંપો પર વાહનોની અવરજવર સામાન્ય કરતા વધુ જોવા મળી રહી છે.

### સાંકરદા ભાદરવા રોડ કેમિકલ માફિયા ત્રાસ રાત્રિના અંધારે વધ્યો

# રાણીયા ગામ ખેતરમાં ઝેરી કેમિકલ, પ્રદૂષણથી હાહાકાર

(એજન્સી) સાવલી/વડોદરા । તા. 25

વડોદરા જિલ્લાના સાવલી તાલુકા હેઠળ આવતા સાંકરદા-ભાદરવા રોડ પર પર્યાવરણીય ગુનાખોરીની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. રાણીયા ગામની સીમમાં આવેલ એક ખાનગી ખેતરમાં રાત્રિના અંધકારનો લાભ ઉઠાવી અજાણ્યા કેમિકલ માફિયાઓ દ્વારા હજારો લિટર ઝેરી કેમિકલ ઠાલવી દેવામાં આવ્યું છે. આ કાળા રંગના ઝેરી કેમિકલમાંથી નીકળતી અસહ્ય તીવ્ર દુર્ગંધના કારણે સમગ્ર વિસ્તારના રહીશોના શ્વાસ લેવા પણ મુશ્કેલ બન્યા છે. વહેલી સવારે જ્યારે ગ્રામજનો ખેતરે પહોંચ્યા ત્યારે આ આખી ઘટના પ્રકાશમાં આવી હતી, જેને પગલે સ્થાનિક લોકોમાં તંત્ર વિરુદ્ધ ભારે રોષ જોવા મળી રહ્યો છે.

૨૪ માર્ચની મોડી રાત્રે કેટલાક અજાણ્યા વાહનો રાણીયા ગામની સીમમાં શંકાસ્પદ રીતે ફરતા જોવા મળ્યા હતા. આ માફિયાઓએ અવાવરુ ખેતરની પસંદગી કરીને તેમાં કાળા રંગનું ઘટ્ટ અને ઝેરી કેમિકલ ઠાલવી દીધું હતું. સવાર પડતા જ આ કેમિકલની ગંધ આસપાસના રહેણાંક વિસ્તારો સુધી પહોંચી હતી, જેના કારણે વૃદ્ધો અને બાળકોમાં ગૂંગળામણ જેવી ફરિયાદો ઉઠી છે. કેમિકલ માફિયાઓ દ્વારા આચરવામાં આવેલી આ ગેરકાયદે



પ્રવૃત્તિ માત્ર પર્યાવરણને જ નહીં, પરંતુ જમીનની ફળદ્રુપતાને પણ કાયમી નુકસાન પહોંચાડી શકે છે.

આ વિસ્તારમાં આ પ્રકારની ઘટના પહેલીવાર બની નથી. સાંકરદા અને ભાદરવા રોડ પર આવેલી અનેક કંપનીઓ અને બહારથી આવતા ટેન્કરો અવારનવાર આવો જોખમી કચરો ખેતરોમાં કે કોતરોમાં ઠાલવી જાય છે. મીડિયા અહેવાલ મુજબ, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) અને સ્થાનિક વહીવટી તંત્રની ઢીલી નીતિને કારણે જ માફિયાઓના મનોબળ વધ્યા છે. લોકોનો આક્ષેપ છે કે જીપીસીબી દ્વારા માત્ર કાગળ પર તપાસના નાટક કરવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં કોઈ નક્કર પગલાં લેવામાં આવતા નથી, જેના કારણે જન આરોગ્ય જોખમમાં મુકાયું છે.

રાણીયા ગામના ખેડૂતો અને રહીશોએ આ ઘટના બાદ એકત્ર થઈને તીવ્ર વિરોધ નોંધાવ્યો છે. ગ્રામજનોનું કહેવું છે કે જો આ કેમિકલ જમીનમાં ઉતરી જશે તો ભૂગર્ભ જળ પણ પ્રદૂષિત થશે, જે પીવાના પાણી માટે મોટું સંકટ ઊભું કરી શકે છે. ખેતરના માલિક અને સ્થાનિક અગ્રણીઓએ માંગ કરી છે કે પોલીસ અને જીપીસીબી દ્વારા સીસીટીવી ફૂટેજ ચકાસવામાં આવે અને જે ટેન્કર કે વાહનો આમાં સંડોવાયેલા હોય તેના માલિકો સામે ફોજદારી ગુનો દાખલ કરવામાં આવે.

અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા એવું જણાય છે કે કોઈ ઉદ્યોગ એકમે પોતાનો ટ્રીટમેન્ટ કોસ્ટ બચાવવા માટે આ જોખમી કચરો ગેરકાયદે રીતે નિકાલ કર્યો છે. કેમિકલના નમૂના લેબોરેટરીમાં મોકલવાની તજવીજ હાથ ધરવામાં આવી છે જેથી ખબર પડી શકે કે આ કયા પ્રકારનું ઝેર છે. જોકે, તંત્રની ઢીલી કામગીરીને કારણે માફિયાઓ પુરાવા નાશ કરવામાં સફળ રહેતા હોય છે.

**સુરત ફાયર બ્રિગેડ રેસ્ક્યુ ઓપરેશન થી મોટી જાનહાનિ ટળી**

## સુરત મિલેનિયમ-1 ટેક્સટાઈલ માર્કેટ આગ: રિંગરોડ પર અફરાતફરી

(એજન્સી) સુરત । તા. 25

ડાયમંડ સિટી અને ટેક્સટાઈલ હબ તરીકે જાણીતા સુરતના રિંગરોડ વિસ્તારમાં આવેલી મિલેનિયમ-1 ટેક્સટાઈલ માર્કેટમાં સોમવારે રાત્રે ભયાનક આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. માર્કેટના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી કાપડની દુકાનોમાં અચાનક લાગેલી આગને કારણે લાખો રૂપિયાનો કાપડનો જથ્થો જોખમમાં મુકાયો હતો. ઘટનાની ગંભીરતા જોતા સુરત ફાયર વિભાગની ૫ ગાડીઓ તત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને યુદ્ધના ધોરણે આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી.

આગની શરૂઆત માર્કેટના નીચેના માળેથી થઈ હતી. જોતજોતામાં ધુમાડાના ગોટેગોટા હવામાં ઉછળતા વેપારીઓ અને સ્થાનિક રહીશોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. જાગૃત વેપારીઓએ તરત જ પોતાની દુકાનોમાંથી કાપડના તાકા અને કિંમતી સામાન બહાર કાઢવાની કામગીરી શરૂ કરી દીધી હતી. પ્રાથમિક અંદાજ મુજબ, આગ લાગવાનું કારણ ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટ હોઈ શકે છે, જોકે સત્તાવાર તપાસ હજુ ચાલુ છે. આ જ માર્કેટમાં માત્ર ૨૩ દિવસ પહેલા પણ આગ લાગવાની ઘટના બની હતી. વારંવાર બનતી આવી દુર્ઘટનાઓએ માર્કેટની ફાયર સેફ્ટી સિસ્ટમ અને ઈલેક્ટ્રિકલ વાયરિંગ સામે અનેક સવાલો ઉભા કર્યા છે. ફાયર બ્રિગેડના જવાનોએ વિવિધ દિશાઓમાંથી પાણીનો મારો ચલાવીને આગને વધુ ફેલાતી અટકાવી હતી, જેના કારણે આસપાસની સેંકડો દુકાનો સુરક્ષિત રહી હતી. સદનસીબે, રાત્રિનો સમય હોવાથી અને વહેલી જાણ થતા કોઈ જાનહાનિના સમાચાર મળ્યા નથી. સુરતની સાંકડી ગલીઓમાં આવેલી ટેક્સટાઈલ માર્કેટ્સમાં ફાયર સેફ્ટીના નિયમોનું પાલન અત્યંત અનિવાર્ય છે. વારંવાર બનતી આવી ઘટનાઓ વેપારી આલમમાં ચિંતાનું મોજું ફેરવી દે છે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન અને ફાયર વિભાગ દ્વારા આગામી દિવસોમાં આ માર્કેટમાં ફાયર ઓડિટ કરવામાં આવે તેવી શક્યતા છે.

**જનકેન્દ્રિત પ્રશાસન અને પારદર્શિતા નર્મદા જિલ્લાની ઓળખ**

## નર્મદા જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ હેઠળ 10 પ્રશ્નોનો નિકાલ

(એજન્સી) રાજપીપલા । તા. 25

નર્મદા જિલ્લા કલેક્ટર એસ. કે. મોદીની અધ્યક્ષતામાં જિલ્લા કલેક્ટર કચેરી ખાતે 'જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' યોજાયો હતો. રાજ્ય સરકારના લોકાભિમુખ અભિગમને સાર્થક કરતા આ કાર્યક્રમમાં જિલ્લાના નાગરિકોના વ્યક્તિગત અને જાહેર સુખાકારીના પ્રશ્નો સાંભળી તેનું ત્વરિત નિરાકરણ લાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ પ્રશાસન અને જનતા વચ્ચે વિશ્વાસનો મજબૂત સેતુ સાબિત થઈ રહ્યો છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ કાર્યક્રમમાં કુલ ૧૦ જેટલી અરજીઓ ઓનલાઈન માધ્યમથી પ્રાપ્ત થઈ હતી. જેમાં આંગણવાડીના મકાન, સરકારી યોજનાઓની નાણાકીય બાબતો, RCC રસ્તાના નિર્માણ, જમીન માપણી (રિસર્વે), સ્માર્ટ મીટર સંબંધિત મૂંઝવણો અને વૃદ્ધ પેન્શન યોજના જેવા મહત્વના પ્રશ્નોનો સમાવેશ થાય છે. કલેક્ટરશ્રીએ સંબંધિત વિભાગના અધિકારીઓની હાજરીમાં અરજદારો સાથે સીધો સંવાદ કરી સ્થળ પર જ જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

બેઠક દરમિયાન કલેક્ટર એસ. કે. મોદીએ અધિકારીઓને તાકીદ કરી હતી કે નાગરિકોની ફરિયાદો પ્રત્યે સંવેદનશીલ અભિગમ દાખવવો જોઈએ. તેમણે સ્પષ્ટ કર્યું કે સરકારની માર્ગદર્શિકા મુજબ દરેક પ્રશ્નનું ઝડપી અને સચોટ નિરાકરણ લાવવું એ વહીવટી તંત્રની પ્રાથમિકતા છે. સ્વાગત કાર્યક્રમને કારણે વહીવટ વધુ પારદર્શક, જવાબદાર અને જનકેન્દ્રિત બન્યો છે.

મીડિયા અહેવાલ અનુસાર, આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી આર. વી. વાળા, નિવાસી અધિક કલેક્ટર સી. કે. ઉંધાડ સહિત તાલુકા કક્ષાના વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અરજદારોએ પણ પોતાના પ્રશ્નોના સંતોષકારક નિકાલ બદલ જિલ્લા વહીવટી તંત્રનો આભાર માન્યો હતો.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
THURSDAY • 26-03-2026

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારી પીવાની આદતથી મુક્ત થવા માટે આજે ખૂબ જ શુકનવંતો દિવસ છે. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધો માં મજબૂતી આવશે। મિત્રો દ્વારા તમે મહત્વના સંપર્કો બનાવશો.

**વૃષભ : બ. વ. ઉ.**

કામનું દબાણ તથા ઘરમાં તકલીફ તાણ લાવી શકે છે. કેટલાક બાકી રહેલા મુદ્દા વધુ ઘેરા બનશે તથા ખર્ચનો મુદ્દો તમારા મગજમાં ઘુમરાયા કરશે. તમારી માટે એ સમજવાનો સમય આવી ગયો છે કે ગુસ્સોએ ટૂંકા ગાળાનું ગાંડપણ છે અને તે તમને મુશ્કેલીમાં મુકી શકે છે.

**મિથુન : ક. છ. ઘ.**

મિત્ર અથવા કોઈ ઓળખીતાનું સ્વાર્થી વર્તન તમારી માનસિક શાંતિને હણી નાખશે. બૅન્કને લગતા કાર્યો ખૂબ જ તકેદારીપૂર્વક પાર પાડવાની જરૂર પડશે. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો.

**કર્ક : ડ. હ.**

ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે-કોઈપણ નિર્ણય લેતા પહેલા તમામ સારાં નરસાં પાસાંને તકેદારીપૂર્વક ચકાસજો.

**સિંહ : મ. ટ.**

તમારી શક્તિને પુનઃપ્રાપ્ત કરવા સંપૂર્ણ આરામ લો કેમ કે નબળું શરીર મગજને પણ નબળું પાડે છે. તમારે તમરી સાચી ક્ષમતા વિશે સમજવું રહ્યું કેમ કે તમે દ્રઢતામાં પાછળ નથી પડતા પણ ઈચ્છાશક્તિમાં પડો છો.

**કન્યા : પ. ઠ. ણ.**

મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ સાવચેત રહેજો, વધુ પડતું ખવાઈ જશે તો તમારી સવાર બગડશે. તમારા માતા પિતા આજે તમારી ફિજૂલખર્ચી જોઈ ચિંતિત થયી શકે છે અને તમને તેમના ગુસ્સા નો ભોગ બનવો પડી શકે છે.

**તુલા : ર. ત.**

લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે.

**વૃશ્ચિક : ન. ય.**

તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે.તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. સૌથી અણધાર્યા સાધનોમાંથી તમે કમાણી કરો એવી શક્યતા છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે.

**મકર : ખ. જ.**

રિયલ એસ્ટેટ અને આર્થિક વ્યવહારો માટે સારો દિવસ. તમારા જીવનસાથીની સંગતમાં રાહત-આરામ તથા પ્રેમ શોધો. તમારા પ્રિયપાત્ર અથવા જીવનસાથી સાથે સારો સંવાદ અથવા તેમના તરફથી સારો સંદેશ આજે તમારૂં મનોબળ વધારશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. તમારા પ્રિય લોકો ખુશખુશાલ છે તથા તમારે તેમની સાથે સાંજ માટે કોઈક યોજના ઘડજો.

**મીન : દ.ચ. ઝ. થ.**

તમને તમારા ટૅન્શનમાંથી મુક્તિ મળે એવી શક્યતા છે. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો। તમારા જેવા જ રસના વિષયો ધરાવતા લોકો સાથે તમે સંપર્કમાં આવો એવી પ્રવૃત્તિઓમાં તમારે સામેલ થવું જોઈએ.

### છત આપવામાં નહીં આવે, તો આવનારી સ્વરાજ ચૂંટણીનો બહિષ્કાર કરવામાં આવશે

# ગાંધીધામમાં બહુજન આર્મી સંગઠનની રચના, ગરીબોના મકાન મુદ્દે આંદોલનની ચેતવણી

| મહેશ એલ. સોની | નખત્રાણા

ગાંધીધામ મધ્યે આદિપુર GIDC વિસ્તારના ગણેશનગર, ખોડિયાર નગર અને ભારતનગર વિસ્તારમાં રહેતા સ્થાનિક ભાઈ-બહેનો દ્વારા બહુજન આર્મીના સંસ્થાપક લખનભાઈ ધુવા ની આગેવાની હેઠળ બહુજન આર્મી સંગઠનની રચના કરવામાં આવી હતી.આ બેઠક દરમિયાન ચેતનભાઈ મહેશ્વરીને ગાંધીધામ પ્રમુખ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. સાથે જ મારવાડા પ્રકાશભાઈ રતિલાલ અને સંઘાર નાસીરભાઈ આધમને ઉપપ્રમુખ તરીકે નિમણૂંક આપવામાં આવી હતી. જયેશભાઈ સોલંકીને મહામંત્રી અને રાહુલભાઈ ડુંગરકિયાને સંગઠનમંત્રી તરીકે જવાબદારી સોંપવામાં આવી.બેઠકમાં લખનભાઈ ધુવાએ "ગ્રીન કોરિડોર"ના નામે આદિપુર-ગાંધીધામ વિસ્તારમાં ગરીબોના મકાનો તોડવામાં આવી રહ્યા હોવાનો મુદ્દો ઉઠાવ્યો હતો અને જણાવ્યું હતું કે આ બાબતે તંત્ર સામે લડત શરૂ કરવામાં આવી છે. વિસ્તારના લોકો દ્વારા પોતાના પરિવાર માટે વૈકલ્પિક રહેઠાણની માંગ સાથે એકમતથી સંકલ્પ લેવાયો હતો.સંગઠન દ્વારા ચેતવણી આપવામાં આવી કે જો ટૂંક સમયમાં મકાન ગુમાવનાર પરિવારોને વૈકલ્પિક છત આપવામાં નહીં આવે, તો આવનારી સ્વરાજ ચૂંટણીનો બહિષ્કાર કરવામાં આવશે અને કોઈ પણ રાજકીય પક્ષને મત આપવામાં નહીં આવે.આ ઉપરાંત, તંત્ર ગરીબોને સોલ્ટિંગ હાઉસ અને રહેઠાણ ફાળવવામાં નિષ્ફળ રહેશે તો બહુજન આર્મી દ્વારા ગાંધીધામ વિસ્તારમાં દારૂના દૂષણ સામે જનઆંદોલન શરૂ કરવાની પણ ચેતવણી આપવામાં આવી હતી. સાથે જ ગેરકાયદે બાંધકામ, મોટી હસ્તીઓની ગેરકાનૂની ઓફિસો અને હોટલો સામે જાહેર વિરોધ નોંધાવવાની પણ જાહેરાત કરવામાં આવી હતી.





## નલીયા ખાતે 'બહુજન આર્મી' દ્વારા જાહેર સભાનું આયોજન

| મહેશ એલ.સોની | નખત્રાણા

અબડાસા તાલુકાના પ્રાણપ્રશ્નો અને લોકમુદ્દાઓ અંગે ચર્ચા કરવા માટે 'બહુજન આર્મી' દ્વારા નલીયા ખાતે જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સભામાં શિક્ષણ, આરોગ્ય, ગૌચર દબાણ, ખેડૂતોની સમસ્યાઓ, નર્મદાના પાણીની સમસ્યા, રોડ રસ્તાઓની હાલત, વહિવટ તંત્રમાં ભ્રષ્ટાચાર, ખનિજ ચોરી, APMC માર્કેટની જરૂરિયાત સહિતના અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.સભામાં આશાવર્ક બહેનો, આંગણવાડી બહેનો, માલધારીઓ તથા ગેરકાયદેસર દારૂ જેવી સમસ્યાઓને પણ મુખ્યત્વે ઉઠાવવામાં આવશે. ઉપરાંત ઉચ્ચ શિક્ષણ માટે ITI અને પોલિટેકનિકની જરૂરિયાત પર પણ ધ્યાન કેન્દ્રિત કરાશે. આ જાહેર સભા તા. ૨૯ માર્ચ ૨૦૨૬, રવિવારના રોજ સાંજે ૫:૦૦ કલાકે ગાંધી ચોક, મેઈન બજાર, નલીયા-કચ્છ ખાતે યોજાશે. સભાના સંયોજકો તરીકે બહ લખનભાઈ ધુવા સંસ્થાપક બહુજન આર્મી, અનવરભાઈ મંધરા મુસ્લિમ સમાજ અગ્રણી (એડવોકેટ), દિવ્યરાજસિંહ જાડેજા ક્ષત્રિય સમાજ અગ્રણી, મનજી મહેશ્વરી મહેશ્વરી સમાજ અગ્રણી, રાહુલ અબોટી બ્રહ્મ સમાજ અગ્રણી, દેવજી બૂચિયા મારવાડા સમાજ અગ્રણી, અજય મકવાણા, ઈસ્માઈલ સુમરા,મહોબ્બતસિંહ જાડેજા, રાહુલ રાજગોર, તરુણ જોષી, સહિતના આગેવાનો જોડાયેલા છે.

### 1 એપ્રિલથી રાબેતા મુજબ શરૂ થશે

## ભાવનગર માર્કેટીંગ યાર્ડમાં કાલથી 6 દિવસનું મીની વેકેશન જાહેર

ભાવનગર : ભાવનગર માર્કેટીંગ યાર્ડમાં તહેવારો અને માર્ચ એન્ડીંગને લઈ તા. ૨૬થી ૩૧ માર્ચ સુધી અનાજ - કટોળ સહિતની હરાજીનું કામકાજ બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. જ્યારે તા. ૧ એપ્રિલથી રાબેતા મુજબ કામકાજ શરૂ થશે.

માર્કેટીંગ યાર્ડ ભાવનગર-ઘોઘામાં હાલ નવા ઘઉંની આવક શરૂ થવા પામી છે અને રોજિંદી ત્રણ હજાર ગુણી આવી રહી છે. તો આ સાથે ધાણાની એક હજાર ગુણી, ડુંગળીની આઠથી નવ હજાર ગુણીની આવક જોવા મળે છે. જ્યારે આગામી દિવસોમાં રામ નવમી, મહાવીર જયંતી તથા માર્ચ એન્ડીંગને લઈ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા તા. ૨૬થી સળંગ છ દિવસ માટે અનાજ, કઠોળ, તેલીબીયા, કપાસ તથા ડુંગળીની હરાજીનું કામકાજ બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. જ્યારે શાકભાજીની આવક શરૂ રહેશે. તો લીંબુની જાહેર હરાજી તા. ૨૬મીએ બંધ રહેશે. આમ મીની વેકેશન બાદ તા. ૧ એપ્રિલથી તમામ જણસીની જાહેર હરાજીનું કામકાજ રાબેતા મુજબ શરૂ થશે.

### બરવાળામાં બાઈક અને રીક્ષા અથડાતા યુવાનનું મોત

ભાવનગર : મોટરસાયકલ માં પેટ્રોલ પુરાવીને ઘર તરફ આવી રહેલા બે ભાઈઓની બાઈક સાથે રીક્ષા અથડાતા યુવાનનું મોત નિપજ્યું હતું. બરવાળા ખોડીયાર મંદિર પાછળ રહેતા રમેશભાઈ પરમારના ભત્રીજા વિપુલભાઈ ગોરહવા અને સનીભાઈ જેન્તીભાઈ પોતાના મોટર સાયકલ લઈને પેટ્રોલ પુરાવી ઘર તરફ આવી રહ્યા હતા તે દરમિયાન સામેથી આવી રહેલ રીક્ષા નંબર જીજે-૩૩-યુ-૦૮૩૬ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવી બાઈક સાથે અથડાવી દેતા બાઈક ચાલક સનીભાઈને ગંભીર ઈજા થતા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું મોત નિપજ્યું હતું.

### ટ્રસ્ટી તરીકે નિમણૂક

## મોરજર જીનામ સેવા સંઘમાં ચેતનભાઈ ઠક્કરની ટ્રસ્ટી તરીકે નિમણૂક

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના મોરજર ખાતે આવેલ "જીનામ સેવા સંઘ પુંજલદાદા અખાડા" માં ટ્રસ્ટી તરીકે ચેતનભાઈ બાબુલાલ ઠક્કરની વરણી થતાં સર્વત્ર આનંદની લાગણી વ્યાપી છે. આ નિમણૂક બદલ સમાજના આગેવાનો અને સેવાભાવી કાર્યકરો દ્વારા હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.મૂળ નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી)ગામના હાલે નખત્રાણા ખાતે રહેતા સેવાભાવિ શ્રી ચેતનભાઈ ઠક્કર લાંબા સમયથી સેવાકીય પ્રવૃત્તિઓમાં સક્રિય રહ્યા છે. જરૂરિયાતમંદ લોકોને સહાય કરવી, ગરીબ વિદ્યાર્થીઓને અભ્યાસ માટે આર્થિક મદદ પૂરી પાડવી તેમજ મંદિરોમાં ધાર્મિક સેવા સાથે પક્ષીઓને ચણનું દાન આપવું જેવી પ્રવૃત્તિઓમાં તેઓ સતત જોડાયેલા રહે છે.



### નલીયા ખાતે 'બહુજન આર્મી' દ્વારા જાહેર સભાનું આયોજન

## શિક્ષણ, આરોગ્ય, પાણી, ખેડૂત અને ભ્રષ્ટાચાર જેવા મુદ્દાઓ પર થશે ચર્ચા




જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

અબડાસા તાલુકાના પ્રાણપ્રશ્નો અને લોકમુદ્દાઓ અંગે ચર્ચા કરવા માટે 'બહુજન આર્મી' દ્વારા નલીયા ખાતે જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સભામાં શિક્ષણ, આરોગ્ય, ગૌચર દબાણ, ખેડૂતોની સમસ્યાઓ, નર્મદાના પાણીની સમસ્યા, રોડ રસ્તાઓની હાલત, વહિવટ તંત્રમાં ભ્રષ્ટાચાર, ખનિજ ચોરી, APMC માર્કેટની જરૂરિયાત સહિતના અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.

સભામાં આશાવર્ક બહેનો, આંગણવાડી બહેનો, માલધારીઓ તથા ગેરકાયદેસર દારૂ જેવી સમસ્યાઓને પણ મુખ્યત્વે ઉઠાવવામાં આવશે. ઉપરાંત ઉચ્ચ શિક્ષણ માટે ITI અને પોલિટેકનિકની જરૂરિયાત પર પણ ધ્યાન કેન્દ્રિત કરાશે.

આ જાહેર સભા તા. ૨૯ માર્ચ ૨૦૨૬, રવિવારના રોજ સાંજે ૫:૦૦ કલાકે ગાંધી ચોક, મેઈન બજાર, નલીયા-કચ્છ ખાતે યોજાશે. સભાના સંયોજકો તરીકે બહ લખનભાઈ ધુવા સંસ્થાપક બહુજન આર્મી, અનવરભાઈ મંધરા મુસ્લિમ સમાજ અગ્રણી (એડવોકેટ), દિવ્યરાજસિંહ જાડેજા ક્ષત્રિય સમાજ અગ્રણી, મનજી મહેશ્વરી મહેશ્વરી સમાજ અગ્રણી, રાહુલ અબોટી બ્રહ્મ સમાજ અગ્રણી, દેવજી બૂચિયા મારવાડા સમાજ અગ્રણી, અજય મકવાણા, ઈસ્માઈલ સુમરા,મહોબ્બતસિંહ જાડેજા, રાહુલ રાજગોર, તરુણ જોષી, સહિતના આગેવાનો જોડાયેલા છે. આ જાહેર સભામાં મોટી સંખ્યામાં લોકો હાજરી આપશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

## રાજપીપલા ના એડવોકેટ વંદના ભટ્ટ ગુજરાત બાર કાઉન્સિલ માં ચૂંટાતા વકીલ મંડળ ની ભવ્ય વિજય યાત્રા







(એજન્સી) રાજપીપલા | તા.25

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની પ્રતિષ્ઠાભરેલી ચૂંટણીમાં રાજપીપલા વકીલ મંડળ ના પ્રમુખ વંદના આઈ. ભટ્ટે ભવ્ય વિજય પ્રાપ્ત કરી નર્મદા જિલ્લાને પ્રથમ વખત આ ગૌરવપૂર્ણ પ્રભુત્વ અપાવ્યું છે, જે સમગ્ર જિલ્લામાં આનંદ અને ગર્વનો વિષય બન્યો છે.આ વિજય ને વધાવવા તા. ૨૪-૦૩-૨૦૨૬ ના રોજ સાંજે ૫:૦૦ થી ૭:૦૦ દરમિયાન અત્રે હરસિદ્ધિ માતાના મંદિરથી નવી કોર્ટ સુધી ભવ્ય વિજય યાત્રા યોજાઈ હતી આ વિજયયાત્રા માં નર્મદા જિલ્લાના વકીલ મિત્રો તથા શુભેચ્છકો ઉત્સાહપૂર્વક મોટી સંખ્યામાં જોડાયા હતા. વિજય સરઘસનું આયોજન સુવ્યવસ્થિત રીતે કરવામાં આવ્યું હતું, જેમાં સૌપ્રથમ DJ સાથે સરઘસની શરૂઆત થઈ, ત્યારબાદ ખુલ્લી જીપમાં વિજયી વંદના આઈ. ભટ્ટ, પછી બુલેટ સવાર, એક્ટિવા સવાર, બાઈક સવાર અને અંતે કાર સવારોએ ઉમંગભેર ભાગ લીધો હતો. સમગ્ર માર્ગ દરમિયાન આનંદમય માહોલ અને ઉત્સાહજનક વાતાવરણ જોવા મળ્યું હતું. વિજય સરઘસ પૂર્ણ થયા બાદ નવી કોર્ટ કંપાઉન્ડ ખાતે ઉપસ્થિત તમામ વકીલ મિત્રો અને મહેમાનો માટે સુરુચિ ભોજન પણ રાખવામાં આવ્યું હતું,

## જમણવાવના શખ્સને કોર્ટે 10 વર્ષની સજા ફટકારી

ભાવનગર : પાલિતાણાના જમણવાવ ગામના શખ્સને પોક્સો સહિતની કલમ હેઠળ નોંધાયેલા ગુનામાં ભાવનગર કોર્ટે ૧૦ વર્ષની સજા અને રોકડ રકમનો દંડ ફટકાર્યો છે. જમણવાવ ગામે રહેતો રવિ શાંતિભાઈ સરવૈયા (ઉ.વ.૨૦) નામના શખ્સે દોઢ વર્ષ પૂર્વે એક સગીરાનું અપહરણ કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી તેણી સાથે બે વખત દુષ્કર્મ આચર્યું હતું. રવિ સરવૈયા સામે પાલિતાણા ટાઉન પોલીસમાં બીએનએસની કલમ ૧૩૭ (૨), ૩૫૧ (૩), ૬૪ (૨) (આઈ) (એમ) અને પોક્સો એક્ટની કલમ ૪, ૮ મુજબનો ગુનો નોંધાતા પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. ભાવનગરના ત્રીજા એડીશનલ સેશન્સ જજની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ ગીતાબા જાડેજાની અસરકારક દલીલો, આધાર-પુરાવા અને સાક્ષી વગેરેને ધ્યાને રાખી ન્યાયાધીશ દવેએ આરોપી રવિ સરવૈયાને ૧૦ વર્ષ કેદની સજા અને રોકડ રકમનો દંડ ભરવા હુકમ કર્યો છે.

## ઉત્તર બુનિયાદી શાળાને મહર્ષિ સ્વામી સચ્ચિદાનંદ સાથે જોડી શાળાનું નામકરણ કરાયું





| નિતીન ઠાકર | ચાણસ્મા

સમી તાલુકાના બાષ્પા ગામે આવેલી ગાંધી આશ્રમ સંચાલિત ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળાના મહર્ષિ શ્રી સરિચદાનંદ સ્વામી ના ના નામ સાથે જોડી નામકરણ કરવાનો સુંદર કાર્યક્રમ યોજાયો હતો આ પ્રસંગે ગાંધી આશ્રમના સંચાલક પદ્મશ્રી માલજીભાઈ. દેસાઈએ સ્વાગત પ્રવચન સાથે ગાંધી આશ્રમ દ્વારા સંચાલિત શૈક્ષણિક પ્રવાહ ના ઉદભવ થી આજ સુધી ની યાત્રાનો ચિતાર આપ્યો હતો જ્યારે મહર્ષિ સચિદા નંદ સ્વામી એ. કથાકાર અને કલાકારની સેવા કીય પ્રવૃત્તિઓને બિરદાવી પદ્મશ્રી શાહબુદ્દીનભાઈ રાઠોડને રાષ્ટ્રવાદી સાથે માનવતાવાદના સાચા કલાકાર તરીકે. બિરદાવ્યા હતા. શાહબુદ્દીનભાઈએ હળવી રમુજ ટુચકા સાથે ઉપસ્થિત શ્રોતા જનો ને આનંદિત કર્યા હતા.જ્યારે જગદીશભાઈ ત્રિવેદી એ ગાંધી આશ્રમ સંચાલીત શૈક્ષણિક સંસ્થાઓની સરાહના કરી હતી કાર્યક્રમ સફળ સંચાલન. શાળા ના આચાર્ય જસુભાઈ દેસાઇ પન્નાલાલ સહીત શાળાના કર્મચારીઓએ સુંદર આયોજન કર્યું હતુ

### નખત્રાણા નગર બનશે ભક્તિમય

## નખત્રાણા લોહાણા મહાજન દ્વારા રામ જન્મોત્સવનું વિશાળ આયોજન



જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા ખાતે શ્રી નખત્રાણા લોહાણા મહાજન દ્વારા મર્યાદા પુરુષોત્તમ શ્રી રામ ની જન્મ જયંતિ નિમિત્તે પાવન પ્રસંગે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.આ કાર્યક્રમ ચૈત્ર સુદ ૮ના પવિત્ર દિવસે તા. ૨૭ માર્ચ ૨૦૨૬, શુક્રવારે ઉજવાશે. કાર્યક્રમ અંતર્ગત સવારે ૧૧:૦૦ કલાકે ભજન સત્સંગ, બપોરે ૧૨:૦૦ કલાકે રામ જન્મોત્સવ, બપોરે ૧૨:૩૦ કલાકે રાસ ગરબા અને બપોરે ૧:૦૦ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

મહાઆરતી ધર્મેશ કાનજી, જૂનાવાસ ખાતે યોજાશે જ્યારે મહાપ્રસાદ શ્રી લોહાણા મહાજન વાડી, મેઈન બજાર નખત્રાણા ખાતે રાખવામાં આવ્યો છે. આ પવિત્ર પ્રસંગે મહાપ્રસાદમાં સહયોગી દાતાશ્રી તરીકે શ્રી કુમુદબેન પોપટલાલ કાંકાણી, શ્રી વસંતબેન મુકેશલાલ કાંકાણી તથા શ્રીમતી સ્વાતિબેન શૈલેશભાઈ કાંકાણી દ્વારા વિશેષ સહયોગ આપવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં શ્રી નખત્રાણા લોહાણા મહાજન, યુવક મંડળ અને મહિલા મંડળ દ્વારા સર્વે ધર્મપ્રેમી ભાઈઓ-બહેનોને સહપરિવાર ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### નખત્રાણા નગરપાલિકા દ્વારા યોજાયેલ ખાતમુર્હુત લોકાર્પણ કાર્યક્રમનો કોંગ્રેસને દ્વારા ઉગ્ર વિરોધ

# પ્રજાના પૈસે તાયફા હવે સાખી નહિ લેવાય: જિલ્લા કોંગ્રેસ મહામંત્રી અશ્વિન રૂપારેલ

| મહેશ એલ. સોની | નખત્રાણા

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી હવે નજીક આવી રહી છે ત્યારે નગરપાલિકા આયોજિત લોકાર્પણ અને ખાતમુર્હુત કાર્યક્રમમાં ભાજપ પ્રમુખ તેમજ મંત્રીના નામે જાહેરાત પ્રસિદ્ધ કરી પ્રજા ના પૈસે તાયફા કરી લોકોને ગુમરાહ કરવામાં આવતા કોંગ્રેસ પક્ષને દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો.૨૨ માર્ચ ૨૦૨૬ ના રોજ નખત્રાણા નગરપાલિકા દ્વારા રૂડી સતીમાના સ્થાનક પાસે અબડાસા ધારાસભ્ય શ્રી હસ્તે ખાતમુર્હુત લોકાર્પણ કાર્યક્રમનો કાર્યક્રમ ઘડી કઢાયો હતો જેમાં કોંગ્રેસ પક્ષને કાર્યક્રમથી અળગો રાખવામાં આવેલ જેથી કોંગ્રેસે કાળા વાવટા લહેરાવી ,રેલી યોજી ભાજપ તેરી તાનાશાહી નહિ ચલેગી, ભાજપ હમશે ડરતી હૈ તો પુલિસ કો આગે કરતી હૈ ના નારા સાથે વિરોધ નોંધાવ્યો હતો.કચ્છ જિલ્લા કોંગ્રેસ મહામંત્રી શ્રી અશ્વિનભાઈ રૂપારેલ તેમજ નખત્રાણા શહેર પ્રમુખ રાજેશ ભાઈ આહિરે ઉગ્ર વિરોધ સાથે જણાવ્યું હતું કે હાલ નગરપાલિકાનો વહીવટ વહીવટદાર પાસે છે ત્યારે નગરપાલિકા દ્વારા પ્રજા તેમજ દરેક પક્ષને આમંત્રિત કરવાનું હોય છે છતાં પણ માત્ર એક જ પક્ષને આમંત્રિત કરી કોંગ્રેસ પક્ષને કાર્યક્રમથી વંચિત રાખી તાનાશાહીનો પરિચય કરાવ્યો છે. નગરપાલિકા દ્વારા એક તરફી આમંત્રણથી રોષે ભરાયેલા કોંગ્રેસ પક્ષના નેતાઓએ જબરો વિરોધ નોંધાવી આગામી દિવસોમાં તાલુકામાં આવા કોઈ પણ પ્રકારના કાર્યક્રમો નો વિરોધ કરશે એવી ચીમકી ઉચ્ચારી હતી.નખત્રાણા તાલુકા શહેર પ્રમુખ રાજેશ ભાઈ આહિર, લખમીરભાઈ રબારીની આગેવાની હેઠળ જિલ્લા કોંગ્રેસ મહામંત્રી અશ્વિનભાઈ રૂપારેલ, તાલુકા પંચાયત વિપક્ષી નેતા કેતનભાઈ પાંચાણી , એસ સી સેલના જિલ્લા ચેરમેન નરેશ ભાઈ ફુલીયા,વંકાભાઈ રબારી, રાજેશદાન ગઢવી, ખમીશાભાઈ ખત્રી, ભીમજીભાઈ વાઘેલા, મંગાભાઈ લધા મારવાડા, કરણભાઈ બુચિયા, ગીતેશભાઈ ઠક્કર, જીતુભા જાડેજા, રાજેશ ભાઈ જોશી, નરેશભાઈ શાહ સહિત મોટી સંખ્યામાં અગ્રણીઓ જોડાયા હતા. પોલીસ દ્વારા વિરોધ પ્રદર્શન કરી રહેલા કાર્યકરોની અટકાયત કરાઈ હતી.





### પ્રાંત અધિકારીની મંજૂરી લેવાની રહેશે

## જામનગરના 29 જેટલા વિસ્તારોમાં 5 વર્ષ માટે અશાંતધારો લાગુ કરવામાં આવ્યો

| વિશાલ જે હરવરા | જામનગર

જામનગર તા.25 માર્ચ, જામનગર શહેરના સીટી સર્વે-૧માં સમાવિષ્ટ વિસ્તાર રાજગોર ફળી, ગણેશફળી, દેવબાગ, સમૃદ્ધિ એપાર્ટમેન્ટ, સુતરીયા ફળી, વઝીર ફળી, શત્રુખાના, ડેલી ફળી, વજુ કંદોઈની ડેલી, બારોટ ફળી, ટાંક ફળી, હેવલી શેરી, ધોરમ ફળી, સોની ફળી, મોટુ ફળી, દેહરા ફળી, વંડા ફળી, ખારા કૂવા, સોઢાનો ડેલો, પુનાતર ફળી, ઘોઘીનો ડેલો, વારીયાનો ડેલો, ભોઈવાડો, કુંભારવાડો, ખવાસ વાડો, કોલીવાડ, અણદાબાવાનો ચકલો અને નાગર ચકલો તથા સીટી સર્વે-૨માં સમાવિષ્ટ પંચવટી વિસ્તારમાં 22 માર્ચ 2031 સુધી 5 વર્ષ માટે અશાંતધારો લાગુ કરવામાં આવ્યો છે.જેથી આ વિસ્તારમાં મિકલતની તબદીલી સમયે ગુજરાત અશાંત વિસ્તાર ખાતેની મિકલતની તબદીલી પર પ્રતિબંધ મુકવા તથા તે વિસ્તારોમાંથી ભાડૂતોને ખાલી કરાવવા માંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ની કલમ-૪,૫ તથા ૫-(એ)ની જોગવાઈઓ મુજબ સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારીશ્રી જામનગર શહેરની પૂર્વ પરવાનગી મેળવવાની રહેશે. તેમ જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# શેરબજારમાં જબરદસ્ત તેજી, સેન્સેક્સમાં 1205 અંકનો ઉછાળો




(એજન્સી) મુંબઈ | તા.25

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ઈરાનમાં સંઘર્ષ સમાપ્ત થઈ ગયો હોવાના નિવેદન બાદ બજારમાં ખરીદીની ગતિવિધિ જોવા મળી રહી છે. ભારતીય શેરબજારમાં બુધવારે તેજી ભર્યો રહ્યો. કારણ કે શેરબજારમાં આજે તોફાની તેજી જોવા મળી રહી છે. સેન્સેક્સ અને નિફ્ટી બંને તેજી સાથે બંધ થયા છે. અમેરિકા દ્વારા ઈરાન સાથે સંઘર્ષ પૂર્ણ થયાના નિવેદનો બાદ આ તેજી જોવા મળી છે. બપોરે 3.30 કલાકે સેન્સેક્સ પોઈન્ટના વધારા સાથે 1205 અંકે બંધ થયો છે. જ્યારે નિફ્ટી 392.70 પોઈન્ટના વધારા સાથે 23,305.10 અંકે બંધ થયો છે. મહત્વનું છે કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદન બાદ બજારમાં ખરીદીની ગતિવિધિ જોવા મળી રહી છે. સોમવારે ટ્રમ્પે પુનરોચ્ચાર કર્યો હતો કે મધ્ય પૂર્વમાં યુદ્ધ સમાપ્ત કરવા અંગે ચર્ચાઓ ચાલી રહી છે. ટ્રમ્પે દાવો કર્યો હતો કે અમેરિકાએ ઈરાનના સમગ્ર નેતૃત્વને ખતમ કરી દીધું છે, અને હવે એક નવું નેતૃત્વ ઉભરી આવ્યું છે.

## વૈશ્વિક બજારોમાં તેજી

બુધવારે શરૂઆતના કારોબારમાં જાપાન, દક્ષિણ કોરિયા, ચીન અને ઓસ્ટ્રેલિયાના બજારો ઊંચા સ્તરે ખુલ્યા. ટ્રમ્પના એક નિવેદનથી આ ઉછાળો આવ્યો, જેનાથી આશા જાગી કે મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવ ટૂંક સમયમાં ઓછો થઈ શકે છે. જાપાનનો નિક્કી 225 અને દક્ષિણ કોરિયાનો KOSPI અનુક્રમે 2.9 ટકા અને 3.05 ટકા વધીને ટ્રેડ થઈ રહ્યો હતો. દરમિયાન, યુ.એસ.માં, S&P 500 અને ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ સોમવારે નીચા સ્તરે બંધ થયા, જેમાં અનુક્રમે 0.37 ટકા અને 0.18 ટકાનો ઘટાડો થયો. નાસ્ડેક કમ્પોઝિટ 0.84 ટકા ઘટીને બંધ થયો. બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો. ધ ન્યૂ યોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ, યુ.એસ.એ યુદ્ધ ટાળવાના પ્રયાસમાં પાકિસ્તાન દ્વારા ઈરાનને 15-પોઈન્ટની યોજના જણાવી છે. ટ્રમ્પે એમ પણ કહ્યું કે તેહરાન શાંતિ કરાર માટે તૈયાર છે.



## સોના ચાંદીના ભાવમાં ઉછાળો છતાં માર્ચમાં મોટો ઘટાડો નોંધાયો

મુંબઈ: વૈશ્વિક સ્તરે છવાયેલી આર્થિક અનિશ્ચિતતા અને બદલાતા રોકાણ પ્રવાહ વચ્ચે બુધવારે ભારતીય બજારમાં સોના અને ચાંદીના ભાવમાં નોંધપાત્ર રિકવરી જોવા મળી છે. જોકે, આ ઉછાળા છતાં માર્ચ મહિનામાં કિંમતી ધાતુઓ ભારે દબાણ હેઠળ રહી છે. આંકડાકીય દૃષ્ટિએ જોઈએ તો, માર્ચ મહિનામાં સોનાના ભાવમાં ૧૩ ટકા અને ચાંદીમાં ૨૦ ટકાથી વધુનો ધરખમ ઘટાડો નોંધાયો છે. નિષ્ણાતો આ રિકવરીને 'ડેડ કેટ બાઉન્સ' અથવા ટૂંકા ગાળાનો સુધારો માની રહ્યા છે, કારણ કે વૈશ્વિક પરિબળો હજુ પણ સોના પર દબાણ બનાવી રહ્યા છે. બુધવારે બજાર ખુલતાની સાથે જ ૨૪ કેરેટ સોનાના ભાવમાં ૩ ટકાથી વધુનો વધારો જોવા મળ્યો હતો, જેનાથી ૧૦ ગ્રામ સોનાનો ભાવ ૧,૪૩,૩૩૯ રૂપિયા પર પહોંચી ગયો હતો. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) ના ડેટા મુજબ, ૨ માર્ચના રોજ સોનું ૧,૬૯,૩૦૦ રૂપિયાના સ્તરે હતું, જે ૨૫ માર્ચ સુધીમાં ૧૩.૬૯ ટકા ઘટીને ૧,૪૪,૩૩૯ રૂપિયા પર આવી ગયું છે.

# News Brief

## ટાટા પાવરે મુંબઈ-અમદાવાદ હાઈવે પર 180 kWના ફાસ્ટ ચાર્જર સાથે ઈન્ટરસિટી ઈ-મોબિલિટીને વેગ આપ્યો

મુંબઈ-અમદાવાદ હાઈવે પર ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ કરનારાઓ માટે હવે લાંબી હાઈવે યાત્રા વધુ ઝડપી અને આરામદાયક બનવા જઈ રહી છે. ટાટા પાવરે આજે જાહેરાત કરી હતી કે તેણે સૌપ્રથમ 180 kWનું અલ્ટ્રા-ફાસ્ટ EV ચાર્જીંગ સ્ટેશન વિઠ્ઠલ કામત રેસ્ટોરન્ટ (દુર્વેસ, મનોર, રાષ્ટ્રીય ધોરીમાર્ગ-48 મુંબઈ-અમદાવાદ હાઈવે) પર શરૂ કર્યું છે. તે ભારતના EV ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવાની દિશામાં એક અત્યંત મહત્વનું સીમાચીન્હરૂપ પગલું છે.દેશના સૌથી વ્યસ્ત ઈન્ટરસિટી કૉરિડોર પૈકીના એક વ્યૂહાત્મક સ્થાન ધરાવતા આ હાઈ-કેપેસિટી ચાર્જર ચાર્જીંગ માટેના સમયને ખૂબ જ ઓછો કરવા માટે ડિઝાઈન કરવામાં આવેલ છે, જેથી લાંબા અંતરને પૂરું કરવામાં EV ટ્રાવેલ વધુ સરળ, કુશળ તથા વિશ્વાસપાત્ર બનાવી શકાય છે. આ સ્ટેશન ટાટા પાવરના EZ Charge નેટવર્કનો એક મહત્વનો ભાગ છે તથા CCS 2 જેવા ફાસ્ટ-ચાર્જીંગ સ્ટાન્ડર્ડને સપોર્ટ કરે છે, જેથી તે ઈલેક્ટ્રિક વાહનોની એક વિશાળ રેન્જ સાથે કોમ્પેટિબલ થઈ શકે છે. 20 ટકાથી 80 ટકા ચાર્જ થવા માટે તે 15-30 મિનિટનો અંદાજીત ચાર્જીંગ ટાઈમ લેવા સાથે આ ચાર્જર વ્યક્તિગત તથા કોમર્શિયલ બન્ને પ્રકારના EV યુઝર્સને માટે ઝડપી ટર્નઅરાઉન્ડને સુનિશ્ચિત કરે છે. વિઠ્ઠલ કામત રેસ્ટોરન્ટ ખાતે ચાર્જીંગ સ્ટેશન યાત્રીઓની સુગમતા અને આરામદાયકતાને વધુ સાનુકૂળતા પ્રદાન કરે છે. વાહન ચાર્જ થાય તે સમયે યુઝર શૌચાલય, સ્વાદિષ્ટ ગુણવત્તાયુક્ત ભોજનના વિકલ્પો તથા આરામ માટે આ શ્રેષ્ઠ સ્થળનો ઉત્તમ રીતે લાભ લઈ શકે છે, જે એકંદરે આ ધોરીમાર્ગ પરની યાત્રાનો વધુ સારો અનુભવ કરી શકે છે. આ ચાર્જર મુંબઈ અને અમદાવાદ વચ્ચે યાત્રા કરનાર ઈલેક્ટ્રિક વાહનો માટે કનેક્ટિવિટીને વધારે છે, જેથી ઈલેક્ટ્રિક વ્હિકલને અપનાવવામાં આવતા સૌથી મોટા અવરોધ પૈકી એક રેન્જની ચિંતાનું નિરાકરણ કરે છે.

## ઈન્દોર સ્થિત ઈપીસી કંપની લેક્સ્યોએ રૂ. 150 કરોડના આઈપીઓ માટે ફાઈલિંગ કર્યું

ઈન્દોર : ઈન્દોરમાં મુખ્યમથક ધરાવતી રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈપીસી સેવાઓ પ્રદાન કરતી લેક્સ્યો લિમિટેડે પોતાના આઈપીઓ માટે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) સમક્ષ ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (ડીઆરએચપી) ફાઈલ કર્યું છે. આ ઈશ્યૂમાં કુલ રૂ. 150 કરોડ સુધીના નવા ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ સામેલ છે. કંપની ઈશ્યૂમાંથી મળનારી કુલ આવકનો ઉપયોગ લગભગ રૂ. 70 કરોડના બાકી ઉધારની પૂર્વચુકવણી અથવા ચુકવણી માટે કરાશે. ઉપરાંત સાધનોની ખરીદી માટે અંદાજે રૂ. 9.75 કરોડના મૂડી ખર્ચ માટે અને અંદાજે રૂ. 23 કરોડની કાર્યશીલ મૂડી જરૂરિયાતો માટે ફંડ ફાળવવામાં આવશે. બાકી રહેલી રકમ સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે ઉપયોગમાં લેવામાં આવશે. બીઆરએલએમ સાથે ચર્ચા બાદ કંપની રૂ. 30 કરોડ સુધીના પ્રી-આઈપીઓ પ્લેસમેન્ટ અંગે પણ વિચારી શકે છે. ઈન્ટિગ્રેટેડ એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ અને કન્સ્ટ્રક્શન (ઈપીસી) કંપની તરીકે સ્થાપિત લેક્સ્યોએ 2007માં કામગીરી શરૂ કરી હતી અને હાલમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, માઈનિંગ સેવાઓ, બોરિંગ ઓપરેશન્સ, ડ્રેજિંગ અને રીક્લેમેશન જેવા ક્ષેત્રોમાં કાર્યરત છે. દેવ પ્રકાશ શર્મા, જય પ્રકાશ શર્મા, યોગેશ શર્મા અને રાજેશ્વરી શર્મા કંપનીના પ્રમોટર્સ છે. કંપની મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ગુજરાત, હરિયાણા, ઓડિશા, દિલ્હી, કેરળ, ઉત્તર પ્રદેશ અને ગોવા સહિત અનેક રાજ્યોમાં હાજરી ધરાવે છે. કંપનીના બિઝનેસ મોડલમાં સ્પર્ધાત્મક બિડ આધારિત કરારો તેમજ વેલ્યુ આધારિત એન્ગેજમેન્ટ બંનેનો સમાવેશ થાય છે. સરકારી અથવા સરકારી માલિકીની સંસ્થાઓ દ્વારા મળેલા પ્રોજેક્ટ્સ કંપનીના કુલ ઓર્ડર બુકમાં 80 ટકાથી વધુ યોગદાન આપે છે. જાન્યુઆરી 2026 સુધી કંપનીની ઓર્ડર બુક વેલ્યુ રૂ. 632.7 કરોડ નોંધાઈ હતી.

## વૈશ્વિક ઉર્જા સંકટ અને પુરવઠો ૨૦૨૬માં વધુ વકરવાની ભીતિ છે

હ્યુસ્ટન: પશ્ચિમ એશિયામાં અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા ભયાનક સંઘર્ષની સૌથી મોટી અસર વિશ્વના ઉર્જા બજાર પર પડી રહી છે. અમેરિકન પેટ્રોલિયમ ઈન્સ્ટિટ્યૂટ (API) ના સીઈઓ માઈક સોમર્સે ચેતવણી આપી છે કે જો વૈશ્વિક સ્તરે તેલ અને ગેસના ભાવમાં સ્થિરતા લાવવી હોય, તો હોર્મુઝની ખાડીનો વ્યૂહાત્મક માર્ગ ફરીથી ખોલવો અત્યંત અનિવાર્ય છે. હ્યુસ્ટનમાં આયોજિત એક ઉચ્ચ સ્તરીય ઉર્જા સંમેલનમાં તેમણે સ્પષ્ટ કર્યું કે આ જળમાર્ગ બંધ હોવાથી વિશ્વભરમાં ઈંધણની કિંમતો આસમાને પહોંચી છે અને તેની સૌથી વધુ અસર એશિયા અને યુરોપના દેશો પર પડી રહી છે.હોર્મુઝની ખાડી વિશ્વના કુલ તેલ ઉત્પાદનના આશરે ૨૦ ટકા હિસ્સાના પરિવહન માટે વપરાય છે. ઈરાન સાથેના યુદ્ધની શરૂઆતથી જ આ માર્ગ બંધ હોવાથી વૈશ્વિક સપ્લાય ચેઈન સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે. મીડિયા અહેવાલ મુજબ, સોમર્સે ભારપૂર્વક જણાવ્યું કે તેલના ટેન્કરોની અવરજવર પુનઃસ્થાપિત કરવી એ જ મોંઘવારી રોકવાનો એકમાત્ર અસરકારક રસ્તો છે. તેમણે ઉમેર્યું કે આ માર્ગનો કોઈ અન્ય ભૌગોલિક વિકલ્પ નથી, તેથી આ બાબતે વહેલી તકે નિર્ણય લેવો જરૂરી છે.ચાલુ સંઘર્ષને કારણે તેલના ભાવ છેલ્લા અનેક વર્ષોની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયા છે. ભારતના પડોશી દેશો સહિત એશિયાના અનેક રાષ્ટ્રોમાં અત્યારે ડીઝલ અને જેટ ફ્યુઅલની અછત વર્તાઈ રહી છે.

## હોર્મુઝ ખાડી પુરવઠા અવરોધ માત્ર તેલ પૂરતો મર્યાદિત નથી

નવી દિલ્હી: પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે હોર્મુઝની ખાડી મારફત થતા વેપારમાં સર્જાયેલો અવરોધ હવે માત્ર ઊર્જા બજાર પૂરતો મર્યાદિત રહ્યો નથી. યુબીએસ (UBS) દ્વારા જારી કરવામાં આવેલા તાજેતરના અહેવાલ મુજબ, આ વ્યૂહાત્મક દરિયાઈ માર્ગ બંધ થવાને કારણે ઓટોમોબાઈલ, કેમિકલ, ધાતુકામ (મેટાલર્જી) અને કન્ઝ્યુમર ગુડ્સ જેવા મહત્વના ક્ષેત્રો પર ગંભીર ખતરો મંડરાઈ રહ્યો છે. તેલ અને ગેસ સિવાયના અન્ય અનેક પાયાના ખનિજો અને રસાયણો માટે વિશ્વ આ પ્રદેશ પર નિર્ભર છે, જેનો પુરવઠો અટકી પડતા વૈશ્વિક ઉત્પાદન ચક્ર ખોરવાઈ શકે છે.યુબીએસનો અહેવાલ જણાવે છે કે ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ (GCC) પ્રદેશ વિશ્વના આશરે ૧૩ જેટલા વિવિધ કોમોડિટી જૂથોમાં ૧૦ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે. આ પ્રદેશમાંથી આવતા કાચા માલ વગર અનેક ઉદ્યોગો માટે ઉત્પાદન પ્રક્રિયા ચાલુ રાખવી અશક્ય બની જશે. મીડિયા અહેવાલ મુજબ, અત્યાર સુધી માત્ર ઈંધણના ભાવ વધારાની ચર્ચા થતી હતી, પરંતુ હવે ખરી સમસ્યા કાચા માલની ભૌતિક ઉપલબ્ધતાની છે. જો માલ જ નહીં મળે, તો ગમે તેટલી કિંમત ચૂકવવા છતાં ફેક્ટરીઓના પૈડાં થંભી જશે.ઓટોમોબાઈલ ઉદ્યોગ માટે જરૂરી એવા વિશિષ્ટ ધાતુઓ અને કેમિકલ આધારિત ઈનપુટ્સનો મોટો જથ્થો મધ્ય પૂર્વમાંથી આવે છે. પુરવઠા સાંકળમાં નાનકડો અવરોધ પણ વાહનોના ઉત્પાદનમાં મોટો વિલંબ લાવી શકે છે. તેવી જ રીતે, કેમિકલ ઉદ્યોગ સંપૂર્ણપણે આ પ્રદેશમાંથી આવતા ફીડસ્ટોક અને મધ્યવર્તી ઉત્પાદનો પર નિર્ભર છે.

**સ્વાતિ બિલ્ડર્સ અને Bolt.Earth અમદાવાદમાં રહેણાંક પ્રોજેક્ટ્સમાં**

# સ્માર્ટ ઈવી ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કાર્યરત કરવા માટે સહભાગી બન્યા



(એજન્સી) અમદાવાદ | તા 25

ભારતના સૌથી મોટા ઈવી ચાર્જિંગ નેટવર્ક Bolt.Earth અને અમદાવાદના સૌથી વિશ્વસનીય રિયલ એસ્ટેટ ડેવલપર્સ પૈકીના એક સ્વાતિ બિલ્ડર્સે અમદાવાદમાં પસંદગીના રેસિડેન્શિયલ પ્રોજેક્ટ્સમાં સ્માર્ટ ઈવી ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને એકીકૃત કરવા માટે ભાગીદારી કરી છે. આ સાથે બંને કંપનીઓએ સસ્ટેનેબલ લિવિંગ માટે એક નવો બેન્ચમાર્ક સ્થાપ્યો છે.આ ભાગીદારીના ભાગરૂપે Bolt.Earth ને સ્વાતિ બિલ્ડર્સના રજિસ્ટર્ડ ઈવી ચાર્જિંગ સોલ્યુશન્સ પાર્ટનર તરીકે નિયુક્ત કરવામાં આવી છે. વિવિધ સેવા પ્રદાતાઓના ગહન મૂલ્યાંકન બાદ, સ્વાતિ બિલ્ડર્સે સ્માર્ટ, સુરક્ષિત તથા યુઝર-ફ્રેન્ડલી ચાર્જિંગ ઈકોસિસ્ટમ પૂરી પાડવાની Bolt. Earth ની નિપુણતા પર પસંદગી ઉતારી હતી. આ સહયોગ હેઠળ સ્વાતિ સિમ્ફની, સ્વાતિ પાર્કસાઈડ, સ્વાતિ ગાર્ડેનિયા અને સ્વાતિ સેનોર સહિતના તમામ પ્રોજેક્ટ્સમાં સફળતાપૂર્વક અમલીકરણ થયું છે. આ જોડાણ હાઉસિંગ પ્રોજેક્ટ્સમાં વિશ્વસનીય ઈવી ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરી પાડીને રહેણાંક સમુદાયોને ભવિષ્યની જરૂરિયાતો માટે સુરક્ષિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

ભારત જ્યારે ઈલેક્ટ્રિક ભવિષ્ય તરફ પ્રયાણ કરી રહ્યું છે, ત્યારે આવા સહયોગ દેશના ઈવી અભિયાનને વેગ આપવા માટે અનિવાર્ય છે. આનાથી રહીશો ઈવીની માલિકી સાથે સંકળાયેલા અવરોધો વિના, સુલભ અને ભરોસાપાત્ર ચાર્જિંગ સુવિધાઓ સાથે ટકાઉ જીવનશૈલી અપનાવી શકશે. Bolt.Earth ની સ્માર્ટ ચાર્જિંગ ઈકોસિસ્ટમ દ્વારા રહીશો હવે 'Bolt.Earth EV Charging App' ની મદદથી ઘરે બેઠા જ સરળતાથી પોતાનું વાહન ચાર્જ કરી શકશે. આ સુવિધા જાહેર ચાર્જિંગ સ્ટેશન શોધવાની મથામણ દૂર કરે છે અને પર્યાવરણને અનુકૂળ ગતિશીલતાને રોજિંદા જીવનનો અભિન્ન હિસ્સો બનાવે છે. ઈવી ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને રેસિડેન્શિયલ પ્રોજેક્ટ્સમાં રજૂ કરીને સ્વાતિ બિલ્ડર્સ ન કેવળ લાંબા ગાળાની અપીલ તથા તેના ડેવલપમેન્ટ્સની ભવિષ્યની તૈયારી મજબૂત બનાવે છે, પરંતુ તેમના રોકાણના મૂલ્યમાં પણ વધારો કરે છે. સ્વાતિની પ્રોપર્ટીઝના ખરીદદારો હવે તેમના યુનિટ્સ માટે પ્રીમિયમ કિંમત મેળવી શકે છે કારણ કે ઈવી ચાર્જિંગ જેવી સુવિધાઓ રિયલ એસ્ટેટને આકર્ષક બનાવવામાં નિર્ણાયક પરિબળ પુરવાર થઈ રહ્યા છે. સ્વાતિ બિલ્ડર્સ જેવા દૂરંદેશી ધરાવતા (Visionary) ડેવલપર્સ સાથેનું Bolt.Earth નું આ જોડાણ વિવિધ રહેણાંક સમુદાયોમાં ઈવી ચાર્જિંગ સોલ્યુશન્સના અમલીકરણને નવી ગતિ પ્રદાન કરશે, જે ભારતના ઈલેક્ટ્રિક મોબિલિટી તરફના સંક્રમણને વધુ વેગ આપશે. વિશેષ કરીને, રહીશોને ઘરઆંગણે જ વિશ્વસનીય ચાર્જિંગ સુવિધા મળવાથી ઈલેક્ટ્રિક વાહન અપનાવવું હવે વધુ સરળ, વ્યવહારુ અને સુલભ બનશે.

## ઈંધણ પુરવઠાની સ્થિતિ ૨૦૨૬ અંગે ઓઈલ કંપનીઓની મોટી જાહેરાત

નવી દિલ્હી: પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અને યુદ્ધની પરિસ્થિતિ વચ્ચે ભારતમાં પેટ્રોલ, ડીઝલ અને રાંધણ ગેસની અછત સર્જાશે તેવી વહેતી થયેલી અફવાઓ પર દેશની અગ્રણી ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ (OMCs) પૂર્ણવિરામ મૂક્યું છે. બુધવારે ભારત પેટ્રોલિયમ (BPCL), હિન્દુસ્તાન પેટ્રોલિયમ (HPCL) અને ઈન્ડિયન ઓઈલ (IOCL) જેવી દિગ્ગજ કંપનીઓએ સંયુક્ત રીતે જાહેર કર્યું છે કે દેશમાં ઈંધણનો પુરવઠો સંપૂર્ણપણે સુરક્ષિત અને સ્થિર છે. નાગરિકોને કોઈપણ પ્રકારના પેનિક બાયિંગ અથવા બિનજરૂરી સંગ્રહખોરીથી દૂર રહેવા કડક સૂચના આપવામાં આવી છે. ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ દ્વારા જારી કરાયેલા સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે ઈંધણની અછતના સમાચારો તદ્દન પાયાવિહોણા છે. કંપનીએ સ્પષ્ટ કર્યું કે ભારત પેટ્રોલ અને ડીઝલનો ચોખ્ખો નિકાસકાર (Net Exporter) દેશ છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, દેશમાં ક્રૂડ ઓઈલ, પેટ્રોલ, ડીઝલ અને એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF) નો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ છે. પુરવઠા સાંકળ કોઈપણ અવરોધ વગર સરળતાથી કાર્ય કરી રહી છે, તેથી જનતાએ ગભરાવાની જરૂર નથી. હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડે પણ ગ્રાહકોને સંબોધતા કહ્યું છે કે દેશના કોઈપણ ખૂણે પેટ્રોલ, ડીઝલ કે એલપીજીની કમી નથી. મીડિયા અહેવાલ મુજબ, એચપીસીએલ તેના નેટવર્ક દ્વારા અવિરત સેવા આપવા માટે પ્રતિબદ્ધ છે. કંપનીએ ગ્રાહકોને અપીલ કરી છે કે તેઓ અફવાઓથી ગેરમાર્ગે ન દોરાય અને પોતાની સામાન્ય જરૂરિયાત મુજબ જ ઈંધણની ખરીદી ચાલુ રાખે. કંપનીએ ખાતરી આપી છે કે તેમની પાસે માંગને પહોંચી વળવા માટે પૂરતો સ્ટોક છે.

# બરોડા બીએનપી પારિબા એસેટ મેનેજમેન્ટનો બજારમાં ભવ્ય વિજય

(એજન્સી) મુંબઈ | તા.25

ભારત સરકારની અગ્રણી સરકારી બેંક તથા યુરોપની જાણીતી એસેટ મેનેજર વચ્ચેના સંયુક્ત સાહસ બરોડા બીએનપી પારિબા એસેટ મેનેજમેન્ટ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડે પોતાની ચોથી વર્ષગાંઠની ઉજવણી સાથે એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. કંપનીએ રૂ. 55,000 કરોડથી વધુની એસેટ અંડર મેનેજમેન્ટ (એયુએમ) સુધી પહોંચવાનો માઈલસ્ટોન પાર કર્યો છે.ચોથી વર્ષગાંઠના અવસરે કંપનીએ પોતાના નેટવર્કમાં નોંધપાત્ર વિસ્તરણ પણ કર્યું છે. હાલમાં કંપની 26 શહેરોમાં સીધી હાજરી ધરાવે છે અને દેશભરના 132થી વધુ શહેરોમાં વધારાનું કવરેજ પ્રદાન કરે છે. આ વિસ્તરણ સાથે કંપની ભારતમાં એક સંપૂર્ણ સેવાઓ આપતી એસેટ મેનેજમેન્ટ કંપની તરીકે પોતાની સ્થિતિ વધુ મજબૂત બનાવી રહી છે.આ પ્રસંગે બરોડા બીએનપી પારિબા એસેટ મેનેજમેન્ટ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ સંજય કુમાર ગ્રોવરે જણાવ્યું હતું કે, "અમારી ચોથી વર્ષગાંઠ ભારતભરમાં મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ વધુ સરળ અને સુલભ બનાવવા માટેના અમારા સતત પ્રયાસોમાં એક મહત્વપૂર્ણ પગલું દર્શાવે છે. અત્યાર સુધીનો અમારો પ્રવાસ વિશ્વાસ, શિસ્તબદ્ધ રોકાણ અને અમારા રોકાણકારો તથા વિતરણ ભાગીદારો સાથેના લાંબા ગાળાના સહકાર પર આધારિત રહ્યો છે. છેલ્લા ચાર વર્ષ દરમિયાન કંપનીએ ઈક્વિટી, ડેટ અને હાઈબ્રિડ કેટેગરીમાં મજબૂત પ્રોડક્ટ પોર્ટફોલિયો વિકસાવવા સાથે સાથે રિટેલ રોકાણકારો, એચએનઆઈ અને સંસ્થાગત ક્લાયન્ટ્સ વચ્ચે પહોંચ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. દેશભરમાં મ્યુચ્યુઅલ ફંડ પ્રત્યે જાગૃતિ અને રસ વધી રહ્યો છે, ત્યારે અમે રોકાણકારો અને અમારા ભાગીદારોને સરળ અને પારદર્શક રોકાણ સોલ્યુશન્સ પૂરા પાડવા માટે પ્રતિબદ્ધ છીએ."કંપનીની એયુએમમાં થયેલી વૃદ્ધિ વિવિધ સ્કીમ્સના સતત સારા પ્રદર્શનના કારણે શક્ય બની છે. વિવિધ એસેટ ક્લાસમાં સંશોધન આધારિત રોકાણ વ્યૂહરચનાઓ અને પ્રક્રિયા આધારિત મજબૂત અભિગમના કારણે આ પ્રદર્શન જોવા મળ્યું છે. "અમારા બ્રાન્ડ વચન 'Together for More' અનુસાર અમે લાંબા ગાળે સ્થિર અને ટકાઉ વળતર આપવાનો, આલ્ફા જનરેટ સર્જવાનો અને રોકાણકારો માટે સંપત્તિ નિર્માણ કરવાનો સતત પ્રયાસ કરી રહ્યા છીએ", એમ શ્રી ગ્રોવરે ઉમેર્યું હતું.નવેમ્બર 2025માં બરોડા બીએનપી પારિબા એસેટ મેનેજમેન્ટ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડે ભારતનું પ્રથમ એવું ફંડ લોન્ચ કર્યું છે જે રોકાણકારોને સીધા અમેરિકાના સ્મોલ-કેપ માર્કેટમાં રોકાણ કરવાની તક આપે છે. આ ફંડ છે બરોડા બીએનપી પારિબા ગિફ્ટ યુએસ સ્મોલ કેપ ફંડ. આ ફંડ ગિફ્ટ સિટી આધારિત પ્રથમ એવું ફંડ છે, જે અમેરિકાની સ્મોલ-કેપ કંપનીઓમાં રોકાણ કરે છે. આ દ્વારા ભારતીય રોકાણકારોને નિયમનો હેઠળ અને ડોલર આધારિત રોકાણ ફંડ મારફતે અમેરિકાના ઈક્વિટી બજારમાં ભાગ લેવા માટે વિકલ્પ મળે છે.

## એશિયન પેઈન્ટ્સ ડેમ્પ પ્રૂફ: સમયની કસોટી પર ખરો ઉતરતો વોટરપ્રૂફિંગ ચેમ્પિયન

મુંબઈ: ભારતીય ઘરો દર વર્ષે બે કઠિન ઋતુઓનો સામનો કરે છે – ભારે ચોમાસું અને ઉનાળાની કાળઝાળ ગરમી. તેમ છતાં ઘણા ઘરમાલિકો તેમની અગાશી અને છતને સુરક્ષિત રાખવા માટે તાત્કાલિક ઉપાયો અને અવિશ્વસનીય વોટરપ્રૂફિંગ સોલ્યુશન્સ પર નિર્ભર રહે છે. તેના તાજેતરના કેમ્પેઈન સાથે, એશિયન પેઈન્ટ્સ ડેમ્પ પ્રૂફ એક મહત્વપૂર્ણ મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરે છે: બધું વોટરપ્રૂફિંગ એકસરખું નથી હોતું. છેલ્લા 13 વર્ષથી, એશિયન પેઈન્ટ્સ ડેમ્પ પ્રૂફ ઘરમાલિકોને તેમના ઘરોને પાણીના ચૂવાણ અને કઠિન હવામાનથી સુરક્ષિત રાખવામાં મદદ કરી રહ્યું છે. આ સોલ્યુશન એક જાડું વોટરપ્રૂફિંગ સ્તર બનાવે છે, જે પાણી ને દિવાલોમાં પ્રવેશતા અટકાવે છે અને ભારતના મુશ્કેલ હવામાન સામે લાંબા સમય સુધી ટકાઉ સુરક્ષા આપે છે.બ્રાન્ડની તાજેતરની ફિલ્મ, જેમાં રણબીર કપૂર અને સૌરભ શુક્લા છે, તે ચતુરાઈ, રમૂજી ટિપ્પણીઓ અને તીખા સંવાદોથી ભરેલી જીવંત વાર્તા રજૂ કરે છે. ઘરમાલિકોની રોજિંદી ચિંતાઓ પર આધારિત આ ફિલ્મ, ચોમાસા દરમિયાન અગાસીમાંથી થતા લીકેજથી લઈને ખુલ્લી છતમાંથી આવતી ગરમી સુધીની સામાન્ય સમસ્યાઓને દર્શાવે છે અને તેને રસપ્રદ તેમજ મનોરંજક સંવાદમાં ફેરવે છે.હાસ્ય અને જીવંત સંવાદ વચ્ચે, આ કેમ્પેઈન પોતાનો સંદેશ સ્પષ્ટતા સાથે પહોંચાડે છે: "જેવું તેવું વોટરપ્રૂફિંગ નહીં, એશિયન પેઈન્ટ્સ ડેમ્પ પ્રૂફ લગાવો". અગાસીમાંથી થતા લીકેજને અટકાવવાથી આગળ વધીને, એશિયન પેઈન્ટ્સ ડેમ્પ પ્રૂફમાં અદ્યતન હીટ-રિફ્લેક્ટિવ કોટિંગ પણ સામેલ છે, જે સપાટીનું તાપમાન 10C સુધી ઘટાડે છે અને ઉનાળાની તીવ્ર ગરમી દરમિયાન ઘરોને વધુ ઠંડાં રાખવામાં મદદ કરે છે. આ કેમ્પેન સાથે, એશિયન પેઈન્ટ્સ તેની લાંબા સમયથી આપેલી વિશ્વસનીય સુરક્ષાની પ્રતિબદ્ધતાને ફરી એકવાર દોહરાવે છે અને ડેમ્પ પ્રૂફ ને વોટરપ્રૂફિંગ માટેના સાચા સોલ્યુશન તરીકે રજૂ કરે છે, જેના પર દેશભરના ઘરમાલિકો વિશ્વાસ રાખે છે. કારણ કે જ્યારે તમારા ઘરને સુરક્ષિત રાખવાની વાત આવે છે, ત્યારે "દરેક વોટરપ્રૂફિંગ એશિયન પેઈન્ટ્સ ડેમ્પ પ્રૂફ નથી હોતી".



## સરકારી બોન્ડનું રેકોર્ડ વેચાણ મ્યુચ્યુઅલ ફંડો દ્વારા માર્ચમાં થયું

અમદાવાદ: વૈશ્વિક રાજકીય અસ્થિરતા અને ઈરાન યુદ્ધના પ્રત્યાઘાતો હવે ભારતીય ડેટ માર્કેટ પર સ્પષ્ટપણે જોવા મળી રહ્યા છે. વધતા જતા ક્રૂડ તેલના ભાવ અને ફુગાવાના ભયને કારણે ભારતીય મ્યુચ્યુઅલ ફંડ્સે ચાલુ માર્ચ મહિનામાં સરકારી સિક્યોરિટીઝમાં આક્રમક વેચવાલી હાથ ધરી છે. આ વેચાણના આંકડાઓએ અત્યાર સુધીના તમામ માસિક વિક્રમો તોડી નાખ્યા છે, જેના કારણે નાણાકીય બજારમાં અનિશ્ચિતતાનો માહોલ સર્જાયો છે. રોકાણકારોમાં ફેલાયેલી આ સાવચેતી આર્થિક જગત માટે ચિંતાનો વિષય બની છે. ક્લિયરિંગહાઉસના તાજા ડેટા અનુસાર, મ્યુચ્યુઅલ ફંડ્સે માર્ચ મહિનામાં અત્યાર સુધીમાં અંદાજે રૂ. ૩૫,૬૦૦ કરોડ (લગભગ ૩.૮૨ બિલિયન ડોલર) ના મૂલ્યના સરકારી બોન્ડનું ચોખ્ખું વેચાણ કર્યું છે. કોઈપણ એક મહિનામાં કરવામાં આવેલું આ અત્યાર સુધીનું સૌથી મોટું વેચાણ છે. મીડિયા અહેવાલ મુજબ, આટલી મોટી માત્રામાં બોન્ડના નિકાલને કારણે ભારતીય રૂપિયા પર દબાણ વધ્યું છે અને તે અમેરિકી ડોલર સામે ૯૪ ની ઐતિહાસિક નીચી સપાટીએ પહોંચી ગયો છે. ઈરાન અને અન્ય ભૌગોલિક તણાવને કારણે બ્રેન્ટ ક્રૂડના ભાવ પ્રતિ બેરલ ૧૨૦ ડોલરની સપાટી વટાવી ગયા છે. આ સ્થિતિ ભારત જેવા આયાતકાર દેશ માટે ફુગાવાનું જોખમ ઉભું કરે છે. જ્યારે ફુગાવો વધે છે, ત્યારે બોન્ડ પરની ઉપજ (Yield) માં પણ વધારો થાય છે, જે બોન્ડની કિંમતો ઘટાડે છે. આ જોખમને પારખીને ફંડ મેનેજરોએ પોતાનો પોર્ટફોલિયો સુરક્ષિત કરવા માટે સરકારી બોન્ડમાંથી બહાર નીકળવાનું પસંદ કર્યું છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે આ વેચાણ પાછળ વધતી જતી બજાર અનિશ્ચિતતા મુખ્ય કારણ છે. બજારના નિષ્ણાતોના મતે, આ વખતે સરકારી બોન્ડ કરતા કોર્પોરેટ બોન્ડ્સ પર વધુ વિપરીત અસર જોવા મળી છે. AAA-રેટેડ કોર્પોરેટ બોન્ડ્સ પરની ઉપજમાં ૨૦-૨૫ બેસિસ પોઈન્ટનો વધારો થયો છે, જેની સરખામણીએ સરકારી બોન્ડમાં આ વધારો ૧૦ બેસિસ પોઈન્ટથી ઓછો રહ્યો છે.




## શેરબજારમાં રોકાણની તક કરેક્શન વચ્ચે ઝડપી લેવી જોઈએ

નવી દિલ્હી: ભારતીય શેરબજારમાં હાલમાં ચાલી રહેલી ભારે અસ્થિરતા અને કડાકા વચ્ચે રોકાણકારો માટે એચડીએફસી મ્યુચ્યુઅલ ફંડના તાજેતરના અહેવાલ મુજબ, બજારમાં જોવા મળી રહેલું આ કરેક્શન ગભરાટ ફેલાવવાને બદલે રોકાણ વધારવાની એક સુવર્ણ તક છે. અહેવાલમાં જણાવાયું છે કે રોકાણકારોએ અત્યારે બજારમાંથી બહાર નીકળવાને બદલે શિસ્તબદ્ધ રીતે ઈક્વિટીમાં રોકાણ જાળવી રાખવું જોઈએ અને ખાસ કરીને સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી) ચાલુ રાખવા પર ભાર મૂકવો જોઈએ. બજારમાં આવેલા ૧૫ ટકા જેટલા મોટા ઘટાડા બાદ હવે નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ તેના છેલ્લા ૧૦ વર્ષના સરેરાશ પીઈ (PE) રેશિયો કરતા પણ નીચે ટ્રેડ થઈ રહ્યો છે. મીડિયા અહેવાલ અનુસાર, તાજેતરના કરેક્શનને કારણે શેરબજારમાં રોકાણ હવે વધુ આકર્ષક બન્યું છે. જોકે મિડકેપ અને સ્મોલકેપ શેરો હજુ પણ થોડા પ્રીમિયમ પર છે, પરંતુ સપ્ટેમ્બર ૨૦૨૪ની સરખામણીએ તેમના ભાવમાં મોટો તફાવત જોવા મળ્યો છે. રોકાણકારો હવે નીચા ભાવે સારા શેરોમાં એન્ટ્રી કરી શકે છે, જે લાંબા ગાળે ફાયદાકારક સાબિત થશે.અહેવાલમાં ભારપૂર્વક જણાવાયું છે કે વર્તમાન સમયમાં એસઆઈપી ચાલુ રાખવી અત્યંત ફાયદાકારક છે. બજાર નીચે હોવાને કારણે રોકાણકારોને સમાન રકમમાં વધુ યુનિટ્સ મળશે, જે ભવિષ્યમાં બજાર વધતા વળતરમાં મોટો ઉછાળો લાવશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, ઘણા રોકાણકારોના પોર્ટફોલિયોમાં ઈક્વિટીનું પ્રમાણ નિર્ધારિત લક્ષ્યાંક કરતા ઘટી ગયું હશે. આવા સમયે, તબક્કાવાર રીતે એટલે કે સ્ટેગર્ડ મેનરમાં શેરબજારમાં રોકાણ વધારીને પોર્ટફોલિયોને ફરીથી સંતુલિત કરવાનો આ શ્રેષ્ઠ સમય છે.બજારમાં થયેલો ઘટાડો માત્ર ઈન્ડેક્સ પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે વ્યાપક સ્તરે જોવા મળ્યો છે. જ્યારે નિફ્ટી મિડકેપ ૧૫૦ ઈન્ડેક્સ તેના શિખરથી ૧૫ ટકા ઘટ્યો છે, ત્યારે તેના ૪૩ ટકા જેટલા શેરોમાં ૩૦ ટકાથી વધુનો કડાકો બોલી ગયો છે. તેવી જ રીતે, સ્મોલકેપ ઈન્ડેક્સના ૬૩ ટકા શેરો તેમના ૫૨-અઠવાડિયાના ઉચ્ચ સ્તરથી ૩૦ ટકાથી વધુ નીચે છે.



## એલપીજી સિલિન્ડર બુકિંગ નિયમો અંગે સરકારની મોટી સ્પષ્ટતા

નવી દિલ્હી: દેશમાં છેલ્લા કેટલાક દિવસોથી રાંધણ ગેસ એટલે કે એલપીજી સિલિન્ડરના રિફિલ બુકિંગના નિયમો બદલાયા હોવાની વાતો સોશિયલ મીડિયા અને કેટલાક મીડિયા અહેવાલોમાં વહેતી થઈ હતી. આ બાબતે ગંભીર નોંધ લેતા કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે બુધવારે સત્તાવાર સ્પષ્ટતા કરી છે કે એલપીજી બુકિંગની સમયમર્યાદામાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કરવામાં આવ્યો નથી. મંત્રાલયે ભારપૂર્વક જણાવ્યું છે કે હાલના નિયમો અને સમયમર્યાદા યથાવત છે, તેથી નાગરિકોએ ખોટી અફવાઓથી ગભરાઈને બિનજરૂરી પેનિક બુકિંગ કરવું જોઈએ નહીં. સરકારના ધ્યાનમાં આવ્યું હતું કે કેટલાક અહેવાલો એવો દાવો કરી રહ્યા હતા કે ઉજ્જવલા યોજના (PMUY) ના જોડાણો માટે ૪૫ દિવસ, નોન-PMUY સિંગલ બોટલ માટે ૨૫ દિવસ અને ડબલ બોટલ જોડાણો માટે ૩૫ દિવસની નવી સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે. મંત્રાલયે આ તમામ અહેવાલોને પાયાવિહોણા ગણાવ્યા છે. સત્તાવાર નિયમ મુજબ, શહેરી વિસ્તારોમાં ૨૫ દિવસ અને ગ્રામીણ વિસ્તારોમાં ૪૫ દિવસની બુકિંગ સમયમર્યાદા અમલી છે, જેમાં કોઈ ફેરફાર થયો નથી. મંત્રાલયે લોકોને અપીલ કરી છે કે આવી ભ્રામક માહિતી ફેલાવવી જોઈએ નહીં.પેટ્રોલિયમ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ એક આંતર-મંત્રાલય બ્રીફિંગમાં જણાવ્યું હતું કે દેશમાં પેટ્રોલ, ડીઝલ અને એલપીજીનો પર્યાપ્ત સ્ટોક ઉપલબ્ધ છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલી તંગદિલી છતાં ભારતની તમામ રિફાઈનરીઓ સંપૂર્ણ ક્ષમતા સાથે કાર્યરત છે અને ક્રૂડ તેલની ઈન્વેન્ટરી પૂરતી માત્રામાં છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, રિફાઈનરીઓમાં એલપીજીનું સ્થાનિક ઉત્પાદન પણ વધારી દેવામાં આવ્યું છે જેથી કોઈ પણ પ્રકારની અછત સર્જાય નહીં.અફવાઓ ફેલાવીને કાળાબજાર કરતા તત્વો સામે સરકારે લાલ આંખ કરી છે. મીડિયા અહેવાલ મુજબ, દેશના ૩૨ રાજ્યોમાં કંટ્રોલ રૂમ અને જિલ્લા સ્તરીય દેખરેખ સમિતિઓ રચવામાં આવી છે. અત્યાર સુધીમાં ૩,૪૦૦ થી વધુ દરોડા પાડવામાં આવ્યા છે અને હરિયાણા, રાજસ્થાન અને તેલંગાણા જેવા રાજ્યોમાંથી આશરે ૧,૦૦૦ સિલિન્ડર જપ્ત કરવામાં આવ્યા છે. ગેરરીતિ બદલ ૧૫૫ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
THURSDAY • 26-03-2026

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, ચૈત્ર સુદ - 09

# મહિલા અનામત પછી લોકસભાની બેઠકો 816 થશે

મહિલા અનામત માટેનો કાયદો સરકારે છેલ્લી લોકસભાની ચૂંટણી પહેલા પસાર કર્યો હતો. હવે એમા સુધારો કરવાની તૈયારી ચાલી રહી છે. ૨૦૨૯ની લોકસભા ચૂંટણી પહેલા આ કાયદો લાગુ કરવાનું નક્કી છે. આ સંબંધે નવું સુધારા બીલ રજુ થઈ શકે છે. જો આવનાર લોકસભાની ચૂંટણીમાં મહિલા અનામત લાગુ કરવામાં આવે તો રાજ્યોમાં બેઠકોનું સમીકરણ બદલાઈ શકે છે. મહિલા અનામત લાગુ કરવામાં આવે તો લોકસભાની બેઠકોની સંખ્યા ૮૧૬ થઈ શકે છે. હમણા લોકસભાની બેઠકોની સંખ્યા ૫૪૩ છે. ૮૧૬ લોકસભાની બેઠકોમાંથી ૨૭૩ બેઠકો મહિલા માટે અનામત રહેશે. જો રાજ્યોની વાત કરીએ તો પહેલાની માફક લોકસભાની સોથી વધુ બેઠક ઉત્તર પ્રદેશમાં હશે. અહીંથી ૧૨૦ સાંસદો ચૂટાઈ શકે છે. બિહારમાં પણ બેઠકોની સંખ્યા ૪૦થી વધીને ૬૦ થઈ શકે છે. મહારાષ્ટ્રમાં આ સંખ્યા વધીને ૭૨ થઈ શકે છે.કેટલાક વિદેશી મીડિયાએ એવા સમાચાર વહેતા કર્યા છે કે, અમેરિકા - ઈરાનનું યુદ્ધ ખતમ કરવા પાકિસ્તાન મધ્યસ્થિ કરી શકે છે. પાકિસ્તાને એવો પ્રસ્તાવ મૂક્યો છે કે, અમેરિકા અને ઈરાનના સિનિયર નેતાઓની બેઠક ઈસ્લામાબાદમાં કરવી જોઈએ. પાકિસ્તાનના પ્રવક્તાએ કહ્યું હતું કે, 'અમે હંમેશા આ પ્રકારની વાતચીતને આમંત્રણ આપવાની ઈચ્છા રાખીએ છીએ.' જોકે પાકિસ્તાનની આ ડંફાસ બાબતે અમેરિકા કે ઈરાન બેમાંથી કોઈએ ટીપ્પણી કરી નથી. પાકિસ્તાનના ઈરાન સાથેના નજીકના સંબંધો છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે પણ પાકિસ્તાની નેતાઓના સંબંધો સારા છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા તાહીર અંબાદ્રીએ કહ્યા પ્રમાણે જો યુદ્ધ લડી રહેલા પક્ષો પાકિસ્તાનની મધ્યસ્થિ ઈચ્છે તો પાકિસ્તાન મધ્યસ્થિ કરવા તૈયાર છે. કેટલાક એવી શક્યતા વ્યક્ત કરે છે કે અમેરિકાના સિનિયર અધિકારીઓ પાકિસ્તાનમાં ઈરાની અધિકારીઓ સાથે વાતચીત કરી શકે છે.વિશ્વ આખામાં હમણા અશાંતિ છે. ઈરાન સામે અમેરિકા અને ઈઝરાયલ લડી રહ્યા છે. ઈરાન પાસે પણ પરમાણુ શસ્ત્રો છે. બહુ ઓછા લોકો જાણે છે કે પરમાણુ બોમ્બ ફોડવાની સત્તા ખરેખર કોની પાસે હોય છે. ફિલ્મોમાં બતાવવામાં આવે છે એમ કોઈક એક વ્યક્તિ બટન દબાવીને પરમાણુ બોમ્બ ઝીકી શકતું નથી. દુનિયાના નવ દેશોમાંથી ભારત પાસે પણ પરમાણુ શક્તિ છે. એમ મનાય છે કે જો કોઈ દેશ ભારત પર પહેલા પરમાણુ હુમલો કરે તો જ ભારત વળતા પ્રહાર તરીકે આ હથિયારોનો ઉપયોગ કરશે. સામાન્ય રીતે જોઈએ તો ભારતના વડાપ્રધાન એકલે હાથે પરમાણુ હથિયારો વાપરવાનો આદેશ આપી શકતા નથી. આ પાવર 'ન્યુક્લિયર કમાન્ડ ઓથોરીટી' પાસે છે. આ ઓથોરીટીના વડા દેશના વડાપ્રધાન હોય છે. જોકે ફક્ત વડાપ્રધાન નહીં પરંતુ આ ઓથોરીટીના સભ્યો સંયુક્ત રીતે પરમાણુ હથિયારોનો ઉપયોગ કરવાનું નક્કી કરે છે. જોકે એમ મનાય છે કે જે રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સત્તા ભોગવી રહ્યા છે એ જોતા બાકીના સભ્યો આખરી નિર્ણય એમના પર છોડી શકે છે.રાહુલ ગાંધી, અખિલેશ યાદવ સહીત બીજા કેટલાક રાજકીય નેતાઓ સામે ચાલી રહેલા કેસ પર દિલ્હી હાઈકોર્ટે બ્રેક મારી છે. ફેબ્રુઆરી મહિનાની છઠ્ઠી તારીખે દિલ્હીના જંતરમંતર ખાતે એક વિરોધ પ્રદર્શનમાં આ બધા રાજકારણીઓ ભાગ લઈ રહ્યા હતા. રાહુલ ગાંધી અને અખિલેશ યાદવ ડીએમકેની વિદ્યાર્થીશાખાએ કરેલા વિરોધ પ્રદર્શનમાં સામેલ થયા હતા. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનની કેટલીક નીતિઓ વિરુદ્ધ આંદોલન ચાલી રહ્યું હતું. આ બાબતે ડીએમકેના નેતા પી વિલ્સન, કનીમોઝી અને એ. રાજાને પણ આરોપી બનાવવામાં આવ્યા હતા. એવો આક્ષેપ હતો કે આ વિરોધ પ્રદર્શન દિલ્હી પોલીસની પરવાનગી વગર કરવામાં આવ્યું હતું. જસ્ટીસ અનુપ જયરામ ભંભાનીએ આ કેસ પર સ્ટે આપ્યો છે. તામિલનાડુના ધારાસભ્ય એઝીલારાસનએ કરેલી અરજી સંદર્ભે આ હુકમ કરવામાં આવ્યો હતો.દેશ આખામાં એલપીજી ગેસની અછતને કારણે કાળા બજાર થઈ રહ્યા છે. આ તકલીફમાંથી દિલ્હી પણ બાકાત નથી. દિલ્હીની રેસ્ટોરાં, હોટલ અને ઢાબાઓએ હવે બીલમાં એલપીજી ચાર્જ ઉમેરવાનું શરૂ કરી દીધું છે. ગ્રાહકો આને કારણે નારાજ છે. એક્સ, ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જેવા સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ્સ પર આવા બીલોના ફોટોગ્રાફ્સ વાયરલ થઈ રહ્યા છે. વાનગીઓના કુલ બીલ ઉપર ૧૦ થી ૧૫ ટકા એલપીજી ચાર્જ લગાડવામાં આવે છે. જે આઈટમ ૭૦ રૂપિયાની હોય એના પર ૧૫ રૂપિયા એલપીજી ચાર્જ લગાડવામાં આવે છે. લોકોનું કહેવું છે કે વધતી કીંમતોને કારણે પહેલેથી જ બહારનું ખાવાનું મોંઘું થઈ ગયું છે એમાં હવે એલપીજી દરને કારણે વધારો થયો છે.

## ભવન્સ કોલેજ,ડાકોરમાં અંતિમ વર્ષના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ અને ઈનામ-વિતરણ કાર્યક્રમ યોજાયો

રિપોર્ટર| અશેષવ્યાસ



ભારતીય વિદ્યાભવન,ડાકોર કેન્દ્ર ધ્વારા સંચાલિત ભવન્સ શ્રી ઈશ્વરલાલ. એલ.પી આટ્ર્સ-સાયન્સ અને જે.શાહ કોમર્સ કોલેજમાં U.G અને P.Gના અંતિમ વર્ષનાં વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ અને ઈનામ-વિતરણ કાર્યક્રમમાં કોલેજના કા.આચાર્ય ડૉ. ટી.આર.ત્રિવેદીએ મહેમાનોનો પરિચય કરાવી,તેમનું શાબ્દિક સ્વાગત કરી પ્રાસંગિક માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં શ્રીમતી નિકિતાબેન ગાંધી (સેક્રેટરી, ભારતીય વિદ્યાભવન,ડાકોરકેન્દ્ર) અને દુષ્યંતભાઈ લાયજાદા(સભ્ય, ભારતીય વિદ્યાભવન,ડાકોરકેન્દ્ર) હાજર રહ્યા અને અંતિમ વર્ષનાં વિદ્યાર્થીઓને સામાજિક,રાજકીય,અને શૈક્ષણિકક્ષેત્રે પ્રગતિ કરી, કોલેજનું ગૌરવ વધારવા માટેની શુભેચ્છા પાઠવી હતી. સ્નાતક કક્ષાનો વાર્ષિક અહેવાલ S.R.C કન્વીનર ડો.જે.એમ.શાહ તથા અનુસ્નાતક કક્ષાનો વાર્ષિક અહેવાલ P.Gઈન્ચાર્જડો.વી.એચ.પટેલેરજૂકર્યો હતો. સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા લેવાયેલ U.G અને P.Gની પરીક્ષાઓમાંસુવર્ણપદકતથાપ્રથમત્રણ નંબર ધરાવતા વિદ્યાર્થીઓને શીલ્ડ અને સર્ટીફિકેટ મહેમાનોના હસ્તે આપવામાં આવ્યા હતા. ઈન્ટર ક્લાસ ક્રિકેટ ટુર્નામેન્ટમાં વિનર ટીમ અને રનર્સ અપ ટીમને મહેમાનોના હસ્તે ટ્રોફી અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા. U.G અને P.Gના અંતિમ વર્ષનાં વિદ્યાર્થીઓએ પોતાનાં પ્રતિભાવો આપ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિભાગના અધ્યાપિકા ડૉ.શીતલબેન માછીએ અને આભારવિધિ આટ્ર્સ વિભાગના કૉ-ઓર્ડીનેટરડો.એ.કે.ચૌધરીએકરીહતી.

## વિરાણી મોટીમાં આંખ ચકાસણી કેમ્પ યોજાયો, 111 દર્દીઓએ લીધો લાભ, 20 દર્દીઓનુ કરાશે ઓપરેશન



જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના મોટી વીરાણી ગામે આંખ ચકાસણી કેમ્પ સફળતાપૂર્વક યોજાયો હતો. કેમ્પમાં ગામના આગેવાનો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા, તેમજ આસપાસના ગામોના લોકોએ પણ લાભ લીધો હતો. કેમ્પ દરમિયાન કુલ 111 દર્દીઓની ઓપીડી કરવામાં આવી હતી, જ્યારે 20 દર્દીઓને ઓપરેશન માટે લેવામાં આવ્યા હતા. આ દર્દીઓને તા. 28 માર્ચે ભુજ સ્થિત સીઆરસી અંધજન મંડળ હોસ્પિટલ ખાતે બોલાવવામાં આવ્યા છે, જ્યાં અમદાવાદથી આવેલા નિષ્ણાત ડોક્ટર આતીષ પટેલ દ્વારા ઓપરેશન કરવામાં આવશે. કેમ્પ દરમિયાન ડોક્ટર ઈરફાન કાનિયા દ્વારા દર્દીઓની આંખોની તપાસ કરવામાં આવી હતી. તેમજ સીતાબેન રબારી દ્વારા દર્દીઓને ઓપરેશન અંગે જરૂરી સમજણ આપવામાં આવી હતી. કેમ્પના પ્રચાર-પ્રસાર માટે સીઆરસી અંધજન મંડળના કોર્ડિનેટર પચાણ ગઢવી દ્વારા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવાઈ હતી. મહાજનના પ્રમુખ રાજેશભાઈ પલણ તથા બાદલભાઈ લોહાણાએ સેવા આપી કેમ્પને સફળ બનાવ્યો હતો. આ કેમ્પનું આયોજન સીઆરસી અંધજન મંડળ ભુજ અને સુઝલોનના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું, જે સીઆરસીના મેનેજર અરવિંદસિંહ નેજાના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું.

## 24મી માર્ચે બે મહત્વપૂર્ણ પ્રસંગો મોરારિબાપુના વરદ હસ્તે યોજાયા

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

એક અનોખો અને અદ્ભુત સંયોગ તરીકે 24મી માર્ચની તારીખે સતત બે વર્ષ દરમિયાન મહત્વપૂર્ણ સાંસ્કૃતિક પ્રસંગો પૂજ્યમોરારિબાપુના ના વરદ હસ્તે યોજાયા હતા, જે કચ્છ માટે ગૌરવની વાત બની છે. વર્ષ 2026માં માધાપર ખાતે "કચ્છની હાટકેશ ગાથા" ગ્રંથનું વિમોચન કરવામાં આવ્યું હતું, જ્યારે વર્ષ 2025માં રવેચી ખાતે "મારી માટી મારો કચ્છ પ્રદેશ" નામના અનોખા નકશાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ બંને



પ્રસંગોના સાક્ષી તરીકે પુસ્તકના લેખક અને સંશોધક જગદીશચંદ્ર છાયા હાજર રહ્યા હતા, જેમણે કચ્છના ઈતિહાસ, સંસ્કૃતિ અને ધરતી સાથે જોડાયેલા અભ્યાસને આ કૃતિઓ દ્વારા ઉજાગર કર્યો છે. એક જ તારીખ – 24મી માર્ચે યોજાયેલા આ બંને પ્રસંગો અદ્ભુત સંયોગ માનવામાં આવે છે. આ પ્રસંગોએ કચ્છની ઓળખ અને વારસાને નવી દિશા આપી છે.આવા દૈવિક સંયોગો જીવનમાં ભાગ્યે જ જોવા મળે છે, જેને કારણે આ બંને પ્રસંગો યાદગાર અને પ્રેરણાદાયી બની રહ્યા છે.

## ઈદ મિલન સમારંભે અમદાવાદમાં સૌહાર્દ અને એકતાનો સંદેશ_ પ્રાન્ધો કચ્છ ના રાજકીય કાર્યકર રઝાક રાયમા ઉપસ્થિત

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

જમાલપુર-ખાડિયા વિસ્તારના ધારાસભ્યશ્રી ઈમરાનભાઈ ખેડાવાલા દ્વારા આયોજિત ઈદ મિલન સમારંભમાં લખપત તાલુકાના પાનધ્રો ગામના રાજકીય કાર્યકર તેમજ વિવિધ સંસ્થાઓ સાથે જોડાઈ સેવાકીય પ્રવૃત્તિઓ કરતા શ્રી રઝાક રાયમા ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન શ્રી રઝાક રાયમાએ દરિયાપુર વિધાનસભાના પૂર્વ ધારાસભ્યશ્રી ગ્યાસુદીન શેખ સાહેબ સાથે સૌજન્ય મુલાકાત કરી હતી. ઉપરાંત



ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ શ્રી અમિતભાઈ ચાવડા સાથે મુલાકાત કરી રાજકીય અને સંગઠનાત્મક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. તેમજ ગુજરાત કોંગ્રેસ માઈનોરિટી વિભાગના પ્રમુખ વજીર ખાન પઠાણ સાહેબ સાથે સૌહાર્દપૂર્ણ મુલાકાત કરી વિવિધ સામાજિક તેમજ સંગઠનાત્મક વિષયો પર વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પૂર્વ ડેપ્યુટી મેયર ગાંધીનગર મહાનગરપાલિકાના યુસુફભાઈ પરમાર સાહેબ તથા યુનુસભાઈ પરમાર સાથે પણ શ્રી રઝાક રાયમાની સૌજન્ય મુલાકાત થઈ હતી.આ ઈદ મિલન સમારંભે ભાઈચારો, એકતા અને સામાજિક સમરસતાનો સુંદર સંદેશ આપ્યો હતો.

## આપત્તિ વ્યવસ્થાપનની સજ્જતા ચકાસવા એચ.પી.સી.એલ ચંડીસર ખાતે મોક ડ્રીલ યોજાઈ



પાલનપુર | ચંડીસર સ્થિત એચ.પી.સી.એલ.પ્લાન્ટ ખાતે જિલ્લા વહીવટી તંત્રની આપત્તિ વ્યવસ્થાપન સજ્જતા ચકાસવા માટે એક વિશેષ મોક ડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામ્ય મામલતદાર શ્રી શૈલેષ પ્રજાપતિની ઉપસ્થિતિમાં યોજાયેલી આ કવાયતનો મુખ્ય ઉદ્દેશ્ય કોઈપણ આકસ્મિક દુર્ઘટના સમયે તંત્ર કેટલું સજ્જ છે તેનું મૂલ્યાંકન કરવાનો અને પ્રતિભાવ સમય (Response Time) માં જરૂરી સુધારા-વધારા સૂચવવાનો હતો.આ મોક ડ્રીલમાં ફાયર બ્રિગેડ, આરોગ્ય વિભાગ, પોલીસ તંત્ર અને વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ તથા કર્મચારીઓ જોડાયા હતા. પ્લાન્ટમાં કટોકટીની સ્થિતિ ઊભી કરી વિવિધ વિભાગો વચ્ચેના સંકલનનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. મામલતદારશ્રીએ આ તકે જરૂરી સૂચનો આપી વહીવટી તંત્રની ક્ષમતા વધુ સુદ્રઢ બનાવવા પર ભાર મૂક્યો હતો.

# પ્રજાના પૈસે તાયફા હવે સાખી નહિ લેવાય: જિલ્લા કોંગ્રેસ મહામંત્રી અશ્વિન રૂપારેલ

## નખત્રાણા નગરપાલિકા દ્વારા યોજાયેલ ખાતમુર્હુત લોકાર્પણ કાર્યક્રમનો કોંગ્રેસને દ્વારા ઉગ્ર વિરોધ





મહેશ એલ. સોની નખત્રાણા

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી હવે નજીક આવી રહી છે ત્યારે નગરપાલિકા આયોજિત લોકાર્પણ અને ખાતમુર્હુત કાર્યક્રમમાં ભાજપ પ્રમુખ તેમજ મંત્રીના નામે જાહેરાત પ્રસિદ્ધ કરી પ્રજા ના પૈસે તાયફા કરી લોકોને ગુમરાહ કરવામાં આવતા કોંગ્રેસ પક્ષને દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો.

૨૨ માર્ચ ૨૦૨૬ ના રોજ નખત્રાણા નગરપાલિકા દ્વારા રૂડી સતીમાના સ્થાનક પાસે અબડાસા ધારાસભ્ય શ્રી હસ્તે ખાતમુર્હુત લોકાર્પણ કાર્યક્રમનો કાર્યક્રમ ઘડી કઢાયો હતો જેમાં

કોંગ્રેસ પક્ષને કાર્યક્રમથી અળગો રાખવામાં આવેલ જેથી કોંગ્રેસે કાળા વાવટા લહેરાવી ,રેલી યોજી ભાજપ તેરી તાનાશાહી નહિ ચલેગી, ભાજપ હમશે ડરતી હૈ તો પુલિસ કો આગે કરતી હૈ ના નારા સાથે વિરોધ નોંધાવ્યો હતો.

કચ્છ જિલ્લા કોંગ્રેસ મહામંત્રી શ્રી અશ્વિનભાઈ રૂપારેલ તેમજ નખત્રાણા શહેર પ્રમુખ રાજેશ ભાઈ આહિરે ઉગ્ર વિરોધ સાથે જણાવ્યું હતું કે હાલ નગરપાલિકાનો વહીવટ વહીવટદાર પાસે છે ત્યારે નગરપાલિકા દ્વારા પ્રજા તેમજ દરેક પક્ષને આમંત્રિત કરવાનું હોય છે છતાં પણ માત્ર એક જ પક્ષને આમંત્રિત કરી કોંગ્રેસ પક્ષને કાર્યક્રમથી વંચિત રાખી તાનાશાહીનો પરિચય કરાવ્યો છે. નગરપાલિકા દ્વારા એક તરફી આમંત્રણથી રોષે ભરાયેલા કોંગ્રેસ પક્ષના નેતાઓએ જબરો વિરોધ નોંધાવી આગામી દિવસોમાં તાલુકામાં આવા કોઈ પણ પ્રકારના કાર્યક્રમો નો વિરોધ કરશે એવી ચીમકી ઉચ્ચારી હતી.

નખત્રાણા તાલુકા શહેર પ્રમુખ રાજેશ ભાઈ આહિર, લખમીરભાઈ રબારીની આગેવાની હેઠળ જિલ્લા કોંગ્રેસ મહામંત્રી અશ્વિનભાઈ રૂપારેલ, તાલુકા પંચાયત વિપક્ષી નેતા કેતનભાઈ પાંચાણી , એસ સી સેલના જિલ્લા ચેરમેન નરેશ ભાઈ ફુલીયા,વંકાભાઈ રબારી, રાજેશદાન ગઢવી, ખમીશાભાઈ ખત્રી, ભીમજીભાઈ વાઘેલા, મંગાભાઈ લધા મારવાડા, કરણભાઈ બુચિયા, ગીતેશભાઈ ઠક્કર, જીતુભા જાડેજા, રાજેશ ભાઈ જોશી, નરેશભાઈ શાહ સહિત મોટી સંખ્યામાં અગ્રણીઓ જોડાયા હતા. પોલીસ દ્વારા વિરોધ પ્રદર્શન કરી રહેલા કાર્યકરોની અટકાયત કરાઈ હતી.

## ટેન્કર પ્રથા ખરેખર બંધ થઈ છે કે ફક્ત ભાષણોમાં જ સીમિત, સમસ્યા હજી યથાવત

ડાંગ | ઉનાળાની તીવ્ર ગરમી વચ્ચે ડાંગ જિલ્લામાં પાણી પુરવઠાનો મુદ્દો ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. એક તરફ ડાંગના ધારાસભ્ય વિજયભાઈ પટેલ તેમના જાહેર ભાષણોમાં ભૂતપૂર્વ સરકારની "લાલ ટેન્કર પ્રથા"ને પૂર્ણવિરામ અપાઈ ગયો હોવાનો દાવો કરી રહ્યા છે, જ્યારે બીજી તરફ હકીકત એવી સામે આવી રહી છે કે વર્ષ 2024-25 અને 2025-26 દરમિયાન તેમની જ ગ્રાન્ટમાંથી પાણીના ટેન્કરોની ખરીદી કરવામાં આવી રહી છે.મળતી માહિતી મુજબ ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની ગંભીર સમસ્યાને ધ્યાનમાં રાખીને તાજેતરમાં નવા ટેન્કરો ખરીદવામાં આવ્યા છે.આ પગલાને કારણે રાજકીય તેમજ સામાજિક વર્તુળોમાં ચર્ચા ઉઠી છે કે જો ટેન્કર પ્રથા ખરેખર બંધ થઈ ગઈ હોય, તો નવા ટેન્કરો ખરીદવાની જરૂર શા માટે ઊભી થઈ?સ્થાનિકોમાં પણ પ્રશ્નો ઉઠી રહ્યા છે કે એક તરફ ટેન્કર પ્રથાનો અંત દર્શાવી વિકાસના દાવા કરવામાં આવે છે, જ્યારે બીજી તરફ એ જ પ્રથાને આગળ વધારતા નિર્ણયો લેવાઈ રહ્યા છે.આ વિરોધાભાસી પરિસ્થિતિને કારણે ધારાસભ્યના નિવેદનોની વિશ્વસનીયતા પર પણ સવાલો ઊભા થયા છે.



## રાજુલા પંથકમાં ખોટી અફવાઓ ફેલાતા રાત્રીએ પેટ્રોલ ભરાવવા માટે લાઈનો લાગી પેટ્રોલ-ડિઝલની અછત સર્જાઈ તેવો માહોલ સર્જાયો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અનેક પેટ્રોલપંપ પર ઈંધણનો જથ્થો ખૂટ્યો હોવાની માહિતી, રાજ્ય સરકાર અને પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા પેટ્રોલ અને ડીઝલનો પુરતો જથ્થો ઉપલબ્ધ છે અફવાઓથી દૂર રહેવા નાગરિકોને કરી અપીલ,

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધેલા તાણવને કારણે પેટ્રોલ-ડિઝલની અછત જોવા મળી રહી છે. આ પરિસ્થિતિ વચ્ચે અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાં પણ જોવા મળી છે. રાજુલાના ડુંગર ગામે સમીસાંજ થી લોકોની પેટ્રોલ ભરાવવા માટે લાઈનો લાગી હતી. અને મધ્ડીરાત સુધી પેટ્રોલ પંપ પર ભીડ જામી હતી. બીજી તરફ ખેડૂતો પણ પોતાનાં ટ્રેક્ટરમાં બેરલો અને કેરબાઓ લઈ ડિઝલ ભરાવવા માટે આવ્યા હતાં. અને ડિઝલની અછત ના સર્જાય તે માટે ખેડૂતોએ અત્યારથી જ ડિઝલનો સ્ટોક કરી લીધો છે. આ યુદ્ધના તણાવની અસર સ્થાનિક સ્તરે પણ વર્તાઇ



રહી છે. રાજુલા શહેરમાં નાયરા પેટ્રોલ પંપ છેલ્લા બે દિવસથી બંધ હાલતમાં છે કારણ કે તેમની પાસે ઈંધણનો જથ્થો ખૂટી જતા વેંચાણ બંધ કરી દેવામાં આવ્યું છે. માત્ર ન્યારા જ નહીં અન્ય કંપનીના પંપો પર જથ્થો ન હોવાની માહિતી સામે આવી હતી.

## નર્મદા LCB પોલીસે આઠ વર્ષ થી પોલીસ ને ચકમો આપતા આરોપી ને મહારાષ્ટ માંથી પકડ્યો



રાજપીપલા | નર્મદા પોલીસ ની ક્રાઈમ બ્રાન્ચ ના અધિકારીઓ ને બાર ગુનામાં સંડોવાયેલ અને આઠ વર્ષ થી પોલીસ ને ચકમો આપી નાસતા ફરતા આટોપી ને પકડવામાં સફળતા મળી છે . પ્રાપ્ત માહિતી મુજબ ગરુડેશ્વર , કવાંટ ., નસવાડી પોલીસ મથકો માં જેના વિરુદ્ધ 12 જેટલા ગુના નોંધાયા હતા તે જહાંગીર ઉર્ફે જાંગો ઉર્ફે જાગીર પાડવી નામનો ગુનેગાર છેલ્લા આઠ વર્ષ થી પોલીસ ને ચકમો આપતો હતો અને નાસ્તો ફરતો હતો તેને LCB પોલીસે મહારાષ્ટ્ર ના ધડગાંવ માંથી પકડવામાં સફળતા મેળવી છે , LCB પી . આઈ , આર . જી . ચૌધરી અને તેમની ટિમ છેલ્લા બે વર્ષ થી આરોપી જાંગો ને પકડવા સતત વોચ અને ટેક્નિકલ સર્વેલન્સ અને વર્કઆઉટ કરી ટિમ એલસીબી એ આરોપી ને મહારાષ્ટ્ર ના ધડગાંવ માંથી પકડી લાવી સફળતા મેળવી છે .

## જૂનાગઢ જિલ્લામાં પેટ્રોલ-ડીઝલનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ: અફવાઓથી દૂર રહેવા વહીવટી તંત્રની અપીલ

નરેન્દ્ર દવે જૂનાગઢ



જૂનાગઢ તા.૨૪ જૂનાગઢ જિલ્લામાં પેટ્રોલ અને ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાથી નાગરિકોએ ખોટી અફવાઓથી દોરવાઈને પેટ્રોલ પંપો પર ભીડ ન કરવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. જિલ્લા કલેક્ટરશ્રી અનિલકુમાર રાણાવસિયાના નિર્દેશ મુજબ તંત્ર દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે અને પેટ્રોલ-ડીઝલનો પુરવઠો જળવાઈ રહે તે માટે તમામ જરૂરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે. જિલ્લામાં આજે સાંજે ૪ વાગ્યાની સ્થિતિએ જિલ્લામાં ૮.૨૦ લાખ લિટર પેટ્રોલ અને ૧૧.૭૧ લાખ લિટર ડીઝલ નો જથ્થો સંગ્રહિત છે, જે નાગરિકોની જરૂરિયાત પૂરી કરવા માટે પૂરતો છે. જિલ્લા કલેક્ટરશ્રીએ પણ જૂનાગઢ શહેરના પેટ્રોલ પંપની મુલાકાત લઈ સ્થિતિનો તાગ મેળવી સમીક્ષા કરી હતી. ઉપરાંત જિલ્લા કલેક્ટર શ્રીની સૂચના મુજબ, મામલતદાર સહિતના અધિકારીઓએ જિલ્લાના વિવિધ પેટ્રોલ પંપોની રૂબરૂ મુલાકાત લીધી હતી. આ તપાસ દરમિયાન અધિકારીઓએ પંપ પર ઉપલબ્ધ જથ્થાની ચકાસણી કરી હતી અને અન્ય સંલગ્ન પ્રશ્નો અંગે પણ વિગતવાર સમીક્ષા કરી હતી. કલેક્ટરશ્રી અનિલકુમાર રાણાવસિયાએ પેટ્રોલ ડીઝલની અછત હોવા અંગે સોશિયલ મીડિયા કે અન્ય માધ્યમો દ્વારા ભ્રામક માહિતી ફેલાવનાર તત્વ અને સંગ્રહખોરી કરનાર સામે કડક કાર્યવાહી કરવા પણ સ્પષ્ટ નિર્દેશ આપ્યા છે.

## વિશ્વ ક્ષય દિવસ, જૂનાગઢ જિલ્લાની ૩૨૯ પંચાયતો ટીબી મુક્ત જાહેર, ૧૦૦ દિવસના વિશેષ અભિયાનનો પ્રારંભ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૨૪ જૂનાગઢ જિલ્લા કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસિયાના હસ્તે આજ રોજ ટીબી મુક્ત પંચાયતોના સરપંચશ્રીઓ અને તલાટીઓને સર્ટિફિકેટનું વિતરણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. તા. ૨૪ માર્ચ 'વિશ્વ ક્ષય નિવારણ દિવસ' નિમિત્તે જૂનાગઢ જિલ્લાએ આરોગ્ય ક્ષેત્રે મોટી સિદ્ધિ હાંસલ કરી છે. જિલ્લા આરોગ્ય વિભાગની એક વર્ષની સખત મહેનતના પરિણામે જિલ્લાની ૪૯૩ પંચાયતોમાંથી ૬૭% એટલે કે ૩૨૯ ગામોને સફળતાપૂર્વક ટીબી મુક્ત (TB Free) જાહેર કરવામાં આવ્યા છે. નિયમ મુજબ સતત સર્વેલન્સ, ટેસ્ટિંગ અને ટ્રીટમેન્ટના આધારે આ સફળતા મળી છે. જેમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર ગામોને ત્રણ શ્રેણીમાં સર્ટિફિકેટ આપવામાં આવ્યા છે. જેમા ૧૧૮ ગામોને ગોલ્ડ સર્ટિફિકેટ,૧૨૦ ગામોને સિલ્વર સર્ટિફિકેટ,૯૧ ગામોને બ્રોન્ઝ સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા છે. આ સફળતા બદલ જૂનાગઢ જિલ્લા કલેક્ટરશ્રીએ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની ટીમ, મેડિકલ ઓફિસર્સ, આશા બહેનો,



MPJW અને લેબોરેટરી ટેકનિશિયન સહિતના કર્મચારીઓને બિરદાવવામાં આવ્યા હતા. આ નિમિત્તે સરપંચશ્રીઓ અને તલાટીઓને સર્ટિફિકેટનું વિતરણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.જૂનાગઢ જિલ્લા ક્ષય અધિકારીશ્રી ચંદ્રેશ વ્યાસના જણાવ્યા મુજબ આજથી જિલ્લામાં ૧૦૦ દિવસના નવા ટીબી મુક્ત અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. આ અભિયાન હેઠળ જિલ્લાના એવા ૧૩૭ ગામોની પસંદગી કરવામાં આવી છે જ્યાં વધુ ધ્યાન આપવાની જરૂર છે. તેમણે ઉમેર્યુ હતુ કે, આ અભિયાનની મુખ્ય વિશેષતા હેન્ડ હેલ્ડ એક્સ-રે મશીન નો ઉપયોગ છે. આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ઘરે-ઘરે જઈને હાઈ-રિસ્ક ધરાવતા લોકો, જેમ કે ડાયાબિટીસ કે એચ.આઈ.વી. પોઝિટિવ દર્દીઓ અને જૂના ટીબી દર્દીઓના સંપર્કમાં આવેલા લોકોનું સ્ક્રિનિંગ અને સ્થળ પર જ એક્સ-રે કરવામાં આવશે. જો જરૂર જણાય તો સેમ્પલ લઈ ત્વરિત સારવાર શરૂ કરી આગામી દિવસોમાં આ ગામોને પણ ટીબી મુક્ત કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

## કલેક્ટરશ્રી પાટણની વેલીડેશન એક્ટ 25 મી માર્ચ 2025 પરત ખેંચવા બાબતે આવેદનપત્ર આપવામાં આવ્યું



પાટણ જિલ્લા પેન્શનર મંડળ દ્વારા આજે માનનીય જિલ્લા કલેક્ટરશ્રી પાટણની વેલીડશન એક્ટ 25 મી માર્ચ 2025 પરત ખેંચવા બાબતે આવેદનપત્ર આપવામાં આવ્યું. ખાસ કેન્દ્ર સરકારને તેના પેન્શનરોને વર્ગીકૃત કરવાનો અને પેન્શનરો વચ્ચે નો ભેદ જાળવવાનો અધિકાર છે તે સિદ્ધાંતને માન્ય કરતો કાયદો 25મી માર્ચ 2025 અમલમાંઆવ્યો છે તે કોઈપણ પૂર્વ સુચના આપ્યા વિના નાણાં વિભાગ અને 25 માર્ચ 2025 ના રોજ લોકસભા દ્વારા મંજૂર કરવામાં આવ્યો હતો.

# જૂનાગઢના કેશોદમાં શ્રી રમેશલાઈ ધડુકની ગુજરાત ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ તરીકે નિમણૂક થતાં તે નિમિત્તે જ્ઞાતિ દ્વારા ભવ્ય અભિવાદન સમારોહ યોજાયો.



નરેન્દ્ર દવે જૂનાગઢ

કેશોદ તા.૨૫. કેશોદના આંબાવાડી વિસ્તારમાં આવેલ કડવા પટેલ સમાજ વાડી ખાતે સમાજના આગેવાન શ્રી રમેશલાઈ ધડુકની ગુજરાત ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ તરીકે થયેલ નિમણૂક નિમિત્તે ભવ્ય અભિવાદન સમારોહ યોજાયો હતો. આકાર્યક્રમની શરૂઆત મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. ત્યાર બાદ વિવિધ જ્ઞાતિ સમૂહો, સામાજિક સંસ્થાઓ, એનજીઓ, વેપારી મંડળો તેમજ રાજકીય આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન આગેવાનો દ્વારા શ્રી રમેશલાઈ ધડુક ને ફૂલહાર પહેરાવી શુભેચ્છાઓ પાઠવી ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોએ તેમના રાજકીય તેમજ સામાજિક ક્ષેત્રે આપેલા યોગદાનની પ્રશંસા કરી અને નવી જવાબદારી માટે શુભકામનાઓ પાઠવી હતી.શહેર તેમજ આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો જોડાતા સમગ્ર કાર્યક્રમ ઉત્સાહભર્યો બની ગયો હતો. કાર્યક્રમના અંતે તમામ મહેમાનો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી અને આયોજકો દ્વારા સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખશ્રી ચંદુભાઈ મકવાણા, પંચાળા સ્વામી મંદિરના મહંત સ્વામી ઘનશ્યામ ચરણદાસજી, પૂર્વ ધારાસભ્યશ્રી અરવિંદભાઈ લાડાણી, વ્યાપારી મંડળના પ્રમુખશ્રી વિરમભાઈ ઓડેદરા સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની ગરિમાપૂર્ણ શરૂઆત ઉપસ્થિત મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ વિવિધ જ્ઞાતિ સમૂહો, સ્વૈચ્છિક સંસ્થાઓ (NGOs), વેપારી મંડળો અને સામાજિક અગ્રણીઓએ રમેશભાઈ ધડુકને ફૂલહાર પહેરાવી, સાલ ઓઢાડીને તેમનું ભવ્ય સન્માન કર્યું હતું.

# માણસ પર નહીં, બોલતા-કણસતા પૂતળાં પર ડૉક્ટરો પ્રેક્ટિસ કરશે!

## મેડિકલની દુનિયામાં ક્રાંતિકારી બદલાવ, જાણો આ હાઈ-ટેક 'મેનિકિન્સ'ની ખાસિયતો

ન્યૂ યોર્ક | 'તમે એક મેડિકલ વિદ્યાર્થી છો. હાર્ટ એટેક આવે ત્યારે શું કરવું જોઈએ...' આ ફક્ત પુસ્તકોમાં જ વાંચ્યું હોય છે. પરંતુ જ્યારે તમે પહેલીવાર જીવંત વ્યક્તિની સામે ઊભા હોવ છો, જેના શ્વાસ અટકી રહ્યા હોય છે, ત્યારે હાથ ધ્રૂજવા લાગે છે અમેરિકન એકેડમી ઑફ નર્સિંગના પ્રમુખ ડૉ. ડેબ્રા બાર્કસ્ડેલ કહે છે, 'અનુભવ ભયાવહ હોય છે. ભલે તમારી પાસે અપાર જ્ઞાન હોય, પરંતુ જીવંત વ્યક્તિ પર તેનો અભ્યાસ કરવો ખૂબ જ પડકારજનક છે.'આ જ ડરને ખતમ કરવા માટે હવે મેડિકલની દુનિયામાં ક્રાંતિકારી બદલાવ આવ્યો છે. હવે વિદ્યાર્થીઓ સીધા મનુષ્યો પર હાથ અજમાવવાને બદલે 'હાઈ-ફિડેલિટી મેડિકલ સિમ્યુલેટર' એટલે કે ખૂબ જ અસલી દેખાતા પૂતળાઓ પર અભ્યાસ કરે છે. આ ખાસ પ્રકારના પૂતળા શ્વાસ લઈ શકે છે, પાંપણો ઝબકાવે છે, તેમને પરસેવો આવે છે અને ઈજા થવા પર તેમાંથી લોહી (લાલ પ્રવાહી) પણ નીકળે છે. કેટલાક પૂતળા તો એવા પણ છે, જેમને આંચકી આવી શકે છે અથવા તેમના મોંમાંથી ફીણ નીકળી શકે છે. કેટલાક તો ડૉક્ટર સાથે વાત પણ કરે છે.થોડા દિવસો પહેલા નર્સિંગની વિદ્યાર્થિની જુલિયાના વિટોલો, 'મોમ-એની' નામની ગર્ભવતી પૂતળાનું પરીક્ષણ કરી રહી હતી. જ્યારે જુલિયાનાએ પૂછ્યું, 'તમને કેવું લાગે છે?' ત્યારે તે પૂતળાએ પાંપણો પટપટાવી અને જવાબ આપ્યો, 'પેટના નીચેના ભાગમાં થોડો દુખાવો છે.'અલગ-અલગ પ્રકારના દર્દીઓને ધ્યાનમાં રાખીને પૂતળાની ડિઝાઈન પણ અલગ રાખવામાં આવે છે. પ્રીમેચ્યોર બાળકોના પૂતળા પર અસલી જેવા વાળ હોય છે, જ્યારે વૃદ્ધ પૂતળાની ત્વચા પર કરચલીઓ અને આંખોમાં મોતિયાબિંદુ પણ બતાવવામાં આવે છે. ટોર્ચથી આંખોની તપાસ કરવામાં આવે છે, ત્યારે કીકીઓ સંકોચાઈ જાય છે. તેમને ઈન્જેક્શન આપી શકાય છે અને નાડી પણ અનુભવી શકાય છે. જો કોઈ 'બાળક' વાળા પૂતળાને પૂરતો ઓક્સિજન ન મળે, તો હોઠની આસપાસની ત્વચા વાદળી થવા લાગે છે (હાઈપોક્સિયા), જેનાથી વિદ્યાર્થીઓને તરત નિર્ણય લેવો પડે છે. આ ખાસ પ્રકારના સિમ્યુલેટર્સ માત્ર પ્લાસ્ટિકના પૂતળા નથી, પરંતુ તે આધુનિક ટેકનોલોજીથી સજ્જ છે. આ પૂતળા શ્વાસ લઈ શકે છે, પાંપણો ઝબકાવે છે અને તેમને અસલી મનુષ્યની જેમ પરસેવો પણ આવે છે. જો કોઈ વિદ્યાર્થી તપાસ દરમિયાન ભૂલ કરે કે ઈજા પહોંચાડે, તો તેમાંથી લાલ પ્રવાહી (કૃત્રિમ લોહી) પણ નીકળે છે.

# ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓનો લાભ લેવા માટે આઈ-ખેડૂત પોર્ટલ તા.૨૭ માર્ચથી ખુલ્લું મૂકાશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૫ રાજ્યના ખેડૂતો ખેતીમાં આધુનિક સાધનો અને વિવિધ સુવિધાઓનો લાભ મેળવી આર્થિક રીતે સધ્ધર બને તે હેતુથી ખેતીવાડી ખાતા દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે વિવિધ સહાય યોજનાઓ જાહેર કરવામાં આવી છે. આ યોજનાઓ હેઠળ સહાય મેળવવા માટે 'આઈ-ખેડૂત' (i-Khedut) પોર્ટલ આગામી તા.૨૭/૦૩/૨૦૨૬ થી તા. ૨૬/૦૪/૨૦૨૬ સુધી ખેડૂતો માટે ઓનલાઈન અરજી કરવા માટે ખુલ્લું મૂકવામાં આવશે.વર્ષ ૨૦૨૬-૨૭ માટે ૪૨ જેટલા વિવિધ ઘટકો માટે ખેડૂતો ઓનલાઈન અરજી કરી શકશે. જેમાં વિવિધ ખેત ઓજાર સાધનો જેવા કે કમ્બાઈન હાર્વેસ્ટર, કલ્ટીવેટર, રોટાવેટર, લેસર લેન્ડ લેવલર, સબસોઈલર, પોટેટો પ્લાન્ટર, ગ્રાઉન્ડનટ ડીગર, તમામ પ્રકારના હેરો અને પ્લાઉ તથા પાવર ટીલરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તારની વાડ, સોલાર પાવર યુનિટ, પાક સંગ્રહ સ્ટ્રક્ચર (ગોડાઉન), માલ વાહક વાહન, પમ્પ સેટ્સ, પાક સંરક્ષણ સાધનો અને સ્માર્ટફોન ખરીદી પર સહાય જેવી યોજનાઓ માટે અરજી કરી શકાશે. ચાલુ વર્ષે આઈ-ખેડૂત પોર્ટલ પર નોંધણી થયેલ હોય અથવા જે ખેડૂતોની નોંધણી બાકી હોય તેવા તમામ અરજદારોએ ઓનલાઈન પોર્ટલ પર આધાર ઓથેન્ટિકેશન કરવું ફરજિયાત છે. આ પ્રક્રિયા આધારકાર્ડ સાથે લીંક મોબાઈલ નંબર મારફત OTP દ્વારા અથવા બાયોમેટ્રિક દ્વારા કરી શકાશે. વર્ષ ૨૦૨૬-૨૭ માટે ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓનો લાભ લેવા ઈચ્છતા ખેડૂતોએ આધાર ઓથેન્ટિકેશન કર્યા બાદ જ સંબંધિત ઘટક માટેની જરૂરી વિગતો ભરીને અરજી કરવાની રહેશે. ખેતીવાડી ખાતા દ્વારા રાજ્યના તમામ ખેડૂતોને સમયમર્યાદામાં આધારકાર્ડ સાથે લિંક મોબાઈલ નંબર પર મળેલ OTP અથવા બાયોમેટ્રિક દ્વારા નોંધણી અને અરજી કરી સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો મહત્તમ લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. તેમ એક યાદીમાં જણાવાયું છે.

# સાપુતારા પોલીસની માનવતાવાદી પહેલ:-છ વર્ષથી અલગ રહેતા દંપતીનું મિલન , બાળકને અપાવ્યા દસ્તાવેજો

ડાંગ | સાપુતારા પોલીસ સ્ટેશનની 'શી-ટીમ' અને મહિલા સહાયતા કેન્દ્ર દ્વારા એક પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે. છેલ્લા ૬ વર્ષથી અલગ રહેતા એક દંપતી વચ્ચે સમજાવટ કરી, પોલીસે માત્ર વિખૂટા પડેલા પરિવારને ભેગો જ નથી કર્યો, પરંતુ બાળકના શિક્ષણ માટે જરૂરી દસ્તાવેજોની સમસ્યાનો પણ સુખદ ઉકેલ લાવ્યો છે.એક મહિલા અરજદારે સાપુતારા પોલીસ સ્ટેશનના મહિલા બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર ખાતે અરજી કરી હતી. અરજી મુજબ, તે છેલ્લા ૬ વર્ષથી પોતાના પતિથી અલગ રહેતી હતી અને પોતાના પુત્રનું લાલન-પાલન પોતે જ કરતી હતી. હાલમાં પુત્રના શાળામાં પ્રવેશ માટે જાતિનો દાખલો, આવકનો દાખલો અને આધારકાર્ડ જેવા મહત્વના દસ્તાવેજોની જરૂર હતી, જે તેના પતિ પાસે હતા. વારંવારની માંગણી છતાં પતિ આ દસ્તાવેજો આપતો ન હોવાથી મહિલાએ પોલીસની મદદ માંગી હતી. અરજી મળતા જ સાપુતારા પોલીસની 'શી-ટીમ' અને કાઉન્સેલરોએ ત્વરિત કાર્યવાહી કરી હતી. પોલીસે આજે જ પતિ અને પત્ની બંનેને પોલીસ સ્ટેશન ખાતે બોલાવ્યા હતા.શી-ટીમ અને મહિલા સહાયતા કેન્દ્ર દ્વારા બંને પક્ષોનું સંયુક્ત કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. બાળકનું ભવિષ્ય ન બગડે અને માતા-પિતા તરીકેની તેમની શું ફરજ છે, તે બાબતે પોલીસ દ્વારા બંનેને સમજ આપવામાં આવી હતી.



# તલગાજરડા ખાતે પૂજ્ય મોરારિબાપુની નિશ્રામાં હનુમંત જન્મોત્સવ ઉજવાશે

વેળાવદર|તખુભાઈ સાંડસુર

પ્રતિ વર્ષની પાવન પરંપરા અનુસાર આગામી તારીખ ૩૦ માર્ચ થી ૨ એપ્રિલ દરમિયાન શ્રી ચિત્રકૂટધામ તલગાજરડા ખાતે પૂજ્ય મોરારિબાપુની નિશ્રામાં શ્રી હનુમંત જન્મોત્સવ ઉજવાશે. આ અંતર્ગત યોજાતા હનુમંત શાસ્ત્રીય સંગીત મહોત્સવમાં તારીખ ૩૦/૩/૨૬ રાત્રીએ શ્રી દેબાશીષ ભટ્ટાચાર્યનું ગીટાર વાદન પ્રસ્તુત થશે જેની સાથે શ્રી યશવંત વૈષ્ણવ તબલાં સંગત કરશે. તા.૩૧/૩/૨૬ની રાત્રિએ શ્રી. ઓજસ અઢિયાનું તબલાં વાદન થશે જેમાં શ્રી સબીર ખાં સારંગીની સંગત કરશે. તા. ૧/૪/૨૬ ની રાત્રિએ વિદુષી કૌશિકી ચક્રબર્તી તેમના મધુર કંઠે શાસ્ત્રીય ગાયન પ્રસ્તુત કરશે જેમાં શ્રી.મુરાદઅલી સારંગી, શ્રી.ઈશાન ઘોષ તબલાં અને શ્રી તન્મય દેવચકે હાર્મોનિયમ સાથે સંગત કરશે.તા. ૨/૪/૨૬ અને શ્રી હનુમંત જન્મદિને સવારે સૌ પ્રથમ શ્રી. સુંદરકાંડના પાઠ યોજાશે અને ત્યારબાદ ૯ વાગ્યે શ્રી હનુમંત જન્મોત્સવ પ્રસંગે શ્રી. ગુરુ રતિકાંત મહાપાત્ર શ્રી હનુમાનજી સમક્ષ ઓડિસી નૃત્ય પ્રસ્તુત કરશે. મહોત્સવના સમાપન પ્રસંગે પૂજ્ય મોરારિબાપુ એમની પ્રસન્નતા વ્યક્ત કરશે.પ્રતિ વર્ષ સમાજના જુદા જુદા ક્ષેત્રના વિદ્યાધરોને આ અવસરે વિવિધ એવોર્ડ્સ દ્વારા સન્માનિત કરવામાં આવે છે. આ પ્રસંગે તા. ૨ એપ્રિલને દિવસે શ્રી. સુસાઈ કન્નૂ કુલંદેઈ સામીને સદ્ભાવના એવોર્ડ, શ્રી કનુ પટેલને કૈલાસ લલિતકલા એવોર્ડ (ચિત્રકલા), શ્રી શ્યામલ મુનશી - શ્રી સૌમિલ મુનશીને શ્રી અવિનાશ વ્યાસ એવોર્ડ, શ્રી વસંતકુમાર મ. ભટ્ટને વાચસ્પતિ (સંસ્કૃત) એવોર્ડ, શ્રીમતી શુચિતા વાય. મહેતાને ભામતી (સંસ્કૃત) એવોર્ડ, શ્રી. રમેશભાઈ બી. નાયકને (ભવાઈ) નટરાજ એવોર્ડ, શ્રી અરવિંદ વૈદ્યને (નાટક) નટરાજ એવોર્ડ, શ્રી કંવરજીત પેન્ટલ (ટી.વી સીરીયલ) નટરાજ એવોર્ડ, સુશ્રી શબાના આઝમી (હિન્દી ફિલ્મ) નટરાજ એવોર્ડ, ગુરુશ્રી રતિકાંત મહાપાત્ર (ઓડિસી નૃત્ય) હનુમંત એવોર્ડ, શ્રી. ઓજસ અઢિયા, (તાલવાદ્ય-તબલાં) હનુમંત એવોર્ડ, શ્રી.દેબાશીશ ભટ્ટાચાર્ય (વાદ્યસંગીત-ગીટાર) હનુમંત એવોર્ડ અને વિદુષી કૌશિકી ચક્રબર્તીને (શાસ્ત્રીય ગાયન) હનુમંત એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે.



# નોબલ યુનિવર્સિટીના પ્રોફેસર્સનું રિસર્ચ પેપર આંતરરાષ્ટ્રીય પરિષદમાં બેસ્ટ પેપર એવોર્ડથી સન્માનિત કરાયું







નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૫. જૂનાગઢ સ્થિત નોબલ યુનિવર્સિટીના પ્રોફેસર્સ દ્વારા કરવામાં આવેલ એક મહત્વપૂર્ણ સંશોધનમાં ખુલાસો થયો છે કે ભારતીય શેરબજારમાં અસ્થિરતા દરમિયાન સ્થાનિક સંસ્થાગત રોકાણકારો (DII) બજારને સ્થિર રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે,જ્યારે વિદેશી રોકાણકારો (FII) મોટાભાગે બજારના ટ્રેન્ડને અનુસરે છે.

ડૉ. જય તલાટી અને ડૉ. રિદ્ધિ સંઘવી દ્વારા તૈયાર કરાયેલ સંશોધન પેપર "Foreign versus Domestic Institutional Flows and the Resilience of NIFTY 50 in Recent Years"* ને SAMVAD 2026 આંતરરાષ્ટ્રીય પરિષદમાં બેસ્ટ પેપર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યું હતું. આ પરિષદનું આયોજન Indukaka Ipcowala Institute of Management દ્વારા Charotar University of Science and Technology હેઠળ કરવામાં આવ્યું હતું. આ સંશોધન 2020 થી 2025 દરમિયાનના 1,488 દૈનિક આંકડાઓના વિશ્લેષણ પર આધારિત છે, જેમાં નીચે મુજબના મહત્વપૂર્ણ નિષ્કર્ષો સામે આવ્યા છે:

1. *DII (Domestic Institutional Investors) બજારમાં સ્થિરતા લાવે છે, ખાસ કરીને સંકટકાળ દરમિયાન,

2. FII (Foreign Institutional Investors) બજારના ફેરફારોને અનુસરે છે, મુખ્ય ડ્રાઈવર તરીકે નહીં.

3. ગ્લોબલ વોલેટિલિટી (VIX- Volatility Index) નો બજાર પર નકારાત્મક પ્રભાવ પડે છે.

4. ભારતીય બજાર હવે વધુ સ્થાનિક રોકાણ પર આધારિત બની રહ્યું છે.

વિશેષ નોંધનીય છે કે 2020ના માર્કેટ ક્રેશ દરમિયાન, જ્યારે વિદેશી રોકાણકારોએ મોટા પાયે મૂડી બહાર ખેંચી હતી, ત્યારે સ્થાનિક સંસ્થાઓએ બજારમાં ખરીદી વધારીને બજારને સંતુલિત રાખ્યું હતું. આ સંશોધન પોલિસી નિર્માતાઓ, રોકાણકારો અને નાણાકીય સંસ્થાઓ માટે માર્ગદર્શક સાબિત થઈ શકે છે, કારણ કે તે દર્શાવે છે કે ભારતીય બજારની દીર્ઘકાલીન સ્થિરતા માટે સ્થાનિક રોકાણકારોની શક્તિ વધારવી જરૂરી છે. નોબલ યુનિવર્સિટીના પ્રોફેસર્સનું આ સિદ્ધિ માત્ર શૈક્ષણિક ક્ષેત્રમાં જ નહીં પરંતુ આર્થિક વિચારધારામાં પણ મહત્વપૂર્ણ યોગદાન તરીકે જોવામાં આવી રહી છે. આ સિદ્ધિ બદલ નોબલ યુનિવર્સિટીનાં પ્રમુખશ્રી નિલેશભાઈ ધૂલેશિયા, ઉપપ્રમુખશ્રી ગિરીશભાઈ કોટેચા, મેનેજિંગ ટ્રસ્ટીશ્રી વી.પી. ત્રિવેદી, કો-મેનેજિંગ ટ્રસ્ટીશ્રી કે.ડી. પંડ્યા તેમજ સંસ્થાના કુલપતિ ડૉ. એચ. એન. ખેર દ્વારા સિદ્ધિ બદલ શુભેચ્છા પાઠવવામાં આવી છે તેમ સંસ્થાના રજિસ્ટ્રાર અને ડીન ડૉ.જય તલાટી દ્વારા એક યાદીમાં જણાવાયું છે.

# જિલ્લા કલેકટરશ્રી અનિલકુમાર રાણાવસિયાની અધ્યક્ષતામાં જૂનાગઢ જિલ્લાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો




નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૫. જૂનાગઢ જિલ્લા કલેકટરશ્રી અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરી ખાતે જિલ્લા કક્ષાના સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા કલેકટરશ્રીએ અરજદારોના પ્રશ્નો રૂબરૂ સાંભળ્યા હતા અને ૨૬ જેટલા પ્રશ્નોનું હકારાત્મક નિવારણ લાવવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં અરજદારો દ્વારા સ્વચ્છતા, ગટર, રસ્તાઓ, દબાણો,વિવિધ યોજનાઓ, પ્રોપર્ટી કાર્ડ, રી-સર્વે પ્રમોલગેશનમાં ક્ષતી, અને પેન્ડિંગ રહેલ અરજીઓ વગેરે પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. કલેક્ટરશ્રીએ સબંધિત વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી પ્રશ્નોનુ નિરાકરણ લાવવા જરૂરી માર્ગદર્શન આપ્યુ હતું. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.પી. પટેલ, નિવાસી અધિક કલેકટરશ્રી બી. એસ. બારડ સહિતના સંલગ્ન વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# મંગલ ભવન અમંગલ હારી દ્રવ્હુ શું દશરથ અજીર બિહારી...

મંગલ ભવન અમંગલ હારી દ્રવ્હુ શું દશરથ અજીર બિહારી

રામાયણ અનુસાર ભગવાન શ્રી રામચંદ્ર જી નો જન્મ સરયૂ નદી ના કઠે વસેલી અયોધ્યા નગરી મા થયો હતો એમ રામાયણ કહે છે. રામાયણ ગ્રંથ પર વાદ વિવાદ કરનાર લોકોઓ નબળી માનસિકતા ધરાવનાર લોકો એ સમજવાની જરૂર છે કે ભગવાન શ્રી રામ એ કલ્પના નથી એ હાજરા હજૂર છે એટલે તો "રામ ના નામે પથરા તરે કહેવત સત્ય પુરવાર ના થયા કરે છે.પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ શ્રીરામ ચંદ્રજી નું અસ્તિત્વ હવા,પાણી અને જમીન સર્વ છે.જ્યાં રામધૂન થતી હોય ત્યાં હનુમાનજી કોઈના કોઈ સ્વરૂપે બિરાજે છે. પૂર્ણ પુરૂષોતમ પ્રભુ શ્રી રામચંદ્ર નો જન્મ સરયૂ નદી ના કાંઠે વિકસિત રાજ્ય અયોધ્યા માં થયો છે..

અયોધ્યા નગરી એ સ્વયં સુર્ય દેવના પુત્ર મનું મહરાજ એ વસાવી છે.આ નગરી ની પવિત્રતા ત્રેતા,દ્વાપર, સત્ય યુગ માં અકબધ હતી એનું મુખ્ય કારણ ત્યારે હિન્દુ ધર્મ એટલે શું? એનો સ્વભાવ શું?આચાર વિચાર શું? એ જન જન સ્વીકાર્ય હતું. એ સમય માં હિન્દુઓના લલાટ પર ચમકતી ત્રણ રેખા એ હિન્દુત્વ ની નિશાની હતી.એ સમયમાં સમગ્ર પૂર્વ ભારત એ બિહાર ના નામે પ્રસિદ્ધ હતો એટલે તુલસી દાસ જી એ ચોપાઈ માં "બિહારી" શબ્દ ની ઉલ્લેખ કર્યો છે.

રામાયણ અનુસાર દશરથ રાજા અને કૌશલ્યાજી ને પૂર્વ જન્મ માં સંતાન નહતું એટલે એણે ખૂબ તપ કર્યું દેવ સમાન લક્ષણો વાળા પુત્રની પ્રાપ્તિ માટે.હજારો વર્ષ માત્ર એક સમય અન્ન ખાઈ ને કર્યો,..એ પછી બીજા હજારો વર્ષ માત્ર પાણી પી ને ઉપવાસ કર્યો..હજારો વર્ષ હવા લઈને ઉપવાસ કર્યોઅંતે અન્ન,જલ,હવા નો ત્યાગ કર્યો ને અત્યંત કઠિન ઉપવાસ કર્યો. ભગવાન પ્રસન્ન થયા ત્યારે બન્ને એ દેવ સમાન ગુણો વાળા પુત્ર ની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે ભગવાન એ વરદાન આપતા કહ્યું કે હું સ્વયં તમારે ત્યાં પુત્ર રૂપે પ્રગટ થઈશ..

બીજા જન્મ માં રઘુકુળ વંશ માં રાજા દશરથ અને એની બે પત્ની સાથે કૌશલ્યા રાણી બન્યા. ગુરુ વિશ્વામિત્ર ની સલાહ અનુસાર પુત્ર કામેષ્ટી યજ્ઞ દ્વારા ચરું ની પ્રાપ્તિ થઈ એમાંથી રાજા દશરથ એ બે ભાગ કર્યા હતા. એક ભાગ માંથી બે ભાગ સુમિત્રા અને ક કૈકેયી વચ્ચે વહેચિયો અને એક આખો ભાગ કૌશલ્યાજી ને આપ્યો.

દશરથ કે દુલારે રામ કૌશલ્યા સુખ નંદન રામ..

ચૈત્ર સુદ નવમી ના બપોરે બાર વાગ્યે અભિજિત મુહૂર્ત માં ભગવાન નું પ્રાગટ્ય થયું હતું. ભગવાન એ શંખ,ચક્ર, પદ્મ, ગદા ધારણ કરી છે,પીળું પીતાંબર, ઝરિયાલ ખેસ, પગ સુધી વનમલા,કમલમલા સાથે સોનાના આભૂષણ ધારણ કર્યા છે.પૂર્ણ પુરુષોત્તમ શ્રી રઘુનાથજી પૂર્ણ સ્વરૂપે સુતિકા સદન માં પ્રગટ થયા ત્યારે માતા કૌશલ્યા એ પ્રભુ ના શ્રી રૂપ ના દર્શન કર્યા ને ગદ ગદ થતાં કહ્યું કે ભગવાન આપ કેટલા કૃપાળુ છો આપના ભક્તો ની ઈચ્છા પૂર્ણ કરવા બધું કરો છો. પૂર્ણ પુરુષોત્તમ આપની માતા રૂપે જગતમાં પ્રસિધ્ધ થઈશ આહો!!ભાગ્ય મારું એવા કેવા પુણ્ય નો પ્રતાપ છે કે આપની માં બનીશ. કૌશલ્યાજીની આંખ માંથી દડ દડ હર્ષના અશ્રુઓ સરી ને ભગવાન ના ચરણો મા પડી રહિયા છે એ પણ એ ખબર નથી રહેતી. કૌશલ્યા જી ભગવાન સમક્ષ બે હાથ જોડી પ્રાર્થના કરતા કહ્યું કે,

ભયે પ્રગટ કૃપલા દિન દયાલા કૌશલ્યા હિતકારી,

હર્ષિત મહતારી મુનીમન હારી અવધૂત રૂપ બિચારી,

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન એ માતા ના નયન માંથી વહેતા આંસુઓ રોકતા કહ્યું કે માતા આપના પૂર્વ જન્મ ને યાદ કરશો તો યાદ આવશે.પૂર્વ જન્મ માં આપે દેવ જેવા પુત્ર ની પ્રાપ્તિ માટે કઠોર તપશ્ચર્યા પતિ સાથે કરી હતી.તમારા તપ પ્રસન્ન થઈ ને વરદાન આપ્યું હતું કે હું સ્વયં વિષ્ણુ આપનો પુત્ર બની પ્રગટ થઈશ.કૌશલ્યા જી ને પૂર્વ જન્મ નું તપ યાદ આવતા ખૂબ ખુશ થતા ભગવાન ને વિનંતી કરતા કહ્યું કે,


રામ નવમી
- રુપાલી દવે

માતા પુની બોલી, સો મતી ડોલી
તજહું તાત યહ રૂપા,
કીજે શિશુલિલા,અતિપ્રિય સિલા,
યહ સુખ પરમ અનુપા.

માતાની વિનંતી સાંભળીને પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ શ્રી રામ ચંદ્ર જી એ તાત્કાલિક તાજા જન્મેલા બાળક નું સ્વરૂપ ધારણ કરીને રડવાનું શરૂ કરી દીધું. બાળક ના રડવા નો અવાજ સાંભળી ને દાઈ સૂતિકા સદન ની અંદર પ્રવેશી ને જોયું તો નીલમણિ બાળક કૌશલ્યા જી ની આગળ રડી રહ્યું હતું.. દાઈ એ અન્ય દાસી ને કૌશલ્યા જી આગળ બેસાડીને થાળી ને વાસ થી વગાડતા વગાડતા રાજા દશરથ આગળ આવીને ખુશ ખબર આપતા બોલી કે :

આનંદ ભાયો આનંદ ભયો દશરથ કે ભવન આનંદ ભયો
આનંદ ભયો આનંદ ભયો,..
કા ભયો..
વધાઈ વધાઈ કૌશલ્યા કો પુત્ર ભયો..

રાજા દશરથ ને પ્રથમ તો વિશ્વાસ ના બેઠો એટલે ફરી ફરીને પૂછ્યું દાઈ નો ફરીફરી એક જવાબ સાંભળીને દશરથ રાજા નો આનંદ સમતો નથી એણે પહેરેલ આભૂષણો દાઈ ને આપી ને ઢોલ નગારા પખવાજ માં આખું અયોધ્યા આનંદ ના હિલ્લોળે ચડ્યું.એવું કહેવાય છે કે ભગવાન શ્રી રામચંદ્ર જી ના જન્મ વખતે અયોધ્યા માં લોકો એટલું નાચ્યા હતા કે ભાન ભૂલી ગયા હતા. રાજા દશરથ એના પુત્ર સ્નેહમાં રાજકાજ ભૂલ્યા હતા. બાળલીલા તો ભગવાન એ એવી કરી હતી કે માતા પણ ભુલભુલામણી માં પડી જતી હતી. પુત્ર ને સ્તન પાન કરાવ્યા બાદ હાલરડાં ગાય ને પારણાં મા પોઢાડી ગૃહ કાર્ય માં વ્યસ્ત થઈ ને યાદ આવતું કે જઈને જોવ રામ લલ્લા પોઢે તો છે ને પારણાં મા લલ્લા પોઢીયા હોય પરંતુ મંદિર મા અવાજ આવતા દોડીને જુવે છે તો રામ લાલા પ્રસાદ આરોગતા દીઠે ત્યારે વિચારમાં પડી જાય છે કે આવું કેમ? ભગવાન માતાને પરેશાન નિહાળી ને અદ્રૃશ્ય થઈ જતાં માં ને મનનો ભ્રમ લાગે છે..

ભગવાન રામ ચંદ્ર જી નો જન્મ તો યુગો પહેલા થયો હતો પરંતુ આજ પણ હનુમાનજી દ્વારા સ્વયં ભગવાન નો પરચો મળીયા કરતો હોય છે.એનું કારણ ચૈત્ર સુદ નવમી ના દિવસે સ્વયં ભગવાન નું પ્રાગટ્ય થયું હતું.ના સમજ એ લોકો છે જેને સ્વયં ઈશ્વર ના દર્શન નથી થતા. અયોધ્યા નું નિર્માણાધિન રામ મંદિર એ પ્રગટ પરચો છે,સ્વયં ભગવાન કેસ લડ્યા અને જીત્યા પણ છે.જે ધર્મ ના પથ પર અગ્રેસર છે એનો એકજ નિર્ધાર હોય છે કે:

રામ કાજ કીયે બીનું મોહે કહા વિશ્રામ.

તુલસીદાસ જી બાળક રામ નું વર્ણન કરતાં કહે છે કે

"તુલસીદાસ અતિ આનંદ દેખી તે મુખારવિંદ રઘુવર છબી કે સમાન રઘુવર છબી બનિયા..

ઘૂંટણિયે ચાલતા બાળ રામચંદ્રની સાથે રાજા દશરથ પણ પકડા પકડીના દાવ માં ઘૂંટણિયે રાજા પણ પાછળ દોડતા હતા.આ દ્રૃશ્ય નિહાળી ને તુલસીદાસ ના શબ્દ મૌન થઈ ગયા હતા. અચાનક ઉંમર અને અવસ્થા ને લીધે ઘૂંટણિયે ચાલતા ચાલતા થાકેલા પિતા તરફ પ્રભુ એ નજર કરી ને ઉભા રહીને પાછળ ફરીને પિતા તરફ સુંદર સ્મિત કર્યું. આ દ્રૃશ્ય નિહાળી ને ફરી તુલસીદાસ જી ના મૌન શબ્દો ને વાચા આવી લખ્યું કે ભગવાન ના સ્વરૂપ નું વર્ણન માત્ર ને માત્ર ભગવાન સાથે જ થઈ શકે..

ભગવાન શિવજી પ્રભુ શ્રી રામચંદ્રજી ની સ્તુતિ કરતા રામાયણ ની ચોપાઈ માં કહે છે કે,

"અવધેશ સુરેશ રમેશ વિભો શરણાગત માંગત પાહી પ્રભુ,

જય રામ જય જય રામ જય રામ રાજા રામ,

પ્રભુ શ્રી રામ ભક્ત હનુમાનજી વગર આર્ટિકલ પુરો કરવો અશક્ય છે. જ્યાં પ્રભુ શ્રી રામના ગુણગાન થતાં હોય ત્યાં હનુમાનજી પ્રગટ સ્વરૂપે હાજર હોય છે. એમાં પણ આરાધ્ય દેવ પ્રભુ શ્રી રામચંદ્ર જી નો જન્મ દિવસ હોય ત્યારે એની ખુશી રામ ભક્ત હનુમાનજી ની કેટલી હશે વિચારો:

રામદૂત અતુલિત બલ ધામા અંજની પુત્ર મહા બળવાના

શંકર સ્વયં કેસરી નંદન તેજ પ્રતાપ મહા જગ વંદન..




# ગોલમાલ ફાઈવમાં હું મેઈન હિરો નથી: અક્ષય કુમાર...

## અજય દેવગણ ફિલ્મની વાર્તાના કેન્દ્રમાં : અક્ષયનો દાવો: હજુ સુધી પોતાને ફિલ્મમાં કયો રોલ હશે તેની ખબર નથી

મુંબઇ : અક્ષય કુમારે સ્પષ્ટતા કરી છે કે પોતે 'ગોલમાલ ફાઈવ'માં મુખ્ય ભૂમિકામાં નથી. અક્ષયના જણાવ્યા અનુસાર ફિલ્મમાં અજય દેવગણની મુખ્ય ભૂમિકા છે અને સમગ્ર સ્ટોરીનાં કેન્દ્રમાં અજય દેવગણ જ છે.

અક્ષય કુમારના દાવા અનુસાર હજુ સુધી તેને આ ફિલ્મમાં પોતાના રોલની વિગતોની ખબર નથી. રોહિત શેટ્ટીએ હાલમાં જણાવ્યું હતું કે, આ ફિલ્મનું શૂટિંગ શરૂ થઇ ગયું છે.

પહેલી 'ગોલમાલ' ફિલ્મના મૂળ કલાકારો જેવા કે અજય દેવગણ, અરશદ વારસી, તુષાર કપૂર, કુણાલ ખેમૂ, શ્રેયસ તળપદે અને શરમન જોશી ૨૦ વરસ પછી ફરી સાથે જોવા મળશે. સાથે સાથે ફિલ્મમાં અક્ષય કુમારનો પણ રોલ ઉમેરાયો છે. પહેલા એવી ચર્ચા હતીકે, અક્ષય કુમાર ફિલ્મમાં વિલનના રોલમાં જોવા મળશે.જોકે, અક્ષયે આ બાબતે ફોડ પાડયો નથી.

# પ્રતિભા રાન્ટા અને રોહિત સરાફનાં ડેટિંગની ફરી ચર્ચા



## બંને કેટલીક ઈવેન્ટસમાં સાથે દેખાયાં : બંને ટૂંક સમયમા રિવોલ્યુશનરીઝ વેબ સીરિઝમાં સાથે દેખાવાનાં છે

મુંબઈ : એકટ્રેસ પ્રતિભા રાન્ટા તથા એક્ટર રોહિત સરાફ રિલેશનશિપમાં હોવાની ચર્ચાઓ ફરી શરુ થઈ છે. તાજેતરમાં બંને કેટલીક ઈવેન્ટસમાં સાથે દેખાયાં હતાં તે પરથી બંને ડેટિંગ કરી રહ્યાં હોવાનું કહેવાય છે. બોલિવુડ વર્તુળોમાં ચર્ચા અનુસાર રોહિત અને પ્રતિભાને એકબીજાની કંપની ગમે છે. તેઓ એકમેક સાથે સમય પસાર કરવાનું પસંદ કરે છે. જોકે, હજુ સુધી તેમણે પોતાની રિલેશનશિપ વિશે કશું કન્ફર્મ કર્યુ નથી. નજીકના મિત્રો તથા બોલિવુડના અન્ય લોકોને પણ તેઓ એકબીજાની ઓળખાણ ગાઢ મિત્ર તરીકે જ આપી રહ્યાં છે.

થોડા સમય પહેલાં પ્રતિભા અને રોહિત નિખિલ અડવાણીની એક પાટીમાં સાથે સાથે આવ્યાં હતાં અને બંનેએ એકસમાન વસ્ત્રો ધારણ કર્યાં હતાં. બંને ટૂંક સમયમાં નિખિલ અડવાણીની જ વેબ સીરિઝ 'રિવોલ્યુશનરીઝ'માં સાથે દેખાવાનાં છે.

# 'કાંતારા' વિવાદમાં રણવીર બિનશરતી માફી માંગશે મૈસુરના ચામુંડી મંદિરે જઈને માફી માંગવા તૈયાર

(એજન્સી) મુંબઈ | તા.25

ફિલ્મ 'કાંતારા'ના દૈવા સીનની નકલ કરવાના મામલે રણવીર 10 એપ્રિલે કર્ણાટક હાઈકોર્ટમાં બિનશરતી માફીનું સોગંદનામું દાખલ કરશે. એક્ટર દ્વારા આ પગલું કન્નડ સમુદાયની ભાવનાઓને ઠેસ પહોંચાડવાના આરોપમાં નોંધાયેલી FIR પછી લેવામાં આવ્યું છે.

કોર્ટમાં સુનાવણી દરમિયાન રણવીર સિંહના વકીલે સ્વેચ્છાએ એક પ્રસ્તાવ મૂક્યો છે. તેમણે કહ્યું કે, 'એક્ટર પોતે મૈસુરના ચામુંડી મંદિરે જઈને વ્યક્તિગત રીતે માફી માંગવા તૈયાર છે.' આ પહેલા ફેબ્રુઆરીમાં હાઈકોર્ટે રણવીરને મોટી રાહત આપતા તેની સામે કાર્યવાહી ન કરવાનો નિર્દેશ આપ્યો હતો.

વિવાદ ગયા વર્ષે નવેમ્બરમાં ગોવામાં યોજાયેલા ફિલ્મ ફેસ્ટિવલ (IFFI) દરમિયાન શરૂ થયો હતો. જ્યાં રણવીરે ઋષભ શેટ્ટીના આઈકોનિક દૈવા સીનની નકલ કરી હતી. આ પછી કન્નડ સમુદાયની ભાવનાઓને ઠેસ પહોંચાડવાના આરોપમાં તેની સામે FIR નોંધવામાં આવી હતી.

જોકે, ફરિયાદી અને એડવોકેટ પ્રશાંત મેથલે રણવીરની માફીને 'દેખાડો' ગણાવી છે. તેમણે દલીલ કરી કે, 'એક્ટરે અત્યાર સુધી માત્ર ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ લખીને માફી માંગી હતી, જે દિલથી નીકળેલી લાગતી નથી.' મેથલનું કહેવું છે કે, 'ઈન્સ્ટાગ્રામ પર માફી માંગવી અને કોર્ટમાં આવીને કે વ્યક્તિગત રીતે બોલવું એ અલગ વાત છે.'



રણવીર સિંહ 28 નવેમ્બર 2025 ના રોજ ગોવામાં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયાનો ભાગ બન્યો હતો. આ દરમિયાન મંચ પર તેણે ફિલ્મ 'કાંતારા'માં દર્શાવવામાં આવેલી ચાવુંડી (ચામુંડા) દેવીની મજાક ઉડાવી હતી.

રણવીર સિંહે ફિલ્મના ડિરેક્ટર અને એક્ટર ઋષભ શેટ્ટીને કહ્યું, 'ઋષભ, મેં આ (કાંતારા) થિયેટરમાં જોઈ હતી. તે એક શાનદાર પર્ફોર્મન્સ હતું, ખાસ કરીને જ્યારે ફીમેલ ઘોસ્ટ (ભૂત) તમારા શરીરમાં આવે છે. તે પર્ફોર્મન્સ, તે એક શોટ શાનદાર હતો.'

આગળ રણવીર સિંહે કહ્યું, 'શું તમે કાંતારા જોઈ છે? જ્યારે તે શોટ આવે છે.' આગળ રણવીર સિંહે પોતે તે પાત્રની નકલ કરતા મજાક ઉડાવી. આગળ રણવીરે કહ્યું, 'શું અહીં કોઈ એવું છે જે મને કાંતારા 3 માં જોવા માંગે છે, તે આ માણસને કહે.'

ફિલ્મ ફેસ્ટિવલમાંથી રણવીર સિંહનો વધુ એક વીડિયો સામે આવ્યો હતો, જેમાં તે મંચ પરથી ઉતર્યા પછી પણ ઋષભ શેટ્ટી સામે ચાવુંડી દેવીની મિમિક્રી કરતા જોવા મળ્યા હતા, જોકે ઋષભ શેટ્ટી સતત ઈશારા કરીને તેમને રોકતા જોવા મળ્યા હતા. તે જ સમયે, સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ થયા પછી અભિનેતાની જોરદાર ટીકા પણ થઈ હતી.

રણવીર સિંહે આ મામલે જાહેરમાં માફી માંગી હતી. રણવીરે ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર લખ્યું હતું- મારો ઈરાદો ફિલ્મ (કાંતારા)માં ઋષભના શાનદાર પર્ફોર્મન્સને ઉજાગર કરવાનો હતો. એક એક્ટર હોવાને નાતે, હું જાણું છું કે તે ખાસ સીનને જે રીતે તેમણે ભજવ્યો, તેના માટે કેટલી મહેનત લાગે છે અને તેના માટે હું તેમનો અત્યંત આદર કરું છું.

મેં હંમેશા આપણા દેશની દરેક સંસ્કૃતિ, પરંપરા અને આસ્થાનું ઊંડું સન્માન કર્યું છે. જો મારી કોઈ વાતથી કોઈની ભાવનાઓને ઠેસ પહોંચી હોય, તો હું દિલથી માફી માંગુ છું.



# અજય દેવગણની વધુ એક હોરર ફિલ્મ આવશે: જુલાઈથી શૂટિંગ

મુંબઈ : અજય દેવગણ ફરી એક હોરર ફિલ્મમાં મુખ્ય રોલમાં જોવા મળશે.આ ફિલ્મનું દિગ્દર્શન રોહિત જુગરાજ કરશે.આ ફિલ્મ હાલ પ્રી-પ્રોડકશનમાં છે અને જુલાઇ મહિનામાં શૂટિંગ શરૂ કરવાની યોજના છે. ફિલ્મનું શૂટિંગ લંડનમાં એક જ શેડયુલમાં કરવામાં આવશે.

અજય દેવગણ સાથે હોરર ફિલ્મમાં ફિટ બેસે તેવા કલાકારોની શોધ થઇ રહી છે. ફિલ્મ સાથે જોડાયેલા સૂત્રે જણાવ્યું હતું કે, અજય દેવગણની આ હોરર ફિલ્મનું નામ 'ગૃહપ્રવેશ' રાખવા પર વિચારણા થઇ રહી છે.' વાસ્તુ શાસ્ત્ર 'નામ પણ ફિલ્મ નિર્માતાને પસંદ પડયું છે. પરંતુ ગૃહ પ્રવેશ ટાઇટલ તેમને પટકથાને વધુ અનુરૂપ લાગી રહ્યું છે. ફિલ્મનું શીર્ષક ફાઇનલ થયા પછી ફિલ્મની સત્તાવાર ઘોષણા કરવામાં આવશે. રસપ્રદ છે કે,દિગ્દર્શક રોહિત જુગરાજ અને અજય દેવગણ બીજી વખત હોરર ફિલ્મમાં સાથે કામ કરશે.આ પહેલા રોહિત જુગરાજે રામ ગોપાલ વર્માની 'ભૂત' ફિલ્મમાં સહાયક દિગ્દર્શકની જવાબદારી નિભાવી હતી.

# ધુરંધર2' વિવાદોમાં...! શીખ સમુદાયના અપમાનનો આરોપ, માધવને મૌન તોડતાં માફી માગી...



આદિત્ય ધરના નિર્દેશનમાં બનેલી ફિલ્મ ધુરંધર 2 બોક્સ ઓફિસ પર પસ્તાળ પાડી રહી છે. પરંતુ તેની સાથે જ ફિલ્મ એક મોટા વિવાદમાં સપડાઈ છે. ફિલ્મમાં અભિનેતા આર. માધવનના એક સીન પર શીખ સમુદાયની ધાર્મિક લાગણી દુભાવવાનો આરોપ લાગ્યો છે. વિવાદ વધતા માધવને સોશિયલ મીડિયા પર વીડિયો શેર કરીને પોતાની સ્પષ્ટતા રજુ કરી છે સાથે સાથે માફી પણ માંગી છે. ફિલ્મ ધુરંધર 2 ના એક સીનમાં આર. માધવનનું પાત્ર ગુરુ ગોવિંદ સિંહ જીના દશમ ગ્રંથની પવિત્ર પંક્તિઓ બોલે છે. સોશિયલ મીડિયા પર એવો દાવો કરવામાં આવ્યો કે, માધવને સિગરેટ પીતા-પીતા આ પવિત્ર પંક્તિઓ ઉચ્ચારી હતી. શીખ સમુદાયમાં આ બાબતે ભારે રોષ જોવા મળ્યો અને ફિલ્મ મેકર્સ પર ધાર્મિક અપમાનના આક્ષેપો થયા.

# એકતા કપૂર ત્રાસવાદી હુમલાઓ પર ધી ટેરર રીપોર્ટ ફિલ્મ બનાવશે...!

મુંબઇ : રણવીર સિંહની 'ધુરંધર' ફિલ્મના બંને ભાગ સફળ થયા બાદ એકતા કપૂરે પણ સાંપ્રત ઘટનાઓ, રાજકારણ તથા દેશભક્તિ આધારિત ફિલ્મો બનાવવાના ટ્રેન્ડમાં ઝંપલાવ્યું છે. તે 'ધી ટેરર રીપોર્ટ' નામની ફિલ્મ બનાવી રહી છે તેમાં ૧૯૯૮થી ૨૦૨૫ સુધીમાં દેશમાં થયેલા જુદા જુદા આતંકી હુમલાઓની વાત આવરી લેવાશે એમ જાણવા મળે છે.

અગાઉ એકતા કપૂરે 'ધી સાબરમતી રીપોર્ટ ' ફિલ્મ બનાવી હતી. તેની સીકવલ રુપે આ ફિલ્મ બનાવાઈ રહી છે એમ કહેવાય છે.

એકતા કપૂરે ફિલ્મનાં દિગ્દર્શન માટે સાઉથના ડિરેક્ટર વિષ્ણુવર્ધનની પસંદગી કરી હોવાનું કહેવાય છે. વિષ્ણુવર્ધન અગાઉ સિદ્ધાર્થ મલ્હોત્રા તથા કિયારા અડવાણીની ફિલ્મ 'શેરશાહ'નું દિગ્દર્શન કરી ચૂક્યા છે.



# આતંકી હુમલા અને ભારતની કાર્યવાહીની વણકહી વાર્તા

## 'ધ ટેરર રિપોર્ટ' પોલિટિકલ થ્રિલર ફિલ્મ હશે; એક્તા કપૂર અને સુધીર ચૌધરી ફિલ્મ બનાવશે




નવી દિલ્હી | એક્તા કપૂરની બાલાજી ટેલિફિલ્મ્સ, એલિપ્સિસ એન્ટરટેઇનમેન્ટ અને પત્રકાર સુધીર ચૌધરીની કંપની એસ્પ્રિટ પ્રોડક્શન્સ મળીને 'ધ ટેરર રિપોર્ટ' ફિલ્મ બનાવી રહ્યા છે.

આ એક પોલિટિકલ થ્રિલર ફિલ્મ હશે. ફિલ્મમાં ભારતમાં થયેલા આતંકી હુમલાઓ અને તેના જવાબમાં દેશની કડક કાર્યવાહી દર્શાવવામાં આવશે. આ ફિલ્મનું ડિરેક્શન વિષ્ણુ વર્ધન કરશે. તે કારગિલ યુદ્ધ પર બનેલી 'શેરશાહ' ફિલ્મને પણ ડિરેક્ટ કરી ચૂક્યા છે.

આ ફિલ્મ સાચી ઘટનાઓ પર આધારિત છે. તેમાં ભારત પર થયેલા આતંકી હુમલાઓ અને તેના જવાબમાં દેશની કડક કાર્યવાહી દર્શાવવામાં આવશે. ફિલ્મમાં તપાસ એજન્સીઓની તપાસ, ગુપ્ત ઓપરેશન અને સામાન્ય લોકો સાથે જોડાયેલી ભાવનાત્મક વાર્તાઓ પણ જોવા મળશે.

સાબરમતી રિપોર્ટની સિક્વલ માનવામાં આવી રહી છે 'ધ ટેરર રિપોર્ટ'ને 2024માં આવેલી ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ'ની સિક્વલ માનવામાં આવી રહી છે. આ ફિલ્મ સરહદ પારથી થતા આતંકવાદ સામે ભારતની લાંબી લડાઈને મોટા પડદા પર બતાવશે.



# 'શું પહેલી ફિલ્મ માટે મારી સાથે રેપ કરાવશો?

## મોનાલિસાના ડિરેક્ટર સનોજ મિશ્રા પર ગંભીર આરોપ, કહ્યું- 'મને 10 વાર ખોટી રીતે સ્પર્શ કર્યો'

(એજન્સી) મુંબઈ | તા.25

પ્રયાગરાજ કુંભ મેળામાંથી ચર્ચામાં આવેલી મોનાલિસાએ મંગળવારે ડિરેક્ટર સનોજ મિશ્રા પર ફિલ્મ 'ધ ડાયરી ઓફ મણિપુર' દરમિયાન ખોટી રીતે સ્પર્શ કરવા અને માનસિક ઉત્પીડનના આરોપો લગાવ્યા છે. તેણે જણાવ્યું કે, તેને અને તેના પતિને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી છે, તેથી તેણે કેન્દ્ર સરકાર, કેરળ અને મધ્યપ્રદેશ સરકાર પાસેથી સુરક્ષા માંગી છે.

મોનાલિસાએ કેરળના કોચીમાં એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, સનોજ મિશ્રા સારો માણસ નથી. તેણે મને 10 વાર ખોટી રીતે સ્પર્શ કર્યો. મેં મારા પરિવારને જણાવ્યું કે, સનોજ મિશ્રાએ મને સ્પર્શ કર્યો, પરંતુ તેમણે મારો સાથ ન આપ્યો. મને ખબર છે કે મેં શું સહન કર્યું છે. મારી સાથે ખોટો વ્યવહાર થયો છે. મને ફક્ત ન્યાય જોઈએ છે. સનોજ મિશ્રાએ મને બે વાર સ્પર્શ કર્યો. મેં આ વાત મારા આખા પરિવારને જણાવી, પરંતુ કહેવામાં આવ્યું કે, આ તારી પહેલી ફિલ્મ છે. શું પહેલી ફિલ્મ માટે મારી સાથે રેપ કરાવશો?

મોનાલિસાએ કેન્દ્ર સરકારની સાથે કેરળ અને મધ્ય પ્રદેશ સરકાર પાસેથી મદદ માંગી. તેણે કહ્યું કે, તેને અને તેના પતિને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી છે. તેના પોસ્ટર સળગાવવામાં આવી રહ્યા છે. સાથે જ કેટલાક લોકો તેને સતત ધમકાવી રહ્યા છે. તેણે એમ પણ કહ્યું કે, ડિરેક્ટર તેના વિશે ખોટી વાતો ફેલાવી અને કહ્યું કે, 'તને મારી ફિલ્મોમાં કામ નહીં આપું.' તે આવા વ્યક્તિ સાથે કામ કરવા માંગતી નથી.

પતિ પર ખોટા આરોપ ન લગાવવાની અપીલ મોનાલિસાએ કેન્દ્ર અને ઉત્તર પ્રદેશ સરકારને અપીલ કરી કે, તેના પતિ વિરુદ્ધ લગ્નને લઈને ખોટા આરોપો ન લગાવવામાં આવે. તેણે કહ્યું કે, 'બંનેએ મંદિરમાં હિંદુ રીતિ-રિવાજ મુજબ લગ્ન કર્યાં છે.' તેણે આરોપ લગાવ્યો કે, ડિરેક્ટર તેના લગ્નને 'લવ જેહાદ' કહી રહ્યા છે અને સમાજમાં તણાવ ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. મોનાલિસાએ તમામ ધર્મો પ્રત્યે સન્માન વ્યક્ત કર્યું. તે જ સમયે, મોનાલિસાના પતિ ફરમાને પણ આરોપ લગાવ્યો કે, ડિરેક્ટર તેને 'આતંકવાદી' કહી રહ્યા છે. તેણે કહ્યું કે, 'મુસ્લિમ પરિવારમાં જન્મ લેવા અને મારું નામ ફરમાન ખાન હોવાને કારણે મારા પર આરોપો લગાવવામાં આવી રહ્યા છે.' ફરમાને જણાવ્યું કે, તે શ્રી નારાયણ ગુરુમાં વિશ્વાસ રાખે છે અને તેણે તે જ ગુરુના એક મંદિરમાં લગ્ન કર્યા છે. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન મોનાલિસા ભાવુક થઈ ગઈ અને ફરીથી કહ્યું કે, જો તેમને સુરક્ષા નહીં મળે, તો તે આત્મહત્યા કરી શકે છે. બંનેએ તાજેતરમાં કેરળમાં લગ્ન કર્યા છે, કારણ કે મોનાલિસાના પરિવારને આ સંબંધ મંજૂર ન હતો. તેઓ ફિલ્મ શૂટના સંબંધમાં તિરુવનંતપુરમ પહોંચ્યા હતા.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

## એમએસ ધોની અંતિમ સીઝન શું સીએસકેના થાલાનો લાસ્ટ ડાન્સ

### ● સીએસકે યુવા બેટિંગ કોર રણનીતિ માં મોટો ફેરફાર



(એજન્સી) ચેન્નાઈ । તા. 25

ઇન્ડિયન પ્રીમિયર લીગની આગામી સીઝન અગાઉ ક્રિકેટ જગતમાં એક જ સવાલ ગુંજી રહ્યો છે: શું ૨૦૨૬ની આઈપીએલ મહેન્દ્ર સિંહ ધોનીની છેલ્લી સીઝન હશે? પાંચ વખતની ચેમ્પિયન ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) માટે ધોની માત્ર એક ખેલાડી નહીં પણ એક લાગણી છે. જોકે, વધતી ઉંમર અને ટીમમાં થઈ રહેલા મોટા ફેરફારો જોતા એવા સંકેતો મળી રહ્યા છે કે આ 'થાલા'નો મેદાન પરનો 'લાસ્ટ ડાન્સ' હોઈ શકે છે. સીએસકે એ આ વખતે ટીમમાં મોટા ફેરફારો કર્યા છે. સંજુ સેમસન જેવા દિગ્ગજ ખેલાડીનો ટીમમાં સમાવેશ થતા ધોનીની બેટિંગ ભૂમિકા વધુ મર્યાદિત બની શકે છે. ગત સીઝનમાં ધોની ૯મા ક્રમે પણ બેટિંગ કરવા આવ્યો હતો, જ્યાં તેનો સ્ટ્રાઈક રેટ ૧૩૫ની આસપાસ રહ્યો હતો. નવી રણનીતિ મુજબ, સંજુ સેમસન અને યુવા આયુષ મ્હાત્રે ઓપનિંગ કરી શકે છે, જ્યારે રુતુરાજ ગાયકવાડ અને શિવમ દુબે મધ્યમ ક્રમ સંભાળશે.

ટીમમાં પ્રશાંત વીર અને કાર્તિક શર્મા જેવા મોંઘા ખેલાડીઓના આગમનથી ધોની હવે ૮મા ક્રમે રમે તેવી શક્યતા છે. જોકે, નિષ્ણાતો માને છે કે ધોનીને માત્ર વિકેટકીપર તરીકે 'ઈમ્પેક્ટ પ્લેયર' તરીકે વાપરવો એ ટીમ માટે જોખમી સાબિત થઈ શકે છે, કારણ કે તેનાથી બોલિંગની ઊંડાઈ ઘટી શકે છે.

## મોહમ્મદ સાલાહ લિવરપૂલ ક્લબ વિદાય ૨૦૨૬ સાથે એક સુવર્ણ યુગનો અંત



લિવરપૂલ | ફૂટબોલ જગતના દિગ્ગજ ખેલાડી અને 'ઈજિપ્તિયન કિંગ' તરીકે જાણીતા મોહમ્મદ સાલાહે લિવરપૂલ ફૂટબોલ ક્લબ સાથેના પોતાના નવ વર્ષના લાંબા અને સફળ પ્રવાસનો અંત લાવવાની જાહેરાત કરી છે. મંગળવારે એક ભાવુક વિડિયો સંદેશ દ્વારા સાલાહે પુષ્ટિ કરી કે ૨૦૨૫-૨૬ની વર્તમાન સીઝન તેની લિવરપૂલ માટેની છેલ્લી સીઝન હશે. આ જાહેરાત બાદ એન્ફિલ્ડના ચાહકોમાં ગમગીની ફેલાઈ ગઈ છે, કારણ કે સાલાહ માત્ર એક ખેલાડી નહીં, પણ લિવરપૂલની ઓળખ બની ગયો હતો.

## પંજાબ કિંગ્સ આઈપીએલ પ્લેઈંગ-11 માટે ઈરફાન પઠાનનો માસ્ટર પ્લાન

નવી દિલ્હી | IPL ૨૦૨૬ની સીઝન પૂર્વે રમત જગતમાં પ્લેઈંગ-૧૧ ને લઈને ચર્ચાઓ તેજ બની છે. ૨૦૨૫ની રનર્સ-અપ ટીમ પંજાબ કિંગ્સ આ વખતે ૩૧ માર્ચે ગુજરાત ટાઈટન્સ સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે.



પૂર્વ ભારતીય ઓલરાઉન્ડર ઈરફાન પઠાને પંજાબ માટે એક સંતુલિત પ્લેઈંગ-૧૧ સૂચવી છે, જેમાં તેણે કેપ્ટન શ્રેયસ અય્યર અને ઓસ્ટ્રેલિયન સ્ટાર મિશેલ ઓવેનને બેટિંગ ઓર્ડરમાં બદલતા રહેવાની મહત્વની સલાહ આપી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પઠાનનું માનવું છે કે પિચની સ્થિતિ અને વિરોધી ટીમના બોલિંગ આક્રમણને ધ્યાનમાં રાખીને નંબર ૩ અને ૪ પર ફેરફાર કરવા જોઈએ. જો પેસ બોલિંગ સામે રમવાનું હોય તો મિશેલ ઓવેન અને સ્પિન સામે શ્રેયસ અય્યર વધુ અસરકારક સાબિત થઈ શકે છે. પઠાને ઓપનિંગમાં પ્રિયાંશ આર્યા અને પ્રભસિમરન સિંહની જોડીને જાળવી રાખવાની હિમાયત કરી છે, જેમણે ગત સીઝનમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. પઠાને આશ્ચર્યજનક રીતે ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર કૂપર કોનલીને ટીમની બહાર રાખવાની સલાહ આપી છે, જેનું મુખ્ય કારણ તેનું કથળેલું ફોર્મ છે. બીજી તરફ, ફિનિશર શશાંક સિંહ પર પઠાને મોટો ભરોસો વ્યક્ત કર્યો છે. પઠાનના મતે, શશાંકના ૩૫૦ રન ટીમ માટે એટલા જ કિંમતી હતા જેટલા ઓપનર્સના ૫૦૦-૬૦૦ રન. શશાંકની નિર્ભય બેટિંગ અને આત્મવિશ્વાસ પંજાબ માટે એક્સ-ફેક્ટર સાબિત થઈ શકે છે.

# શુભમન ગિલ આઈપીએલ ૨૦૨૬ ઓરેન્જ કેપ જીતવા માટે પ્રબળ દાવેદાર



(એજન્સી) ચેન્નાઈ । તા. 25

આઈપીએલ ૨૦૨૬ની સીઝન શરૂ થવાને હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે ગુજરાત ટાઈટન્સના કેપ્ટન શુભમન ગિલ પર સૌની નજર ટકેલી છે. ભારતીય ટી૨૦ વર્લ્ડ કપ ટીમમાંથી પડતા મુકાયા બાદ ગિલ આ સીઝનમાં જબરદસ્ત વાપસી કરવા માટે તલપાપડ છે. આ દરમિયાન ભારતના દિગ્ગજ ઓફ-સ્પિનર રવિચંદ્રન અશ્વિને ગિલને એક ખાસ સલાહ આપી છે. અશ્વિનનું માનવું છે કે ગિલે સ્ટ્રાઈક રેટની પાછળ ભાગવાને બદલે માત્ર રન બનાવવા પર ધ્યાન આપવું જોઈએ.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, શુભમન ગિલ માટે ગત કેટલાક સમય આંતરરાષ્ટ્રીય ટી૨૦માં પડકારજનક રહ્યો છે. ૧૫ ઈનિંગ્સમાં માત્ર ૨૪.૨૫ની સરેરાશથી ૨૯૧ રન બનાવનાર ગિલને વર્લ્ડ કપ ટીમમાં સ્થાન મળ્યું નહોતું.

તેની જગ્યાએ ઈશાન કિશન અને સંજુ સેમસન જેવા ખેલાડીઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. અશ્વિને પોતાની યુટ્યુબ ચેનલ પર જણાવ્યું કે, "અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગિલને આઉટ કરવો અત્યંત મુશ્કેલ છે, તે ત્યાંનો ડોન બની ગયો છે."

અશ્વિને 'એશ કી બાત' કાર્યક્રમમાં ઉમેર્યું કે ગિલ પાસે એવા શાનદાર શોટ્સ છે કે તેણે ઊંચા સ્ટ્રાઈક રેટ માટે દબાણમાં આવવાની જરૂર નથી. જો તે સામાન્ય રીતે રમશે તો પણ તે રનનો પહાડ ખડકી શકે છે. જો ગિલ માત્ર સ્ટ્રાઈક રેટ પાછળ ભાગશે અને રન નહીં બનાવે, તો ગુજરાત ટાઈટન્સ માટે મુશ્કેલી ઊભી થઈ શકે છે. અશ્વિનને વિશ્વાસ છે કે ગિલ આ સીઝનમાં ફરી એકવાર ઓરેન્જ કેપ જીતી શકે છે.

### આંકડાકીય પ્રભુત્વ અને પડકાર

શુભમન ગિલ ૨૦૨૦ના દાયકામાં આઈપીએલમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી છે. તેણે ૯૧ ઈનિંગ્સમાં ૪૦.૫૬ની સરેરાશથી ૩,૩૬૭ રન બનાવ્યા છે. ૨૦૨૩ની સીઝનમાં ૮૯૦ રન બનાવીને તેણે જે ધમાકો કર્યો હતો, તેવું જ પ્રદર્શન તે ફરી દોહરાવવા માંગશે. ગુજરાત ટાઈટન્સ પાસે ગિલ, સાઈ સુદર્શન અને જોસ બટલર જેવી મજબૂત ટોપ ઓર્ડર લાઈન-અપ છે, જે આ વર્ષે વિરોધી બેટિંગ ટીમો માટે માથાનો દુખાવો સાબિત થઈ શકે છે.

# મિયામી ઓપન ટેનિસ સેમીફાઈનલમાં મુચોવા અને ગોફ વચ્ચે ટક્કર

(એજન્સી) મિયામી । તા. 25

અમેરિકાના મિયામીમાં રમાઈ રહેલી પ્રતિષ્ઠિત મિયામી ઓપન ૨૦૨૬ ટેનિસ ટુર્નામેન્ટ હવે તેના અંતિમ તબક્કા તરફ આગળ વધી રહી છે. મંગળવારે રમાયેલી ક્વાર્ટર ફાઈનલમાં ચેક રિપબ્લિકની અનુભવી ખેલાડી કેરોલિના મુચોવાએ કેનેડાની ઉભરતી સ્ટાર વિક્ટોરિયા મ્બોકોને હરાવીને સેમીફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. ૧ કલાક અને ૪૭ મિનિટ સુધી ચાલેલા આ સંઘર્ષપૂર્ણ મુકાબલામાં મુચોવાએ ૭-૫, ૭-૬ થી જીત મેળવી હતી. હવે સેમીફાઈનલમાં તેનો મુકાબલો અમેરિકાની સ્ટાર ખેલાડી કોકો ગોફ સામે થશે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ૨૯ વર્ષીય કેરોલિના મુચોવા માટે ૨૦૨૬નું વર્ષ અત્યંત શાનદાર રહ્યું છે. તેણે આ વર્ષે રમેલી તમામ પાંચેય ટુર્નામેન્ટમાં ચોથા રાઉન્ડ કે તેથી આગળ સુધી પહોંચવામાં સફળતા મેળવી છે. મ્બોકો સામેની જીત બાદ મુચોવાએ સ્વીકાર્યું હતું કે આ મેચ કોઈપણ તરફ ઝૂકી શકે તેમ હતી, પરંતુ અંતિમ ક્ષણે અનુભવે તેને સાથ આપ્યો હતો. પ્રથમ સેટમાં મુચોવાએ શાનદાર વાપસી કરી હતી, જ્યારે બીજા સેટમાં ટાઈબ્રેકરમાં પોતાની આક્રમક રમત જાળવી રાખી હતી.



બીજી તરફ, વિશ્વની ચોથા નંબરની ખેલાડી કોકો ગોફ પણ ફુલ ફોર્મમાં જોવા મળી રહી છે. ગોફે સ્વિટ્ઝરલેન્ડની બેલિન્ડા બેનસિકને ત્રણ સેટના મુકાબલામાં ૬-૩, ૧-૬, ૬-૩ થી હરાવીને પ્રથમ વખત મિયામી ઓપનની સેમીફાઈનલમાં સ્થાન મેળવ્યું છે. ૨૨ વર્ષીય ગોફે જીત બાદ જણાવ્યું કે બેનસિક સામે રમવું હંમેશા પડકારજનક હોય છે, પરંતુ ત્રીજા સેટમાં તેણે પોતાના સ્તરને ઊંચું લાવીને મેચ પર કબજો જમાવ્યો હતો.

મીડિયા અહેવાલ મુજબ, ગુરુવારે રમાનારી સેમીફાઈનલમાં કોકો ગોફનું પલડું ભારે માનવામાં આવી રહ્યું છે. ગોફે અત્યાર સુધી મુચોવા સામે રમાયેલી પાંચેય મેચોમાં જીત મેળવી છે. જોકે, મુચોવા જે લયમાં છે તેને જોતા આ મુકાબલો અત્યંત રસાકસીભર્યો રહેવાની શક્યતા છે. ટેનિસ પ્રેમીઓ આ બે દિગ્ગજ ખેલાડીઓ વચ્ચેના જંગની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

# રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વેચાઈ અને રેકોર્ડ કિંમત 16700 કરોડ

(એજન્સી) બેંગલુરુ/મુંબઈ । તા. 25

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ના ઈતિહાસમાં ૨૪ માર્ચ ૨૦૨૬નો દિવસ સુવર્ણ અક્ષરે લખાશે. આઈપીએલની સૌથી લોકપ્રિય અને ડિફેન્ડિંગ ચેમ્પિયન ટીમ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) હવે નવા માલિકોના હાથમાં ગઈ છે. આદિત્ય બિરલા ગ્રુપ, ટાઈમ્સ ઓફ ઈન્ડિયા ગ્રુપ, બોલ્ટ વેન્ચર્સ અને બ્લેકસ્ટોનના બનેલા એક શક્તિશાળી કન્સોર્ટિયમે આ ટીમને અંદાજે ૧.૭૮ બિલિયન ડોલર એટલે કે આશરે ૧૬,૭૦૬ કરોડ રૂપિયાની તોતિંગ કિંમતે ખરીદી લીધી છે. આ સાથે જ આરસીબી આઈપીએલના ઈતિહાસની સૌથી મોંઘી ફ્રેન્ચાઈઝી બની ગઈ છે. રસપ્રદ વાત એ છે કે, આ જ દિવસે રાજસ્થાન રોયલ્સ પણ ૧૫ હજાર કરોડમાં વેચાઈ છે, જે દર્શાવે છે કે આઈપીએલની બ્રાન્ડ વેલ્યુ હવે આસમાને પહોંચી છે.

આરસીબીની આ ઐતિહાસિક ડીલ યુનાઈટેડ સ્પિરિટ્સ લિમિટેડ (ડિઆજિયોની સબસિડિયરી) સાથે થઈ છે. આ ડીલની ખાસિયત એ છે કે તેમાં માત્ર મેન્સ આઈપીએલ ટીમ જ નહીં, પરંતુ મહિલા પ્રીમિયર લીગ (WPL) ની આરસીબી વુમન્સ ટીમની પણ ૧૦૦ ટકા ભાગીદારી ટ્રાન્સફર કરવામાં આવશે. આનો અર્થ એ થયો કે હવે આરસીબીના લાલ અને સુવર્ણ લોગો હેઠળ રમનારી બંને ટીમોના સૂત્રધાર આ ચાર નવા ભાગીદારો રહેશે. આ સોદો ભારતીય



રમતગમત ક્ષેત્રે અત્યાર સુધીનું સૌથી મોટું કોર્પોરેટ રોકાણ માનવામાં આવી રહ્યું છે.

### નવી માલિકી હેઠળનું મેનેજમેન્ટ માળખું

આરસીબીના નવા સંચાલન માટે એક અત્યંત પ્રભાવશાળી બોર્ડની રચના કરવામાં આવી છે. આદિત્ય બિરલા ગ્રુપના આર્યમાન વિક્રમ બિરલા ટીમના નવા ચેરમેન તરીકે જવાબદારી સંભાળશે. જ્યારે ટાઈમ્સ ગ્રુપના સત્યાન ગજવાની વાઈસ ચેરમેન તરીકે કાર્યરત રહેશે. આ કન્સોર્ટિયમમાં આંતરરાષ્ટ્રીય રોકાણકારો જેવા કે બોલ્ટ વેન્ચર્સના ડેવિડ બ્લિટ્ઝર અને બ્લેકસ્ટોનના વાયરલ પટેલનો પણ સમાવેશ થાય છે. આ મજબૂત મેનેજમેન્ટ માળખું સૂચવે છે કે આરસીબી હવે માત્ર એક ક્રિકેટ ટીમ તરીકે નહીં, પરંતુ એક ગ્લોબલ સ્પોર્ટ્સ બ્રાન્ડ તરીકે ઉભરી આવશે. આરસીબીની ફેન ફોલોઈંગ અને તેની સોશિયલ મીડિયા રીચ અન્ય કોઈપણ ટીમ કરતા વધુ છે.

### બીસીસીઆઈની મંજૂરીની રાહ અને ભવિષ્યનું વિઝન

જોકે, આ ડીલની પૂર્ણાહુતિ માટે હજુ કેટલીક કાનૂની અને રેગ્યુલેટરી મંજૂરીઓ બાકી છે. મીડિયા અહેવાલ મુજબ, બીસીસીઆઈ (BCCI) અને કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયાની મંજૂરી મળ્યા બાદ જ આ પ્રક્રિયા સત્તાવાર રીતે પૂર્ણ થશે. આદિત્ય બિરલા ગ્રુપના ચેરમેન કુમાર મંગલમ બિરલાએ આ પ્રસંગે ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આઈપીએલે છેલ્લા બે દાયકામાં વૈશ્વિક સ્તરે ક્રિકેટની વ્યાખ્યા બદલી નાખી છે અને આરસીબી જેવી દિગ્ગજ ટીમ સાથે જોડાવું એ ગૌરવની વાત છે. તેઓ ટીમના 'Play Bold' અભિગમને વધુ ઊંચાઈએ લઈ

# બરણિકા ઈલંગોવન નેશનલ ઈન્ડોર રેકોર્ડ સાથે નવો ઈતિહાસ રચાયો



(એજન્સી) ભુવનેશ્વર । તા. 25

ઓડિશાના ભુવનેશ્વરમાં આયોજિત પ્રથમ નેશનલ ઈન્ડોર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં તમિલનાડુની તેજસ્વી એથ્લેટ બરણિકા ઈલંગોવને આકાશને આંબતી સિદ્ધિ હાંસલ કરી છે. મહિલાઓની પોલ વોલ્ટ સ્પર્ધામાં બરણિકાએ ૪.૨૨ મીટરની ઊંચાઈ સફળતાપૂર્વક પાર કરીને નવો રાષ્ટ્રીય ઈન્ડોર રેકોર્ડ સ્થાપિત કર્યો છે. આ સાથે જ તેણે પોતાની સાથી ખેલાડી રોઝી મીના પાલરાજના રેકોર્ડને મ્હાત આપીને સુવર્ણ સફળતા મેળવી છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, બરણિકાએ આ સ્પર્ધાની શરૂઆત અત્યંત આત્મવિશ્વાસ સાથે કરી હતી. તેણે ૩.૮૦ મીટર, ૩.૯૦ મીટર અને ૪.૦૦ મીટરની ઊંચાઈઓ સહજતાથી પાર કરી હતી. ૪.૧૦ મીટરના અવરોધને વટાવ્યા બાદ, તેણે સીધો જ ૪.૨૨ મીટરનો પડકાર સ્વીકાર્યો હતો. રેકોર્ડ બ્રેકિંગ પ્રદર્શન બાદ બરણિકાએ જણાવ્યું હતું કે, તેનું ધ્યાન માત્ર દેખાવ પર નહીં પરંતુ પોતાની ટેકનીક અને પાયાની કુશળતા સુધારવા પર હતું, જેનું ફળ તેને આજે મળ્યું છે.

બરણિકાએ આ અગાઉ પણ પાંચ વખત આ રેકોર્ડ તોડવાના પ્રયાસો કર્યા હતા, પરંતુ સફળતા આ વખતે ભુવનેશ્વરમાં મળી છે. ખાસ વાત એ છે કે, તેણે થોડા દિવસો અગાઉ જ ઈન્ડિયન ઓપન જમ્પમાં ૪.૧૦ મીટર કૂદીને એશિયન ગેમ્સ માટે ક્વોલિફિકેશન માર્ક પણ મેળવી લીધો છે. સપ્ટેમ્બરમાં યોજાનારી એશિયન ગેમ્સ અને જુલાઈમાં કોમનવેલ્થ ગેમ્સને ધ્યાનમાં રાખીને બરણિકા હાલમાં કઠિન તાલીમ લઈ રહી છે.

### સફળતાનું સુત્ર: ટેકનીક અને નિરંતરતા

મીડિયા અહેવાલ અનુસાર, મયિલાદુથુરાઈની રહેવાસી બરણિકા માને છે કે જો ટેકનીક સાચી હોય તો પ્રદર્શન આપોઆપ સુધરે છે. તેના કોચ મિલ્બર બર્ટ્રાન્ડ રસેલના માર્ગદર્શન હેઠળ તેણે પોતાની શક્તિ અને સચોટતા પર કામ કર્યું છે. રોઝી મીના અને પવિત્રા વેંકટેશ જેવી મજબૂત પ્રતિસ્પર્ધીઓ સાથેની તાલીમે તેને સતત સુધારો કરવામાં મદદ કરી છે. આગામી સમયમાં ઝારખંડના રાંચી ખાતે યોજાનાર ફેડરેશન કપમાં પણ તે પોતાની આ લય જાળવી રાખવા આતુર છે.

# જોની બેરસ્ટો ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડ વિવાદ થી સનસનાટી મચી ગઈ છે

### બેઝબોલ રણનીતિ અને ખેલાડીઓની ઉપેક્ષા નો ગંભીર આક્ષેપ



(એજન્સી) લંડન । તા. 25

ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમમાં અત્યારે બધું બરાબર નથી ચાલી રહ્યું તેવા સંકેતો મળી રહ્યા છે. સ્ટાર બેટ્સમેન જોની બેરસ્ટોએ હવે ખુલીને ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ (ECB) ની ટીકા કરી છે. બેરસ્ટોએ ભૂતપૂર્વ સાથી ખેલાડી લિયમ લિવિંગસ્ટોનના સૂર પુરાવતા જણાવ્યું છે કે, ઈંગ્લિશ ક્રિકેટ સેટઅપમાં ખેલાડીઓની કાળજી લેવાનું સ્તર અત્યંત કથળી ગયું છે. ખાસ કરીને જે ખેલાડીઓ મુખ્ય ગ્રુપનો ભાગ નથી, તેમની સિસ્ટમ દ્વારા ધરખમ ઉપેક્ષા કરવામાં આવી રહી છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ૩૬ વર્ષીય જોની બેરસ્ટો બે વર્ષ પહેલા પોતાની ૧૦૦મી ટેસ્ટ રમ્યા બાદ ટીમની બહાર છે. બેરસ્ટોએ બ્રિટિશ મીડિયાને આપેલા નિવેદનમાં જણાવ્યું હતું કે, "રમત પ્રત્યે ફરીથી સંવેદનશીલતા લાવવાની જરૂર છે. તમે જ્યારે સિસ્ટમમાં હોવ ત્યારે બધું બરાબર લાગે છે, પરંતુ જે ક્ષણે તમે બહાર ફેંકાઈ જાવ છો, ત્યારે કોઈ તમારી દરકાર લેતું નથી." આ અગાઉ લિવિંગસ્ટોને પણ આરોપ લગાવ્યો હતો કે ટીમમાંથી પડતા મુકાયા બાદ તેની કોઈએ ભાળ સુદ્ધાં લીધી નથી.

તાજેતરમાં એશેઝ શ્રેણીમાં ઈંગ્લેન્ડની ૪-૧ થી કારમી હાર બાદ બોર્ડે કોચ બ્રેન્ડન મેક્કુલમ અને કેપ્ટન બેન સ્ટોક્સ પર ભરોસો જાળવી રાખ્યો છે. જોકે, માઈકલ વૌઘન અને જ્યોફ્રી બોયકોટ જેવા દિગ્ગજોએ આ મામલે જવાબદારીના અભાવની ટીકા કરી છે. બેરસ્ટોના મતે, ટીમમાં અમુક ખેલાડીઓ પોતાની જગ્યા બાબતે અત્યંત નિશ્ચિંત (Complacent) થઈ ગયા છે, કારણ કે તેમને પ્રશ્નો પૂછનાર કોઈ નથી.

**કાર્યક્રમ** // ભારતીય ફૂટબોલ ટીમ લાઈવ સ્ટ્રીમિંગ વિગત અને સંપૂર્ણ શેડ્યૂલ

# ભારત અંડર 23 ટ્રાય નેશન ચેમ્પિયનશિપ કાર્યક્રમ જાહેર

(એજન્સી) યુપિયા (અરુણાચલ પ્રદેશ) । તા. 25

ભારતીય ફૂટબોલના ઈતિહાસમાં ઉત્તર-પૂર્વ ભારતનું મહત્વ સતત વધી રહ્યું છે. ૨૦૨૬ની સીઝનની ધમાકેદાર શરૂઆત કરવા માટે ભારતની અંડર-૨૩ ફૂટબોલ ટીમ હવે આંતરરાષ્ટ્રીય મૈત્રીપૂર્ણ ટૂર્નામેન્ટમાં ઉતરવા જઈ રહી છે. અરુણાચલ પ્રદેશના યુપિયા ખાતે આવેલ ગોલ્ડન જુબિલી સ્ટેડિયમમાં આજથી એટલે કે ૨૫ માર્ચથી આ ખાસ 'ટ્રાય-નેશન ચેમ્પિયનશિપ'નો પ્રારંભ થઈ રહ્યો છે. એશિયન કપ ક્વોલિફિકેશનમાં મળેલી નજીવી હાર બાદ, મુખ્ય કોચ નૌશાદ મૂસાના માર્ગદર્શન હેઠળ ભારતીય યુવા ટીમ ઘરઆંગણે ફરી એકવાર વિજયી લય પ્રાપ્ત કરવાના મક્કમ ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે.

આ ત્રિ-રાષ્ટ્રીય ફૂટબોલ ટૂર્નામેન્ટમાં ત્રણ એશિયન દેશો ભાગ લઈ રહ્યા છે. યજમાન ભારત ઉપરાંત પડોશી દેશ ભૂટાન અને મધ્ય એશિયાની મજબૂત ટીમ ગણાતી તાજિકિસ્તાન વચ્ચે ખિતાબ જીતવા માટે જંગ



જામશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, આ ટૂર્નામેન્ટ યુવા ખેલાડીઓ માટે આગામી મોટી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ માટેની તૈયારી કરવાનું શ્રેષ્ઠ પ્લેટફોર્મ સાબિત થશે. અગાઉ ૨૦૨૨માં આ જ મેદાન પર ભારતે અંડર-૧૯ સેફ (SAFF) ચેમ્પિયનશિપ જીતી હતી, જે ખેલાડીઓનો આત્મવિશ્વાસ વધારવા માટે પૂરતું છે.

મુખ્ય કોચ નૌશાદ મૂસાએ આ ટૂર્નામેન્ટ માટે સંતુલિત ટીમની પસંદગી કરી છે. ટીમમાં ગોલકીપર તરીકે દીપેશ ચૌહાણ અને મોહનરાજ જેવા ખેલાડીઓ છે, જ્યારે સંરક્ષણની જવાબદારી દીપેન્દુ બિશ્વાસ અને રિકી મીતેઈ જેવા મજબૂત ડિફેન્ડર્સના ખભા પર રહેશે. મિડફિલ્ડમાં લાલરિનલિયાના હનામટે અને વિનીત વેંકટેશ રમતનું સંચાલન કરશે, તો આક્રમણ પક્ષે સુહેલ અહેમદ ભટ્ટ અને થોઈ સિંહ ગોલ કરવા માટે તત્પર રહેશે. મીડિયા અહેવાલ મુજબ, આ ટીમમાં અનુભવ અને જુસ્સાનું અદભૂત મિશ્રણ જોવા મળી રહ્યું છે.

આ ત્રણેય મેચો યુપિયાના ગોલ્ડન જુબિલી સ્ટેડિયમ ખાતે રમાશે. ભારતીય ફૂટબોલ ટીમ લાઈવ સ્ટ્રીમિંગ વિગતની વાત કરીએ તો, તમામ ફૂટબોલ પ્રેમીઓ સોની સ્પોર્ટ્સ નેટવર્ક (Sony Sports Network) પર આ મેચોનું જીવંત પ્રસારણ માણી શકશે. ટીવી પર સોની ટેન ચેનલ અને મોબાઈલ કે લેપટોપ પર સોની લિવ (Sony LIV) એપ દ્વારા લાઈવ સ્ટ્રીમિંગ ઉપલબ્ધ રહેશે.

ભારતીય ફૂટબોલ એસોસિએશન (AIFF) દ્વારા આ ટૂર્નામેન્ટના આયોજન માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. અરુણાચલ પ્રદેશના ફૂટબોલ ચાહકોમાં આ મેચોને લઈને અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. છેલ્લી કેટલીક મેચોમાં થાઈલેન્ડ સામે મળેલી હાર બાદ ભારતીય ટીમ માટે આ ટૂર્નામેન્ટ 'નવી શરૂઆત' સમાન છે.

### ટૂર્નામેન્ટનો સંપૂર્ણ કાર્યક્રમ

તમામ મેચો સાંજે ૭:૦૦ વાગ્યે શરૂ થશે.
૨૫ માર્ચ: ભૂટાન વિરુદ્ધ તાજિકિસ્તાન
૨૮ માર્ચ: ભારત વિરુદ્ધ ભૂટાન
૩૧ માર્ચ: તાજિકિસ્તાન વિરુદ્ધ ભારત

**યુવરાજ સિંહ પંત બેટિંગ માર્ગદર્શન થી નવો વળાંક**

# રિષભ પંત IPL બેટિંગ રણનીતિમાં ધરખમ ફેરફાર કરવા તૈયાર



(એજન્સી) નવી દિલ્હી । તા. 25

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ૨૦૨૬ની ૧૯મી સીઝન પૂર્વે લખનૌ સુપર જાયન્ટ્સના કેપ્ટન રિષભ પંત પર સૌની નજર ટકેલી છે. પંત આ વખતે માત્ર એક બેટ્સમેન તરીકે જ નહીં, પણ એક નેતા તરીકે પણ પોતાની ક્ષમતા સાબિત કરવા માંગે છે. પૂર્વ ભારતીય ક્રિકેટર અને જાણીતા વિવેચક આકાશ ચોપરાએ પંતના બદલાતા વલણની પ્રશંસા કરતા જણાવ્યું છે કે, પંતે પોતાની રમતમાં ફેરફાર કરવાની જરૂરિયાત સ્વીકારી છે તે અત્યંત હકારાત્મક સંકેત છે.

રિષભ પંત અત્યારે ભારતીય ટી૨૦ ટીમમાંથી બહાર છે. આકાશ ચોપરાએ જણાવ્યું કે, પંતની રમત જોવાની રીત પરંપરાગત ખેલાડીઓ કરતા અલગ છે, જેના કારણે ભૂતકાળમાં તત્કાલીન કોચ રાહુલ દ્રવિડ સાથે પણ તેની ચર્ચા થઈ હતી. પંત હવે સ્વીકારે છે કે ક્યાંક ભૂલ થઈ રહી છે અને તેણે પોતાની રમત માટે એક નવો બ્લુપ્રિન્ટ તૈયાર કરવો પડશે. આ જ કારણ છે કે તેણે દિગ્ગજ ઓલરાઉન્ડર યુવરાજ સિંહ પાસે મદદ અને માર્ગદર્શન માંગ્યું છે. રિષભ પંત આઈપીએલ ઈતિહાસનો સૌથી મોંઘો ખેલાડી છે, જેને ૨૭ કરોડ રૂપિયામાં લખનૌ સુપર જાયન્ટ્સે ખરીદ્યો હતો. ગત સીઝનમાં તેના જોખમી શોટ્સ અને ફોર્મને કારણે તેની ઘણી ટીકા થઈ હતી. જોકે, આ વખતે પંત પોતાની પ્રતિષ્ઠા મુજબ પ્રદર્શન કરવા માટે સખત મહેનત કરી રહ્યો છે. યુવરાજ સિંહ સાથેની પ્રેક્ટિસ દર્શાવે છે કે તે પોતાની નબળાઈઓ દૂર કરીને ફરી એકવાર રાષ્ટ્રીય ટીમમાં સ્થાન મેળવવા માટે પ્રતિબદ્ધ છે.

### અમેરિકા ફેસબુક ઇન્સ્ટાગ્રામ માનસિક સ્વાસ્થ્ય જોખમ અહેવાલ છુપાવવો ભારે પડ્યો

# મેટા સો.મીડિયા દંડ અને બાળકોની સુરક્ષામાં બેદરકારી

**(એજન્સી) વોશિંગ્ટન/ન્યૂ મેક્સિકો । તા. 25**

સોશિયલ મીડિયાની દુનિયામાં એકાધિકાર ધરાવતી કંપની મેટા (Meta) માટે આજનો દિવસ કાળો સાબિત થયો છે. અમેરિકાની એક અદાલતે ફેસબુક અને ઈન્સ્ટાગ્રામની પેરન્ટ કંપનીને બાળકોના માનસિક સ્વાસ્થ્ય અને સુરક્ષા સાથે જોડાયેલા ગંભીર જોખમો જાણીજોઈને છુપાવવા બદલ દોષી ઠેરવી છે. ન્યૂ મેક્સિકોમાં સતત સાત અઠવાડિયા સુધી ચાલેલી લાંબી કાનૂની લડાઈ બાદ, જ્યુરીએ માનવતા અને નૈતિકતાને નેવે મૂકનારી આ કંપની પર ૩૭૫ મિલિયન ડોલર એટલે કે આશરે ૩૧૦૦ કરોડ રૂપિયાનો ઐતિહાસિક દંડ ફટકાર્યો છે. આ ચુકાદો વિશ્વભરની ટેક કંપનીઓ માટે એક કડક ચેતવણી સમાન છે કે નફાની લાલચમાં બાળકોના ભવિષ્ય સાથે રમત સહન કરવામાં આવશે નહીં.

અદાલતની સુનાવણી દરમિયાન રજૂ કરવામાં આવેલા પુરાવાઓ અત્યંત ચોંકાવનારા છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, મેટાના સંચાલકોને પહેલેથી જ ખબર હતી કે તેમના પ્લેટફોર્મ્સ, ખાસ કરીને ઈન્સ્ટાગ્રામ, કિશોરો અને બાળકોના માનસિક સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર કરી રહ્યા છે. તેમ છતાં, કંપનીએ ક્યારેય આ વિગતો જાહેર કરી નથી. સરકારી વકીલોએ પુરાવા સાથે દલીલ કરી હતી કે કંપનીએ યુઝર્સની સુરક્ષા અને માનસિક સુખાકારી કરતા પોતાના આર્થિક હિતો અને જાહેરાતોના નફાને વધુ પ્રાથમિકતા આપી હતી. જ્યુરીએ અવલોકન કર્યું કે પ્લેટફોર્મ પર બાળકોના યૌન શોષણ અને ડિપ્રેશન જેવા જોખમોની જાણ હોવા છતાં કંપની મૌન રહી હતી.

આ કેસની વિગતો જોતા માલૂમ પડે છે કે મેટાએ માત્ર એક-બે વાર નહીં, પરંતુ ગ્રાહક સુરક્ષા કાયદાઓનું હજારો વખત ઉલ્લંઘન કર્યું છે. મીડિયા અહેવાલ મુજબ, કંપનીએ બાળકોની માસૂમિયત અને તેમની અનુભવહીનતાનો ગેરલાભ ઉઠાવીને તેમને પ્લેટફોર્મ પર વધુ સમય વિતાવવા માટે મજબૂર કર્યા હતા.



ભ્રામક માહિતી આપીને અને અનુચિત વ્યાપારી રીત-રસમો અપનાવીને કંપનીએ કરોડો યુઝર્સને ગેરમાર્ગે દોર્યા હતા. અદાલતે દરેક ઉલ્લંઘન માટે અલગથી દંડની ગણતરી કરી છે, જેના કારણે આ દંડની રકમ ૩૧૦૦ કરોડ રૂપિયાના આંકડાને આંબી ગઈ છે.

અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, સોશિયલ મીડિયા કંપનીઓ પોતાની જવાબદારીમાંથી છટકતી રહી છે. પરંતુ આ ચુકાદો એક સીમાચિહ્નરૂપ સાબિત થશે. નિષ્ણાતો માને છે કે આ નિર્ણયથી ભવિષ્યમાં ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને ટિકટોક જેવી કંપનીઓ પર બાળકોની સુરક્ષાને લઈને અત્યંત કડક નિયમો લાદવામાં આવશે. જોકે, સૂત્રો દ્વારા એ પણ સંકેત મળ્યા છે કે મેટા આ આકરા ચુકાદાને માન્ય રાખવાને બદલે ઉપલી અદાલતમાં પડકારવાની તૈયારી કરી રહી છે. કંપની હજુ પણ પોતાની ભૂલ સ્વીકારવાને બદલે કાનૂની છટકબારીઓ શોધી રહી હોવાનું જણાય છે.

અદાલતમાં રજૂ થયેલા અહેવાલો મુજબ, સોશિયલ મીડિયાના અતિરેકથી બાળકોમાં એકલતા, અનિદ્રા અને બોડી શેમિંગ જેવી સમસ્યાઓ ઝડપથી વધી રહી છે. મેટા જેવી કંપનીઓ આલ્ગોરિધમનો એવો ઉપયોગ કરે છે કે બાળક તેનાથી દૂર જઈ શકતું નથી. આ એક પ્રકારનું 'ડિજિટલ ડ્રગ' હોવાનું પણ નિષ્ણાતોએ સુનાવણી દરમિયાન જણાવ્યું હતું. આ ચુકાદાથી હવે માતા-પિતામાં પણ જાગૃતિ આવશે અને કંપનીઓ પણ પોતાની સુરક્ષા દિવાલો મજબૂત કરવા મજબૂર બનશે.

### ડોનાલ્ડ ટ્રમ્પ સીઝફાયર પ્લાન અને રણનીતિ પર સવાલો

# US મિડલ ઈસ્ટ સૈન્ય તૈનાતી, ટ્રમ્પના ઈરાદા ખતરનાક



**(એજન્સી) વોશિંગ્ટન/બગદાદ । તા. 25**

મધ્ય-પૂર્વના દેશોમાં વધી રહેલા ભયંકર તણાવ વચ્ચે અમેરિકાએ એક એવું સૈન્ય પગલું ભર્યું છે જેણે રાજદ્વારી આલમમાં હલચલ મચાવી દીધી છે. એક બાજુ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સીઝફાયર એટલે કે યુદ્ધવિરામ દ્વારા શાંતિ સ્થાપવાના દાવા કરી રહ્યા છે, તો બીજી તરફ અમેરિકાની સૌથી ઘાતક મનાતી સૈન્ય પાંખ રણમેદાન તરફ કૂચ કરી રહી છે. આ વિરોધાભાસી સ્થિતિએ પ્રશ્ન ઉભો કર્યો છે કે શું આ ખરેખર શાંતિની કોશિશ છે કે પછી કોઈ મોટા હુમલાની પૂર્વતૈયારી? હજારો સૈનિકોની આ રવાનગી મિડલ ઈસ્ટના સમીકરણોને વધુ જટિલ બનાવી શકે છે.

પેન્ટાગોને અમેરિકાની સૌથી પ્રતિષ્ઠિત અને ખતરનાક ગણાતી '૮૨મી એરબોર્ન ડિવિઝન'ના અંદાજે ૧,૦૦૦ સૈનિકોને તાત્કાલિક અસરથી મિડલ ઈસ્ટ મોકલવાનો આદેશ આપ્યો છે. આ યુનિટની વિશેષતા એ છે કે તે વિશ્વના કોઈપણ ખૂણે માત્ર ૧૮ કલાકની નોટિસમાં તૈનાત થઈ શકે છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, આ ટુકડીમાં પ્રથમ બ્રિગેડ કોમ્બેટ ટીમની સાથે ખુદ ડિવિઝન કમાન્ડર મેજર જનરલ બ્રેન્ડન ટેગ્ટમેયર પણ સામેલ છે, જે આ મિશનની ગંભીરતા દર્શાવે છે. આ સૈનિકો આગામી થોડા જ દિવસોમાં યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં પોતાની પોઝિશન સંભાળી લેશે.

સૈનિકોની ચોક્કસ સંખ્યાને લઈને ભારે અસમંજસ જોવા મળી રહી છે. કેટલાક મીડિયા અહેવાલ ૧,૦૦૦ સૈનિકોની વાત કરી રહ્યા છે, જ્યારે સંરક્ષણ ક્ષેત્રના નિષ્ણાતોનું માનવું છે કે પેન્ટાગોન ૩,૦૦૦ સૈનિકોની આખી આખી યુનિટને તૈનાત કરવાની તૈયારી કરી રહ્યું છે. નોંધનીય છે કે ગયા અઠવાડિયે જ ૨,૨૦૦ મરીન સૈનિકોને દૂતાવાસોની સુરક્ષાના બહાને આ વિસ્તારમાં ઉતારવામાં આવ્યા હતા. હવે આટલા મોટા પાયે સૈન્ય જમાવડો એ સંકેત આપે છે કે અમેરિકા માત્ર સુરક્ષા જ નહીં, પરંતુ જરૂર પડ્યે સીધા સૈન્ય હસ્તક્ષેપ માટે પણ તૈયાર છે.

જાણો સમગ્ર ઘટનાક્રમ કે કેવી રીતે ડોનાલ્ડ ટ્રમ્પ એકસાથે બે મોરચે રમી રહ્યા છે. એક તરફ તેઓ સીઝફાયર પ્લાન રજૂ કરીને શાંતિદૂત બનવાનો પ્રયાસ કરે છે, તો બીજી તરફ સૈન્ય મોકલીને ઈરાન જેવા દેશો પર દબાણ બનાવી રહ્યા છે. નિષ્ણાતોનું માનવું છે કે ટેબલ પર વાતચીત દરમિયાન અમેરિકાની પકડ મજબૂત રહે અને પક્ષકારો ટ્રમ્પની શરતો માને તે માટે આ 'ગન પોઈન્ટ ડિપ્લોમસી' અપનાવવામાં આવી છે. જો વાતચીત નિષ્ફળ જાય, તો આ ૮૨મી એરબોર્ન ડિવિઝન કોઈપણ પળે ઓપરેશન શરૂ કરવા સક્ષમ છે. આ સૈન્ય હિલચાલથી રશિયા અને ચીન જેવા દેશો પણ સતર્ક થયા છે. મિડલ ઈસ્ટમાં અમેરિકાનો વધતો પ્રભાવ વૈશ્વિક સત્તા સંતુલનને ખોરવી શકે છે. શું ટ્રમ્પ આ સૈનિકોના જોરે શાંતિ સ્થાપી શકશે કે પછી મિડલ ઈસ્ટ લાંબા સમય સુધી આ યુદ્ધની આગમાં સળગતું રહેશે, તે આગામી ૪૮ કલાકમાં સ્પષ્ટ થઈ જશે. હાલ તો સમગ્ર વિશ્વની નજર ૮૨મી એરબોર્ન ડિવિઝનની ગતિવિધિઓ પર ટકેલી છે.

#### સુરક્ષા વ્યવસ્થા કે યુદ્ધની આહટ?

અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, અમેરિકા આ તૈનાતીને પોતાની અને સાથી દેશોની સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવાના પગલા તરીકે ગણાવી રહ્યું છે. જોકે, જે રીતે આક્રમક યુનિટોને મોકલવામાં આવી રહી છે, તે જોતા વિવાદિત ક્ષેત્રોમાં સંઘર્ષની જ્વાળાઓ વધુ ભભૂકી શકે છે. ખાસ કરીને જ્યારે ઈરાન અને ઈઝરાયલ વચ્ચે મિસાઈલ હુમલા ચાલુ હોય, ત્યારે અમેરિકન સૈનિકોની હાજરી બળતામાં ઘી હોમવાનું કામ કરી શકે છે.

## ન્યૂઝ બ્રીફ

#### ઉત્તર કોરિયા પરમાણુ શસ્ત્રાગાર સુરક્ષા માટે અનિવાર્ય હોવાનો કિમનો હુંકાર



પ્યોંગયાંગ | પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભીષણ સંઘર્ષની વચ્ચે ઉત્તર કોરિયાના સર્વોચ્ચ નેતા કિમ જોંગ ઉને પરમાણુ હથિયારોના મામલે આક્રમક વલણ અપનાવ્યું છે. મંગળવારે સુપ્રીમ પીપલ્સ એસેમ્બલીને સંબોધતા કિમ જોંગ ઉને સ્પષ્ટ કર્યું હતું કે ઈરાન સાથે ચાલી રહેલું યુદ્ધ એ સાબિત કરે છે કે રાષ્ટ્રીય સાર્વભૌમત્વ બચાવવા માટે મજબૂત લશ્કરી પ્રતિરોધક શક્તિ અત્યંત આવશ્યક છે. તેમણે અમેરિકા પર વિવિધ પ્રદેશોમાં "આતંકવાદ અને આક્રમણ" કરવાનો ગંભીર આરોપ મૂકતા પોતાના દેશના પરમાણુ કાર્યક્રમનો બચાવ કર્યો હતો. કિમ જોંગ ઉને જણાવ્યું હતું કે કોઈપણ દેશની ગરિમા અને વિજયની ખાતરી માત્ર અજેય શક્તિ દ્વારા જ આપી શકાય છે. તેમણે ચેતવણી આપી હતી કે દુશ્મનો સંઘર્ષ પસંદ કરે કે શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ, ઉત્તર કોરિયા તમામ પરિસ્થિતિઓનો સામનો કરવા માટે સજ્જ છે.

#### ચીન સૈન્ય વ્યૂહરચના ઈરાન યુદ્ધ પાઠ શીખીને તાઈવાન માટે સજ્જ બનશે



બીજિંગ | પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ પર ચીન અત્યંત બારીકાઈથી નજર રાખી રહ્યું છે. ઈરાન યુદ્ધના અનુભવો પરથી ચીનની PLA પોતાની ભાવિ વ્યૂહરચનાઓ ઘડી રહી છે, ખાસ કરીને તાઈવાન મુદ્દે તેની તૈયારીઓમાં મોટા ફેરફારો જોવા મળી રહ્યા છે. ચીને આ યુદ્ધમાંથી પાંચ મુખ્ય બોધપાઠ લીધા છે, જેમાં આંતરિક શુદ્ધિ, શક્તિશાળી ફાયરપાવર અને આત્મનિર્ભરતા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. ચીનના સત્તાવાર લશ્કરી પ્રકાશન મુજબ, સૌથી મોટો ખતરો "આંતરિક દુશ્મન" છે. આથી જ રાષ્ટ્રપતિ શી જિનપિંગે સેનામાં મોટાપાયે સફાયો શરૂ કર્યો છે. આશ્ચર્યજનક રીતે, ૨૦૨૨ થી અત્યાર સુધીમાં ૪૭ માંથી ૪૧ જનરલોને ભ્રષ્ટાચાર અથવા વિચારધારાના નામે પદભ્રષ્ટ કરવામાં આવ્યા છે. વધુમાં, ચીને વર્ષ ૨૦૨૬ માટે પોતાના સંરક્ષણ બજેટમાં ૭% નો વધારો કરીને તેને ૧.૯૧ ટ્રિલિયન યુઆન (આશરે ૨૭૭ અબજ ડોલર) સુધી પહોંચાડી દીધું છે, જે દર્શાવે છે કે બેઇજિંગ હવે માત્ર મુત્સદ્દીગીરી પર નિર્ભર રહેવા માંગતું નથી.ઈરાન દ્વારા છોડવામાં આવેલી આશરે ૮૦૦ બેલિસ્ટિક મિસાઈલોને રોકવા માટે અમેરિકાએ લગભગ ૨,૦૦૦ મોંઘા ઈન્ટરસેપ્ટર મિસાઈલ વાપર્યા છે.

### હિંદ મહાસાગરમાં ચીની દબદબો અને ભારતની વળતી વ્યૂહરચના

# ચીન ઉર્જા સુરક્ષા વ્યુહરચના અને મ્યાનમાર પાઈપલાઈનથી તેલ સંકટ ટળ્યું

**(એજન્સી) નવી દિલ્હી/બીજિંગ । તા. 25**

વર્તમાન સમયમાં પશ્ચિમ એશિયામાં ઈરાન અને અમેરિકા વચ્ચે વણસેલી યુદ્ધ જેવી પરિસ્થિતિએ સમગ્ર વિશ્વમાં આર્થિક ભૂકંપ લાવી દીધો છે. ખાસ કરીને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ જેવા સંવેદનશીલ દરિયાઈ માર્ગો બંધ થવાની ભીતિએ તેલના ભાવો આસમાને પહોંચાડ્યા છે. જોકે, આ ભયાનક સ્થિતિ વચ્ચે પણ પાડોશી દેશ ચીન એકદમ નિશ્ચિંત જણાય છે. વર્ષોના ગુપ્ત પ્લાનિંગ અને ભૌગોલિક રાજનીતિના જોરે બેઈજિંગે પોતાની ઉર્જા જરૂરિયાતો માટે એક એવો 'બેકડોર' તૈયાર કર્યો છે, જે તેને કોઈપણ આંતરરાષ્ટ્રીય નાકેબંધીથી બચાવવામાં સક્ષમ છે. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે મ્યાનમારના રસ્તે હિંદ મહાસાગરમાં પોતાની એવી પકડ મજબૂત કરી છે કે હવે તેમને મલક્કાની ખાડી પર નિર્ભર રહેવાની જરૂર રહી નથી.

#### મલક્કા ડિલેમા અને ચીનનો માસ્ટરપ્લાન

ચીન માટે સૌથી મોટો પડકાર હંમેશાથી 'મલક્કા ડિલેમા' રહ્યો છે. ચીનનો આશરે ૮૦ ટકા જેટલો કાચો તેલનો પુરવઠો હિંદ મહાસાગરના માર્ગે મલક્કાની ખાડી થઈને ચીન પહોંચે છે. ચીનને લાંબા સમયથી ડર હતો કે જો ભવિષ્યમાં અમેરિકા કે ભારત સાથે યુદ્ધ થાય, તો આ સાંકડી દરિયાઈ પટ્ટીને બંધ કરીને ચીનનું ગળું દબાવી શકાય છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, આ જોખમને ખાળવા માટે ચીને મ્યાનમાર સાથે મળીને 'ચીન-મ્યાનમાર આર્થિક કોરિડોર' (CMEC) નું નિર્માણ કર્યું છે. આ કોરિડોર હવે ચીન માટે ઉર્જા સુરક્ષાની અતૂટ કડી સાબિત થઈ રહ્યો છે.

આ વ્યુહરચનાના કેન્દ્રમાં મ્યાનમારનું ક્યાયુકફ્યુ બંદર છે. અહીંથી ચીનના કુનમિંગ શહેર સુધી હજારો કિલોમીટર લાંબી વિશાળ પાઈપલાઈન બિછાવવામાં આવી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ પાઈપલાઈન દ્વારા વાર્ષિક ૨.૨ કરોડ ટન તેલ સીધું ચીનની રિફાઈનરીઓ સુધી પહોંચે છે. અખાતી



દેશોમાંથી આવતા વિશાળ તેલ ટેન્કરો હવે મલક્કાની ખાડી સુધી જવાની તસ્દી લેવાને બદલે મ્યાનમારના તટ પર જ પોતાનો માલ ખાલી કરે છે અને ત્યાંથી પાઈપલાઈન વાટે તેલ ચીન પહોંચી જાય છે. આ સાથે જ વાર્ષિક ૧૨ અબજ ક્યુબિક મીટર ગેસ સપ્લાય કરવાની ક્ષમતા ધરાવતી ગેસ પાઈપલાઈન પણ ધમધમી રહી છે. ચીન પોતાની 'સ્ટ્રિંગ ઓફ પર્લ્સ' નીતિ હેઠળ ભારતની આસપાસના દેશોમાં બંદરો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવી રહ્યું છે. આ દરમિયાન બ્રિટન દ્વારા ચાગોસ ટાપુ મોરેશિયસને સોંપવાના નિર્ણયથી નવી ચર્ચાઓ જાગી છે. અમેરિકી નેતૃત્વમાં પણ ફફડાટ છે કે જો મોરેશિયસમાં ચીની રોકાણ વધશે, તો ડાયેગો ગાર્સિયા સ્થિત અમેરિકી સૈન્ય બેઝની જાસૂસી થઈ શકે છે. ચીન મ્યાનમારના આંતરિક સંઘર્ષોમાં મધ્યસ્થી બનીને પોતાના પ્રોજેક્ટ્સને સુરક્ષિત રાખવાની રમત રમી રહ્યું છે, જેથી દક્ષિણ પૂર્વ એશિયામાં તેનો સિક્કો ચાલતો રહે.

#### ભારતનો વળતો પ્રહાર: ગ્રેટ નિકોબાર પ્રોજેક્ટ

ચીનની આ ચાલ સામે ભારત પણ હાથ જોડીને બેસી રહ્યું નથી. ગ્રેટ નિકોબાર ટાપુ પર ભારતે ભવ્ય એરપોર્ટ અને મિલિટ્રી બેઝ બનાવવાની દિશામાં મક્કમ ડગલાં માંડ્યા છે. આ બેઝ મલક્કાની ખાડીના પ્રવેશદ્વાર પર એક 'નેચરલ બેરિયર' તરીકે કામ કરશે. ભારતીય નૌસેના હવે બંગાળની ખાડી અને હિંદ મહાસાગરમાં ચીની જહાજોની દરેક ગતિવિધિ પર ચાંપતી નજર રાખી રહી છે. નિષ્ણાતો માને છે કે જો ચીન મ્યાનમાર દ્વારા રસ્તો શોધે છે, તો ભારત નિકોબાર દ્વારા તે રસ્તા પર વોચ રાખવાની પૂરી તૈયારી કરી ચૂક્યું છે.

## તાઈવાન સમુદ્ર ધુની ચીની સૈન્ય ઘૂસણખોરી થી એશિયામાં યુદ્ધના વાદળો

**(એજન્સી) તાઈપેઈ । તા. 25**

તાઈવાનની આસપાસ ચીની સેનાની હિલચાલમાં અચાનક મોટો ઉછાળો જોવા મળ્યો છે. બુધવારે સવારે ૬ વાગ્યા સુધીમાં તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે ૧૬ ચીની સૈન્ય વિમાનો, ૧૦ નૌકાદળના જહાજો અને ૨ સરકારી જહાજોની હાજરી નોંધી છે. આ આક્રમક હિલચાલને પગલે દ્વીપ રાષ્ટ્રમાં ભારે તણાવની સ્થિતિ સર્જાઈ છે. તાઈવાનની સશસ્ત્ર દળોએ સ્થિતિ પર ચાંપતી નજર રાખીને વળતો પ્રતિસાદ આપવા માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે.

૧૬ માંથી ૧૩ વિમાનોએ 'મીડિયન લાઈન' ઓળંગીને તાઈવાનના દક્ષિણ-પશ્ચિમ અને પૂર્વીય એર ડિફેન્સ આઈડેન્ટિફિકેશન ઝોન (ADIZ) માં પ્રવેશ કર્યો હતો. આ અગાઉ મંગળવારે પણ ૩ વિમાનો અને ૯ જહાજો જોવા મળ્યા હતા, જે દર્શાવે છે કે ચીન સતત દબાણ વધારી રહ્યું છે. તાઈવાને આ ઘૂસણખોરીને તેની સાર્વભૌમત્વ સામેના પડકાર તરીકે ગણાવી છે. ચીન તાઈવાનને પોતાનો અતૂટ ભાગ માને છે, જ્યારે તાઈવાન પોતાની સ્વતંત્ર સરકાર, સૈન્ય અને અર્થતંત્ર ધરાવતું લોકશાહી રાષ્ટ્ર છે. આ વિવાદના મૂળ ૧૬૮૩ ના ક્વિંગ રાજવંશના શાસનકાળમાં છે. ૧૮૯૫ માં જાપાને તાઈવાન પર કબજો કર્યો હતો, પરંતુ બીજા વિશ્વયુદ્ધમાં જાપાનની હાર બાદ તે ફરી ચીનના હાથમાં આવ્યું. ૧૯૪૯ ના ગૃહયુદ્ધ પછી, ચીની સામ્યવાદી પક્ષે મેઈનલેન્ડ પર સત્તા જમાવી, જ્યારે વિરોધી જૂથ તાઈવાન આવી ગયું હતું. તાઈવાન અત્યાર સુધી ઔપચારિક આઝાદીની જાહેરાત કરવાનું ટાળી રહ્યું છે જેથી ચીન સાથે સીધો લશ્કરી સંઘર્ષ ન થાય. જોકે, ચીનની વધતી સૈન્ય સજ્જતા અને વારંવારની ઘૂસણખોરી આંતરરાષ્ટ્રીય કાયદાઓ અને પ્રાદેશિક શાંતિ માટે મોટું જોખમ ઊભું કરી રહી છે.

## ઈરાન ઈઝરાયલ યુદ્ધ અને અમેરિકાની ભૂમિકાથી મચી તબાહી, મિડલ ઈસ્ટ તણાવ અને સાઉદી અરબ યુદ્ધમાં કૂદ્યું

#### ડોનાલ્ડ ટ્રમ્પ મિસાઈલ હુમલો અપડેટ રણમેદાનથી સીધા અહેવાલ

**(એજન્સી) તેલ અવીવ/વોશિંગ્ટન । તા. 25**

મધ્ય-પૂર્વ એશિયામાં અત્યારે લોહીની હોળી ખેલાઈ રહી છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચેનો સંઘર્ષ હવે સીમાઓ વટાવીને એક પૂર્ણ કક્ષાના યુદ્ધમાં ફેરવાઈ ચૂક્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ઈરાને ઈઝરાયલ પર મિસાઈલોનો એવો વરસાદ કર્યો છે કે સમગ્ર વિસ્તાર ધ્રૂજી ઉઠ્યો છે. અત્યાર સુધીમાં ઈરાને ૮૦મી વખત ઈઝરાયલના સંરક્ષણ કવચને તોડવાનો પ્રયાસ કર્યો છે. આ ભયાનક સ્થિતિ વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સાઉદી અરબના સમર્થનની જાહેરાત કરીને સમગ્ર વિશ્વને ચોંકાવી દીધું છે. શાંતિની તમામ અપીલો નિષ્ફળ જતી દેખાઈ રહી છે અને માનવતા અત્યારે મિસાઈલોના ધુમાડા નીચે દબાઈ ગઈ છે.

ઈરાને ઈઝરાયલના ડિમોના અને નેગાવ જેવા સંવેદનશીલ વિસ્તારોને નિશાન બનાવીને ભારે તબાહી મચાવી છે. એક ઈન્ડસ્ટ્રીયલ વેરહાઉસ પર થયેલા હુમલામાં મોટું નુકસાન થયું હોવાના અહેવાલ છે. ઈરાને એક વીડિયો જાહેર કરીને દાવો કર્યો છે કે તેમણે ઈઝરાયલની સુરક્ષા વ્યવસ્થાની પોલ ખોલી નાખી છે. બીજી તરફ, ઈરાનમાં પણ સ્થિતિ અત્યંત ગંભીર છે. ઈરાનના શિક્ષણ મંત્રાલયના અહેવાલ મુજબ, અમેરિકા અને ઈઝરાયલના વળતા હુમલાઓમાં અત્યાર સુધીમાં ૨૪૩ નિર્દોષ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ જીવ ગુમાવ્યા છે, જે આ યુદ્ધની કાળી બાજુ રજૂ કરે છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મીડિયા સમક્ષ એક અત્યંત વિવાદાસ્પદ અને મહત્વનું નિવેદન આપ્યું છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે સાઉદી અરબ આ યુદ્ધમાં અમેરિકા અને ઈઝરાયલની પડખે ઊભું છે અને ઈરાન વિરુદ્ધ સક્રિયપણે લડી રહ્યું છે. ટ્રમ્પના આ નિવેદનથી ઈસ્લામિક દેશોમાં ભારે રોષ અને ટેન્શન વધવાની પૂરી શક્યતા છે.

અત્યાર સુધી સાઉદી અરબ આ મામલે સાવધ હતું, પરંતુ ટ્રમ્પના દાવાએ મિડલ ઈસ્ટના સમીકરણો સંપૂર્ણપણે બદલી નાખ્યા છે. સાથે જ અમેરિકી સંસદમાં ટ્રમ્પની યુદ્ધ લડવાની સત્તા ઘટાડવાનો પ્રસ્તાવ ત્રીજી વખત ફગાવી દેવાતા ટ્રમ્પની તાકાતમાં વધારો થયો છે.

લેબેનોન સ્થિત હિઝબુલ્લાહે દાવો કર્યો છે કે તેમણે દક્ષિણ લેબેનોનની આકાશમાં એક ઈઝરાયલી ફાઈટર જેટને જમીનથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ દ્વારા ઈન્ટરસેપ્ટ કર્યું છે. આ તરફ ઈરાકમાં પણ સ્થિતિ વણસી છે. ઈરબિલમાં અમેરિકન સૈનિકોના રહેણાંક વિસ્તાર પર ઈરાની સમર્થિત લડાકૂઓએ ભીષણ હુમલો કર્યો છે. ઈસ્લામિક રેઝિસ્ટન્સ દ્વારા શેર કરવામાં આવેલ ડ્રોન વીડિયોમાં અમેરિકાના વિક્ટોરિયા બેઝ પર થયેલા પ્રહાર સ્પષ્ટપણે જોઈ શકાય છે, જે અમેરિકી ડિફેન્સ સિસ્ટમ પર સવાલિયા નિશાન ઊભા કરે છે.

**પ્રદૂષિત** | **વિશ્વના પ્રદૂષિત શહેરો અને પીએમ ૨.૫ નું જોખમ વધ્યું, સૌથી પ્રદૂષિત દેશોની યાદી ભારતનો ક્રમ ચિંતાજનક સ્તરે**

# વર્લ્ડ એર ક્વોલિટી રિપોર્ટ અને પ્રદૂષણમાં પાક. પ્રથમ

**(એજન્સી) નવી દિલ્હી । તા. 25**

વૈશ્વિક સ્તરે પર્યાવરણીય કટોકટી કેટલી ગંભીર બની રહી છે તેનો પુરાવો તાજેતરમાં જાહેર થયેલા 'આઠમા વર્લ્ડ એર ક્વોલિટી રિપોર્ટ' માં જોવા મળ્યો છે. સ્વીસ એર ક્વોલિટી ટેકનોલોજી કંપની 'આઈક્યુએર' (IQAir) દ્વારા વર્ષ ૨૦૨૫ માટેની જે નવી યાદી જાહેર કરવામાં આવી છે, તેમાં પાકિસ્તાને પ્રદૂષણની બાબતમાં સમગ્ર વિશ્વમાં પ્રથમ ક્રમ મેળવીને લાલબત્તી ધરી છે. આ યાદીમાં ભારતનો ક્રમ છઠ્ઠો છે, જે દર્શાવે છે કે આપણે હજુ પણ શુદ્ધ હવા માટે લાંબી મજલ કાપવાની બાકી છે. આ રિપોર્ટ વિશ્વના ૧૪૩ દેશોના ૯૪૪૬ શહેરોમાં કરવામાં આવેલા ઝીણવટભર્યા સર્વે બાદ તૈયાર કરવામાં આવ્યો છે.

વૈશ્વિક અહેવાલ મુજબ, પાકિસ્તાન હાલમાં વિશ્વનો સૌથી પ્રદૂષિત દેશ છે. પાકિસ્તાન બાદ બાંગ્લાદેશ બીજા સ્થાને અને તજિકિસ્તાન ત્રીજા ક્રમે આવે છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, દક્ષિણ એશિયાના દેશોમાં હવાની ગુણવત્તા સતત કથળી રહી



છે. પ્રદૂષિત દેશોની આ યાદીમાં ચાડ ચોથા અને કોંગો રિપબ્લિક પાંચમા સ્થાને છે. આ આંકડાઓ સાબિત કરે છે કે વિકાસશીલ દેશોમાં પ્રદૂષણ નિયંત્રણના પગલાં હજુ પણ કાગળ પર જ મર્યાદિત છે.

ભારત માટે આ રિપોર્ટ ચિંતા ઉપજાવનારો છે કારણ કે વિશ્વના ચાર સૌથી વધુ પ્રદૂષિત શહેરોમાં ભારતનાં ત્રણ શહેરોનો સમાવેશ થાય છે. મીડિયા અહેવાલ મુજબ, વિશ્વના ૨૫ સૌથી પ્રદૂષિત શહેરો મુખ્યત્વે ભારત, પાકિસ્તાન અને ચીનમાં આવેલા છે. ભારતનો છઠ્ઠો ક્રમ એ સંકેત આપે છે કે શહેરીકરણ અને ઉદ્યોગોના કારણે હવામાં પીએમ ૨.૫ (PM2.5) નું પ્રમાણ જોખમી સ્તરે પહોંચી ગયું છે. આ સૂક્ષ્મ કણો ફેફસાં અને હૃદય માટે અત્યંત ઘાતક સાબિત થાય છે.

આશ્ચર્યજનક રીતે, ચીન જે એક સમયે પ્રદૂષણ માટે બદનામ હતું, તે આ યાદીમાં ૨૦મા સ્થાને ધકેલાયું છે, જેનો અર્થ છે કે ત્યાં પ્રદૂષણ ઘટાડવા માટે કડક પગલાં લેવાયા છે. વિકસિત દેશોની વાત કરીએ તો, બ્રિટન ૧૧૦મા અને અમેરિકા ૧૨૦મા ક્રમે છે. આ રિપોર્ટ તૈયાર કરવા માટે ૪૦,૦૦૦ થી વધુ રેગ્યુલેટરી મોનિટરિંગ સ્ટેશનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં સરકારી એજન્સીઓ, યુનિવર્સિટીઓ અને ખાનગી સંસ્થાઓના ડેટાનો સમન્વય કરવામાં આવ્યો છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) ના વાર્ષિક સરેરાશ પીએમ ૨.૫ માર્ગદર્શિકાને પૂર્ણ કરવામાં વિશ્વના ૧૪૩ દેશોમાંથી માત્ર ૧૩ દેશો કે પ્રદેશો જ સફળ રહ્યા છે. જેમાં ઓસ્ટ્રેલિયા, આઈસલેન્ડ, પનામા અને એસ્ટોનિયા જેવા દેશોનો સમાવેશ થાય છે.

## ભારત બ્રિટન વાયુસેના સંરક્ષણ સહયોગ, એરચીફની ગ્વાલિયર મુલાકાત

**(એજન્સી) ગ્વાલિયર । તા. 25**

ભારત અને યુનાઈટેડ કિંગડમ (UK) વચ્ચે વધતા જતા વ્યૂહાત્મક સંબંધોના ભાગરૂપે, બ્રિટિશ રોયલ એર ફોર્સના ચીફ ઓફ ધ એર સ્ટાફ, એર ચીફ માર્શલ સર હાર્વે સ્મિથે મધ્ય પ્રદેશના ગ્વાલિયર સ્થિત ભારતીય વાયુસેનાના વ્યૂહાત્મક ફાઈટર બેઝની મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય હેતુ બંને દેશો વચ્ચે સંરક્ષણ ક્ષેત્રે પરસ્પર સમજ અને સહકારને વધુ મજબૂત કરવાનો છે. મંગળવારે ગ્વાલિયર પહોંચેલા સર સ્મિથનું એર માર્શલ બી. મણિકંતન દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

બ્રિટિશ એર ચીફે ગ્વાલિયર એરફોર્સ સ્ટેશન ખાતે ભારતીય વાયુસેનાની કામગીરી અને લડાયક વિમાનોના સંચાલનનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું. તેમણે ભારતીય વાયુસેનાના એર વોરિયર્સ સાથે પણ સીધો સંવાદ કર્યો હતો. ભારતીય વાયુસેનાએ સોશિયલ મીડિયા પર આ મુલાકાતને ઐતિહાસિક ગણાવતા કહ્યું હતું કે, આનાથી બંને દેશોની વાયુસેના વચ્ચે કાર્યકારી સુસંગતતા અને આંતર-કાર્યક્ષમતામાં મોટો વધારો થશે. બ્રિટિશ એર ચીફની ત્રણ દિવસીય ભારત મુલાકાત સોમવારથી શરૂ થઈ હતી. દિલ્હીમાં તેમણે રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક પર શહીદોને અંજલિ આપી હતી અને ભારતીય વાયુસેના દ્વારા તેમને 'ગાર્ડ ઓફ ઓનર' એનાયત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ, તેમણે ભારતીય વાયુસેનાના વડા એર ચીફ માર્શલ એપી સિંઘ સાથે પણ મુલાકાત કરી હતી, જેમાં બદલાતા સુરક્ષા પડકારો અને સંયુક્ત તાલીમ કાર્યક્રમો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. મીડિયા અહેવાલ મુજબ, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) જનરલ અનિલ ચૌહાણે પણ સર હાર્વે સ્મિથ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી.

### છેલ્લા બે વર્ષમાં અમદાવાદ-સુરતમાં 201 કરોડથી વધુની ઠગાઈ : સાબરકાંઠા ડ્રગ્સ કેસમાં PSI સહિત પોલીસકર્મીઓ સામે કાર્યવાહી

# ગુજરાત વિધાનસભામાં પ્રશ્નકાળ ગરમાયો:સાયબર ફ્રોડમાં રૂ. 201 કરોડની ઠગાઈથી ગૃહ ગરમાયું; અધ્યક્ષે મંત્રીઓ અને અધિકારીઓને બરાબરના ખખડવામાં આવ્યાં...!



(એજન્સી) ગાંધીનગર | તા.24

ગુજરાત વિધાનસભાના પ્રશ્નકાળમાં સાયબર ક્રાઈમ અને ડ્રગ્સ મામલે ગૃહ ગરમાયું હતું, જેમાં અમદાવાદ અને સુરતમાં છેલ્લા બે વર્ષમાં 201 કરોડથી વધુની સાયબર ઠગાઈ થઈ હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. અમિત ચાવડા અને તુષાર ચૌધરી સહિતના ધારાસભ્યોના પ્રશ્નોના જવાબમાં સાયબર ફ્રોડના આંકડાથી લઈને સાબરકાંઠા ડ્રગ્સ કેસમાં પોલીસકર્મીઓ સામે થયેલી કાર્યવાહીની વિગતો રજૂ કરવામાં આવી હતી.

જોકે, પ્રશ્નોના જવાબોમાં મંત્રીઓ દ્વારા કરવામાં આવેલા વિષયાંતર અને અપૂરતી માહિતીને લઈને વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ કડક વલણ અપનાવી મંત્રીઓ સહિત અધિકારીઓને પણ જાહેરમાં ઠપકો આપ્યો હતો. ગૃહમાં ગંભીર ચર્ચાઓ વચ્ચે અધ્યક્ષ દ્વારા ધારાસભ્ય કેશુભાઈ પટેલને ભૂલથી કેશુબાપા સંબોધતા હાસ્યનું મોજું પણ ફરી વળ્યું હતું.

અમિત ચાવડા દ્વારા ગૃહમાં ઉઠાવાયેલા પ્રશ્નમાં ચોંકાવનારા આંકડા સામે આવ્યા. છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં 1,34,45,44,975 અને સુરત શહેરમાં 66,93,10,941 જેટલો સાયબર ફ્રોડ થયો હોવાનું ગૃહમાં જણાવાયું, જે કુલ મળીને 2,01,38,55,916 થાય છે. સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ દ્વારા અમદાવાદ શહેરના ગુન્હાઓમાં 664 આરોપીઓ પકડાયા છે, જ્યારે અમદાવાદમાં 664 અને સુરત શહેરના સાયબર ફ્રોડમાં સંડોવાયેલા 680 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. અમદાવાદમાં 49 કરોડથી વધુ અને સુરતમાં 6 કરોડથી વધુની રકમ રિકવર કરવામાં આવી છે.

તુષાર ચૌધરીએ ગૃહમાં પૂછેલા પ્રશ્નના જવાબમાં મંત્રી કૌશિક વેકરીયાએ જણાવ્યું કે, સાબરકાંઠામાં નશીલા પદાર્થોના કેસમાં જવાબદાર પોલીસ કર્મચારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. PSI, ASI, હેડ કોન્સ્ટેબલ અને પોલીસ કોન્સ્ટેબલ સામે શિસ્તભંગના પગલાં લેવાયા છે.

ધારાસભ્ય શૈલેષ પરમારના પ્રશ્નના જવાબમાં મંત્રી કમલેશ પટેલે જણાવ્યું કે, અરજદારની ઉંમર, રહેઠાણ અને સિવિલ સુપરિન્ટેન્ડન્ટ દ્વારા તપાસ થાય છે. મુંબઈ લિકર એક્ટ હેઠળ પરમિટ માટે 25,000 માસિક આવક અને છેલ્લા 8 વર્ષના ઈન્કમ ટેક્સ રિટર્ન ફરજિયાત છે.

**મંત્રીઓના અધૂરા જવાબને પગલે અધ્યક્ષનું કડક વલણ**

પ્રશ્નકાળ દરમિયાન કેટલાક મંત્રીઓ યોગ્ય જવાબ આપી શક્યા ન હોવાથી અધ્યક્ષ શંકર ચૌધરીએ કડક ટિપ્પણી કરી. મંત્રીઓને સ્પષ્ટ સૂચના આપી કે પ્રશ્નને સમજીને ચોક્કસ જવાબ આપે. અધ્યક્ષે અધિકારીઓને ખખડાવતા જણાવ્યું કે, મંત્રીઓને યોગ્ય રીતે બ્રીફ કરવી તેમની જવાબદારી છે. વિધાનસભામાં અધિકારીઓ માત્ર દર્શક બનીને બેસવા માટે આમંત્રિત નથી કરવામાં આવતા.

**'કેશુબાપા' બોલતા ગૃહમાં હાસ્યનું મોજું ફરી વળ્યું**

ધારાસભ્ય કેશુભાઈ પટેલનો પ્રશ્ન આવતા અધ્યક્ષ ભૂલથી 'કેશુબાપા' બોલી ગયા, જેના કારણે ગૃહમાં હાસ્યજનક માહોલ સર્જાયો હતો.

**ખેડાવાલાના પ્રશ્ને મંત્રી વિષયાંતરે જતાં અધ્યક્ષે રોક્યા**

ઈમરાન ખેડાવાલાના પ્રશ્નનો જવાબ આપતા મંત્રી જયરામ ગામીત વિષયાંતર જઈ રહ્યા હતા. અધ્યક્ષે તરત જ તેમને ટોકી યોગ્ય જવાબ આપવા સૂચના આપી.

### કોમર્શિયલ LPGની 10થી વધારીને 25 ટકાની ફાળવણી કરાઈ, રાજ્ય સરકારનો નિર્ણય

# 3 મહિનામાં અમદાવાદની 900 સોસાયટીને PNGના નેટવર્કમાં સમાવાશે

ગાંધીનગર | રાજ્ય સરકારના નિર્ણય અનુસાર, આગામી 3 મહિનામાં અમદાવાદની 900 સોસાયટીઓને PNG (પાઈપ્ડ નેચરલ ગેસ) નેટવર્ક હેઠળ આવરી લેવામાં આવશે, જેનાથી હજારો પરિવારોને રાંધણ ગેસની સીધી સુવિધા મળશે. આ સાથે જ ઔદ્યોગિક અને વ્યાપારિક ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે કોમર્શિયલ LPGની ફાળવણી 10 ટકાથી વધારીને 25 ટકા કરવાનો નિર્ણય કરાયો છે.

ગુજરાત રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલનો પુરતો જથ્થો પુરતા બફર સ્ટૉક ઉપલબ્ધ છે. પેટ્રોલ અને ડીઝલના વિતરણ પર કોઈ પણ પ્રકારની બાધ નથી, તેથી નાગરીકોને ખોટી ભ્રામક અફવાઓ પર ધ્યાન નહી આપવા તેમજ પેટ્રોલપંપની બહાર લાઈન નહીં લગાડવા સરકારની વિનંતી છે. પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં કોઈ વધારો કે રેશનિંગ નથી.

તેથી રાબેતા મુજબની વ્યવસ્થા જાળવી રાખવા અને સરકાર તેમજ ડીલર્સને સહયોગ આપવા સર્વેને સરકારની વિનંતી છે. કેન્દ્ર સરકાર દ્વારા LPGનો વધારે જથ્થો ઉપલબ્ધ કરાતા તેમજ શહેરી વિસ્તારમાં PNGને પ્રોત્સાહન આપવાથી ગુજરાતમાં કોમર્શીયલ LPGની ફાળવણી વધારવામાં આવેલ છે. રાજયમાં હોટલ, રેસ્ટોરન્ટ/ઢાબા, ધાર્મિક અને સામાજીક સંસ્થાઓ વગેરે જેવાં કોમર્શિયલ સિલિન્ડરનો વપરાશ કરતી સંસ્થાઓને PNG કનેક્શનમાં તબદીલ કરવાને પ્રાથમિકતા આપવામાં આવશે.

ઓઈલ માર્કેટિંગ કંપનીઓ સાથે બેઠક યોજાઈ હતી. જેમાં LPGની રાજય વ્યાપી પરિસ્થિતિને ધ્યાને લઈ ઉપરોક્ત ફાળવણીમાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. જેને ધ્યાને લઈ જયાં PNG Network ઉપલબ્ધ ન હોય ત્યાં હવે નીચે મુજબ ફાળવણી વધારવામાં આવી છે. ઉપરાંત, હવે દરેક જિલ્લામાં અગત્યના એક MSME સેક્ટર કે જે વ્યાપકપણે રોજગારી પ્રદાન કરતી હોય તેની ઓળખ કરી તેઓને 10%ની મર્યાદામાં કોમર્શિયલ LPG પૂરો પાડી શકાશે.



- ખાનગી તથા સરકારી હોસ્પિટલો 100% મુજબ
- શૈક્ષણિક સંસ્થાઓ 100% મુજબ તથા
- રજીસ્ટર્ડ વૃધ્ધાશ્રમો, અનાથ આશ્રમો, અંધજન મંડળો જેવી સંસ્થાઓને તેમજ
- જે ધાર્મિક તેમજ સામાજિક સંસ્થાઓ છેલ્લા ઓછામાં ઓછા 01 વર્ષથી ભોજનની વ્યવસ્થામાં કાર્યરત હોઈ તથા લોકોને નિયમિત ભોજન આપતી હોઈ તેનાં છેલ્લા 06 માસનાં ઉપયોગને ધ્યાને લઈ ૨૫%ની મર્યાદામાં
- આ સૂચના અનુસાર જીલ્લામાં કોમર્શીયલ એલ.પી.જી ફાળવણી ઉપલબ્ધિ અને જરૂરીયાત મુજબ ઓઈલ માર્કેટીંગ કંપનીઓ તથા જીલ્લા પુરવઠા સમિતિ દ્વારા કરવામાં આવશે.
- PNG હશે તો LPG રદ થશે
- જે પણ કોઈ વપરાશકર્તા LPG તથા PNG બંને ધરાવતા હોઈ તેમના PNG કનેક્શન ચાલુ રાખીને વપરાશમાં આવે તે સુનિશ્ચિત કર્યા બાદ LPG કનેકશન O.M.C. દ્વારા Surrender કરાવવામાં આવશે.

**PNG ઘરેલું તથા કોમર્શિયલ કનેક્શન દિન-10માં અપાશે**

જે વિસ્તારોમાં હાલના સમયે PNG નેટવર્ક મોજૂદ છે તે વિસ્તારોમાં PNG કનેક્શન માટેની પડતર અરજીઓ મંજૂર કરી PNG કંપનીઓ દ્વારા ઘરેલુ તથા કોમર્શિયલ કનેક્શન દિન-10માં આપવામાં આવશે. ત્યારબાદ L.P.G કનેક્શન O.M.C. દ્વારા સરેન્ડર કરાવવામાં આવશે.

જે સોસાયટી/વિસ્તારોમાં PNG કનેક્શન ઉપલબ્ધ હોય તેમજ ગ્રાહકો વાપરી રહેલ હોય, તે સોસાયટી/વિસ્તારોના જે ગ્રાહકો હાલ ઘરેલુ તથા કોમર્શિયલ LPG કનેક્શન ધરાવતા હોય પરંતુ PNG મેળવવા માટે અરજી કરી નથી તેઓને CGD (City Gas Distribution) કંપની દ્વારા અરજી કરાવી PNG કનેક્શન શરૂ કરવામાં આવશે. તેમજ LPG કનેક્શન સરેન્ડર કરાવવામાં આવશે. જે વિસ્તારોમાં PNG કંપનીઓનું નેટવર્ક હાલમાં મોજુદ છે, પરંતુ તે વિસ્તારમાં કે તેની નજીકમાં જે સોસાયટી નવી બનેલ હોય અથવા છૂટી ગયેલ હોય તેઓની અરજી મેળવી મંજુરી આપી C.G.D. કંપની દ્વારા PNGનું કનેક્શન શરૂ કરાવી O.M.C. દ્વારા LPGનું કનેકશન Surrender કરાવવામાં આવશે. ઉપરોક્ત કામગીરી કરવા માટે તમામ PNG કંપનીઓ તેમજ O.M.C. દ્વારા ગ્રાહકોનો ડેટા એકબીજા સાથે શેર કરી મેપીંગ કરવામાં આવી રહ્યું છે.

## ડમ્પર, ડેથ ને રેસના ફિલ્મી દ્રશ્યો

### રાહદારીને મોત આપી બેફામ ડમ્પર ભગાડ્યું, ટુ-વ્હીલર ચાલકોએ જીવના જોખમે પીછો કર્યો પણ ભાગી ગયો; અમદાવાદમાં હિટ એન્ડ રન



(એજન્સી) અમદાવાદ | તા.25

શહેરમાં વધુ એક ડમ્પર ચાલકે એક રાહદારીને ભોગ લીધો છે.વાડજ સર્કલ ખાતે વહેલી સવારે ડમ્પરે રાહદારીને અડફેટે લેતા રાહદારીનું સ્થળ પર જ મોત થયું છે. આ બનાવ બાદ સ્થાનિકોએ ડમ્પરનો પીછો કર્યો પરંતુ ડમ્પર ચાલક ફરાર થઈ ગયો હતો.બનાવ અંગે બી ડિવિઝન ટ્રાફિક પોલીસે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ વાડજમાં હનુમાનપુર ચાલીમાં રહેતા ધીરજભાઈ વહેલી સવારે ચા પીવા ગયા હતા.ચા પીને ધીરજભાઈ ચાલીને ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે પૂર ઝડપે એક ડમ્પર આવતું હતું, આ ડમ્પરે ધીરજભાઈને અડફેટે લીધા હતા.

આ અકસ્માતમાં ધીરજભાઈને શરીર અને માથાના ભાગે ગંભીર ઈજા થવાના કારણે સ્થળ પર જ મોત થયું હતું.અકસ્માત થતા આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા.અકસ્માત કરીને ડમ્પર ચાલક ડમ્પર લઈને નાસી રહ્યો હતો. કેટલાક સ્થાનિકોએ ટુ વ્હીલર ઉપર ડમ્પરનો પીછો પણ કર્યો પરંતુ ડમ્પર ચાલક ભાગી ગયો હતો.

બનાવ અંગે બી ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનના પીઆઈ જે.એચ ચૌધરીએ જણાવ્યું કે ડમ્પર ચાલક અકસ્માત બાદ ફરાર થઈ ગયો છે. પરંતુ ડમ્પરનો નંબર મેળવી લેવામાં આવ્યો છે. હાલ ફરિયાદ નોંધવાની તજવીજ ચાલી રહી છે. ફરિયાદ નોંધ્યા બાદ ડમ્પરના નંબરના આધારે ડમ્પર ચાલકની ધરપકડ કરવામાં આવશે.

વર્ષ 2021થી 2025ના જૂન સુધીમાં BRTS બસથી કુલ 610 અકસ્માત થયા છે. જેમાં 248 લોકોએ જીવ ગુમાવ્યા છે અને 224 લોકોને ગંભીર ઈજાઓ થઈ હતી. બીજીબાજુ શહેરમાં ભારે વાહનો યમદૂત બનીને રસ્તા પર ફરી રહ્યા છે. શહેરમાં ડમ્પર, સિમેન્ટ મિક્સર અને આઈસરમાંથી સૌથી વધુ અકસ્માતો આઈસર વાહનથી થયા હોવાનું સામે આવ્યું હતું.

આઈસર વાહનથી વર્ષ 2021થી 2025ના જુન માસ સુધીમાં કુલ 169 જેટલા અકસ્માત થયા હતા. જેમાં 81 લોકોએ જીવ ગુમાવ્યા છે અને 59 લોકોને ગંભીર ઈજાઓ થવા પામી છે. ભારે વાહનોમાં ડમ્પરથી પણ વધુ અકસ્માતો સર્જાયા હોવાનું જણાયુ છે.

## અમદાવાદ મંડળમાં નાગરિક સુરક્ષા વિંગ દ્વારા "વાર્ષિક દિવસ ઉજવણી"નું આયોજન



(એજન્સી) અમદાવાદ | તા.25

અમદાવાદ મંડળની નાગરિક સુરક્ષા વિંગ દ્વારા તારીખ 20.03.2026 ના રોજ ગાંધીનગર કેપિટલ રેલ્વે સ્ટેશન પરિસરમાં 'સિવિલ ડિફેન્સ એન્યુઅલ ડે' નું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય આપત્તિ વ્યવસ્થાપન અને કટોકટીની પરિસ્થતિમાં ઝડપી પ્રતિક્રિયા વિશે જાગૃતિ લાવવાનો અને નાગરિક સુરક્ષા સ્વયંસેવકોના કૌશલ્યનું પ્રદર્શન કરવાનો હતો. કાર્યક્રમમાં વરિષ્ઠ મંડળ સંરક્ષા અધિકારી અને મંડળ નાગરિક સુરક્ષા અધિકારી શ્રી ઉમેશ પ્રસાદ દ્વારા નાગરિક સુરક્ષા દળની પરેડનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. નિરીક્ષણ પછી, સ્વયંસેવકોએ વિવિધ કટોકટી બચાવ કાર્યો ના પ્રભાવશાળી પ્રદર્શનો રજૂ કર્યા, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે: ઈમરજન્સી રેસ્કયુ પદ્ધતિ દ્વારા વિવિધ સ્થળોએથી ઘાયલોને સલામત સ્થળે પહોંચાડવા. બે સમાંતર સસ્પેન્શન પદ્ધતિનો ઉપયોગ કરીને સ્ટ્રેચરનો ઉપયોગ કરીને ઘાયલ વ્યક્તિને ઊંચાઈથી સુરક્ષિત રીતે નીચે ઉતારવું. ચેયર નૉટ તકનીકનો ઉપયોગ કરીને ઘાયલ વ્યક્તિને ઊંચાઈથી સુરક્ષિત રીતે નીચે લાવવું. અગ્નિશામક ઉપકરણનો ઉપયોગ કરીને આગને ઝડપથી કાબુમાં લેવી.

## બલેનો કારચાલકે દારૂના નશામાં અકસ્માત સર્જ્યો

### શહીદ ચોક પાસે રોંગ સાઈડમાં એક પછી એક બે ગાડીઓનો ટક્કર મારી, એક ઈજાગ્રસ્ત

અમદાવાદ | અમદાવાદમાં વાનહ ચેકિંગ અને ડ્રિંક એન્ડ ડ્રાઈવ તેમજ રોંગ સાઈડ આવતા વાહનો સામે ડ્રાઈવની મોટી વાતો શહેર પોલીસ દ્વારા કરવામાં આવતી હોય છે, પરંતુ દિન પ્રતિદિન રોંગ સાઈડમાં વાહન ચલાવવા અને દારૂ પીને વાહન ચલાવવાના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. વસ્ત્રાપુરમાં શહીદ ચોક પાસે દારૂના નશામાં રોંગ સાઈડમાં કાર ચલાવી અકસ્માતની ઘટના સામે આવી છે.

રોંગ સાઈડમાં વાહન હંકારીને બે જેટલી કારને ટક્કર મારી હતી. જેમાં એક વ્યક્તિ ઈજાગ્રસ્ત થયો હતો. જેના પગલે સ્થાનિક લોકો ભેગા થઈ ગયા હતા અને કારચાલકને ઝડપી પાડ્યો હતો. કારમાંથી દારૂની બોટલ પણ મળી આવી હતી. સવારના સમયે બનેલી આ ઘટનાને લઈ દારૂ પીને વાહન ચલાવનારા તેમજ રોંગ સાઈડમાં વાહન ચલાવનારા લોકો સામે કાર્યવાહીના દાવા પોકળ સાબિત થયા છે.

શહેરના ન્યુ વાસણા વિસ્તારમાં સ્વામિનારાયણ પાર્કમાં રહેતા નિરવભાઈ ઠક્કર વહેલી સવારે પોતાની વેગેનાર ગાડી જે ટેક્સી તરીકે ચલાવે છે તેને લઈને પેસેન્જરને લેવા માટે વસ્ત્રાપુર પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે શહીદ ચોક પાસે રોંગ સાઈડમાં એક બલેનો ગાડી આવતી હતી. કારચાલકે નિરવભાઈની ગાડીને આગળના ભાગે જોરદાર ટક્કર મારી હતી. ત્યાર બાદ તેમની પાછળ આવતી બીજી એક ગાડીને પણ સામેથી ટક્કર મારી દીધી હતી, જેથી ગાડી રોકાઈ ગઈ હતી. આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા અને કારચાલકને બહાર કાઢ્યો હતો.

## અમદાવાદ મંડળ: સ્ટેશનો અને ટ્રેનોમાં વ્યાપક સઘન ટિકિટ તપાસ અભિયાન, 7 દિવસમાં 7943 કેસ નોંધાયા



(એજન્સી) અમદાવાદ | તા.25

યાત્રીઓને સુરક્ષિત, પારદર્શક અને નિયમબદ્ધ યાત્રા સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા તથા ટિકિટ વગર અને અનિયમિત યાત્રા પર પ્રભાવી નિયંત્રણ સ્થાપિત કરવા માટે પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા તારીખ 18 માર્ચ 2026 થી 31 માર્ચ 2026 સુધી એક વિશેષ, બહુ-સ્તરીય સઘન ટિકિટ તપાસ અભિયાન સુવ્યવસ્થિત રીતે ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન મંડળના મુખ્ય તથા ઉપ-મુખ્ય સ્ટેશનો તેમજ મેલ/એક્સપ્રેસ, પેસેન્જર અને ઉપનગરીય ટ્રેનોમાં સંકલિત અને નિરંતર રીતે અમલમાં મૂકવામાં આવી રહ્યું છે. ઉક્ત અભિયાન અંતર્ગત તારીખ 18.03.2026 થી 22.03.2026 દરમ્યાન કરવામાં આવેલી વ્યાપક તપાસના પરિણામે કુલ 7943 કેસ નોંધવામાં આવ્યા, જેમાંથી 56.53 લાખ થી વધુ રાજસ્વ પ્રાપ્ત થઈ છે. આ સિદ્ધિ મંડળની પ્રભાવી મોનિટરિંગ વ્યવસ્થા, સતત અમલીકરણ કાર્યવાહી અને રાજસ્વ સંરક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

## નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ છેલ્લા 2 દાયકામાં ગુજરાત બન્યું નોંધપાત્ર શહેરીકરણનું સાક્ષી



(એજન્સી) અમદાવાદ | તા.25

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આગામી 31 માર્ચ, 2026ના રોજ ગુજરાતની મુલાકાત લેશે. આ મુલાકાત દરમિયાન તેઓ શહેરી વિકાસના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. ઉલ્લેખનીય છે કે, તત્કાલીન મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2005ને શહેરી વર્ષ જાહેર કર્યું હતું, અને તે વર્ષ દરમિયાન શહેરી વિસ્તારોમાં માળખાગત સુવિધાઓના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. ગુજરાતની આ શહેરી વિકાસયાત્રાને 2025માં 20 વર્ષ પૂર્ણ થયા અને આ 20 વર્ષો દરમિયાન ગુજરાત નોંધપાત્ર શહેરીકરણનું સાક્ષી બન્યું. ગુજરાતના શહેરોનો આધુનિક સમયને અનુરુપ સુગઠિત અને સુઆયોજિત વિકાસ કરવામાં આવ્યો છે. શહેરી વિકાસની આ યાત્રાને આગળ ધપાવવા અને રાજ્યમાં વર્લ્ડ ક્લાસ સિટી ડેવલપમેન્ટને વેગ આપવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે ગત વર્ષના બજેટમાં 2025ના વર્ષને 'શહેરી વિકાસ વર્ષ' તરીકે ઊજવવાની જાહેરાત કરી હતી.

ઉલ્લેખનીય છે કે, શહેરી વિકાસની આ યાત્રા દરમિયાન રાજ્યના તમામ શહેરોમાં રોડ-રસ્તાઓ, સ્ટ્રીટ લાઈટ, પીવાના પાણીની પાઈપલાઈન, ગટર વ્યવસ્થા, શહેરી-બાગબગીચા જેવા અનેક નાગરિકલક્ષી કાર્યો પૂર્ણ કરવામાં આવ્યા છે. સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોને શહેરી વિસ્તારોમાં આવાસો પૂરા પાડવામાં આવ્યા છે. રાજ્યમાં અનેક ટાઉન પ્લાનિંગ સ્કીમોને મંજૂરી આપવામાં આવી છે, જે શહેરીકરણની પ્રક્રિયાને વેગ આપે છે. શહેરોના આયોજનપૂર્વકના વિકાસથી આજે શહેરોમાં વસતા નાગરિકો 'ઈઝ ઓફ લિવિંગ' નો અનુભવ કરી રહ્યા છે.

વિશાળ રોડ અને રેલવે નેટવર્ક, આંતરરાષ્ટ્રીય એર્પોર્ટ્સ તેમજ બંદરોના વિકાસ સાથે ગુજરાતમાં એક સુવિકસિત પરિવહન નેટવર્ક છે, જે નાગરિકોને ઉત્તમ કનેક્ટિવિટી સુવિધા પૂરી પાડે છે. આજે રાજ્યના શહેરી વિસ્તારોમાં વધી રહેલા વાહનવ્યવહારના સુચારુ સંચાલન માટે ઓવરબ્રિજ અને અંડરબ્રિજનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. ખાસ કરીને રાજ્યના ચાર મહાનગરો અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરતમાં ઓવરબ્રિજ અને અંડરબ્રિજના નિર્માણ દ્વારા એક સુદ્રઢ રોડ નેટવર્ક ઊભું કરવામાં આવી રહ્યું છે, જેનાથી નાગરિકો માટે પરિવહન સરળ બની રહ્યું છે.

રાજ્યમાં દ્વારકા અને બેટ દ્વારકાને જોડતા અત્યાધુનિક સિગ્નેચર બ્રિજ સુદર્શન સેતુનું લોકાર્પણ કરવામાં આવ્યું છે, જેની સાથે એપ્રોચ રોડ તથા પાર્કિંગની સુવિધા પણ વિકસિત કરવામાં આવી છે. હવે લોકો માટે દ્વારકાથી બેટ દ્વારકા જવું ખૂબ સરળ થઈ ગયું છે.